Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૧૧
તા.૦૬-૦૯-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૩ ભાદરવા સુદ - પુનમ
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૪ સૂર્યાસ્ત : ૦૬:૫૪

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૧.૦ | વડોદરા | ૩૨.૬ |
| અમદાવાદ | ૩૨.૩ | સુરત | ૩૧.૬ |
| ગાંધીનગર | ૩૬.૦ | નલિયા | ૩૦.૫ |

ચાંદી : ૪૦૧૦૦ સોનું : ૩૦૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ડોકલામ જેવી સ્થિતિ ટાળવા ભારત-ચીન સંમત

## મોદી અને જિનપિંગ વચ્ચે એક કલાક સુધી સફળ મંત્રણા : સેનાઓમાં પારસ્પરિક તાલમેલ વધુ સુધારવા-સંબંધોને સામાન્ય બનાવવાના મુદ્દે ભારત અને ચીન મંત્રણા વેળા સહમત

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની પ્રમુખ શી જિનપિંગ વચ્ચે આજે એક કલાક સુધી લાંબી બેઠક યોજાઈ હતી. સાનુકુળ વાતાવરણમાં યોજાયેલી આ બેઠકમાં તમામ જટિલ પાસાઓ ઉપર ચર્ચા થઇ હતી. આ દ્વિપક્ષીય બેઠકમાં સરહદ ઉપર શાંતિ સ્થાપિત કરવાના મુદ્દા ઉપર ચર્ચા થઇ હતી. આ બેઠકમાં આતંકવાદના મુદ્દે સર્વોચ્ચ મુદ્દો ન હતો. બંને દેશોના સંબંધોને લઇને વાતચીત થઇ હતી. સંબંધોને વધુ મજબૂત કરવાની દિશામાં સરહદી વિસ્તારોમાં શાંતિ સ્થાપિત કરવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. ડોકલામ અને લડાખમાં તાજેતરમાં જ ચીન અને



ભારતની સેનાઓ વચ્ચે સંઘર્ષને લઇને આ વાતચીત મહત્વપૂર્ણ પુરવાર થઇ હતી. વાતચીત થયા બાદ વિદેશ સચિવ એસ જયશંકરે પુરતી માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, દ્વિપક્ષીય વાતચીતમાં આતંકવાદના મુદ્દા ઉપર અલગરીતે ચર્ચા થઇ ન હતી. તેમણે કહ્યું હતું કે, હાલમાં ઘટનાઓના મુદ્દા ઉપર બંને દેશોની સેનાઓમાં પારસ્પરિક તાલમેલ બેસાડવાના મુદ્દા ઉપર સહમતિ થઇ હતી. ભારત અને ચીને કબૂલાત કરી હતી કે, સંબંધોને વધુ સામાન્ય બનાવવા સરહદ ઉપર શાંતિ જરૂરી છે. ડોકલામ ઉપર કોઇ વાતચીત થઇ હતી કે કેમ તે અંગે પૂછવામાં આવતા જયશંકરે કહ્યું હતું કે, આ બેઠક ભવિષ્યને ધ્યાનમાં લઇને યોજવામાં આવી હતી. જયશંકરે ડોકલામ ઉપર વાત થઇ કે કેમ તેને લઇને સીધીરીતે પ્રશ્નનો જવાબ આપ્યો ન હતો. સરહદી વિસ્તારોમાં શાંતિની ખાતરી કરવા ચર્ચા થઇ હતી. વિદેશ સચિવે કહ્યું હતું કે, આ વાતચીત આશરે એક કલાક સુધી ચાલી હતી. આના પ્રથમ હિસ્સામાં બ્રિક્સ સાથે જોડાયેલા મુદ્દા ઉપર ચર્ચા થઇ હતી. ગોવામાં બ્રિક્સ સમિટ દરમિયાન ચીને ખુબ જ મદદ કરી હતી.



વંસત બારોટ

સુરતમાં ભગવાન ગણેશ મહોત્સવના સમાપન પ્રસંગે ઠેર ઠેર વિસર્જનયાત્રા નીકળી હતી આકર્ષક શોભાયાત્રા બાદ ગણેશજીની મુર્તિનું તાપી નદીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું જે વેળાએ બહોળી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા હતા.

## વિચાર વૈભવ...

### પક્ષીઓના ગણરાજ્યમાં

જીનીવાના સરોવરની વચ્ચે રૂસોના પૂતળા પાસે બેઠો છું. સૂર્ય ઊગી રહ્યો છે. એ બાથમાં લઈ શકાય એવડો છે અને એમ કરવાનું મન થાય એટલો હૂંફાળો પણ જણાય છે. ઠંડી છે પરંતુ આપણે ત્યાં પોષ મહિનાની ઠંડીથી થોડીક જ વધારે છે. તડકો સ્વજનો જેવો લાગે તે માટે આટલી ઠંડી જરૂરી પણ છે.

સરોવરની વચ્ચેના રસ્તાઓ પર પણ મોટરો દોડી રહી છે અને સાથે રાહદારીઓ પણ ચાલતા રહે છે. પાસેના વળાંક પર એક સ્વિસ યુવતી ઊભીઊભી આ પક્ષીઓની જળક્રીડા નિહાળી રહી છે. રોજ રાબેતા મુજબ આ રસ્તેથી પસાર થનારાઓ પાસે સરોવરની આવી બધી ઘટનાઓને નીરખવાની ફુરસદ નથી હોતી એમ જણાય છે. સર્જનહારની લીલા આપણી સામે સતત જૂજવે સ્વરૂપે વ્યક્ત થયા કરે છે અને એને પક્ષીઓ જેટલી હળવાશથી જોવા માટેની નિરાંત જેમની પાસે હોય તેમને 'નવરા' અથવા તો 'નિવૃત્ત' કહેવામાં આવે છે. વીસમી સદીના આ બે અપશબ્દોથી બચવા માટે આપણે સતત રોકાયેલા રહેવું પડે છે. શામાં રોકાયેલા રહેવું એ હવે આપણા હાથની વાત નથી રહી. કેટલાંક દ્રશ્યો, પ્રસંગો અને પાત્રો એવાં હોય છે કે એમને મરતી વખતે યાદ કરવાનું મન થાય. આવું એક દૃશ્ય હું જોઈ રહ્યો છું.

એક બેઠી ખામણીની ઠીંગણી ડોસી સરોવરને એક કિનારે કઠેરા પાસે ઊભી ઊભી પક્ષીઓને કશુંક ખવડાવી રહી છે. ડોસીએ ભૂરો ઓવરકોટ અને એ જ રંગની ટોપી પહેર્યાં છે. પાસે પડેલા ત્રણ મોટા થેલાઓમાંથી કશુંક લઈને એ પક્ષીઓને વહેંચી રહી છે. કંઈ નહીં તો સો- બસો કબૂતરો ડોસીને ઘેરી વળ્યાં છે. આખું સરોવર એમના અવાજથી ભરાઈ જાય છે. બે પક્ષીઓ ડોસીની ટોપી પર બેઠાં છે; બીજાં બે ખભા પર બેઠાં છે. ડોસીના હાથમાંથી ખાવાનું પડાવી લઈને ઊડી જતાં પક્ષીઓ વળી તરત પાછા ફરીને વળી પાછું ખાવાનું મળે એની હરીફાઈમાં જોડાઈ જાય છે. કેટલાંક પક્ષીઓ તો ડોસીએ ફેંકેલો ખોરાક જમીન પર પડે તે પહેલાં ચાંચમાં ઝીલી લે છે. આસપાસ મારા જેવા દસ- બાર જણ ડોસી અને પક્ષીઓ વચ્ચેની પ્રેમસગાઈ નિહાળી રહ્યા છે. પરંતુ ડોસી તો પોતાનાં સ્વજનોમાંથી ઊંચે આવે ત્યારે અમને જુએ ને!

કેમેરા સાથે નથી તે આવી વખતે જરૂર ખૂંચે; પરંતુ જે દૃશ્ય લગભગ અડધો કલાક સુધી મન ભરીને જોયું હોય તેને કાયમી બનાવવા માટે કેમેરાની જરૂર ભાગ્યે જ પડે! આ ઘટના બીજાઓને બતાવવામાં કેમેરા ખપ લાગે એ ખરું. જીનીવામાં બીજું જે કાંઈ જોયું તે કદાચ ભૂલી જવાય એમ બને, પરંતુ પક્ષીઓને ચણ ખવડાવતી એ સ્વિસ ડોસી અને એનાં લાડકાં પક્ષીઓ કદી નહીં ભુલાય!

ગુણવંત શાહ

## સાર સમાચાર...

### લાલૂની પુત્રી મિસાના ફાર્મ હાઉસને ટાંચમાં લેવાતા ચકચાર

નવીદિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા આક્રમક કાર્યવાહી કરીને આરજેડીના પ્રમુખ લાલુ પ્રસાદ યાદવની પુત્રી મીસા ભારતી અને તેમના પતિ શેલેશ કિમારના ફાર્મ હાઉસને ટાંચમાં લઈ લેતા ખળભળાટ મચી ગયો છે. લાલુ પ્રસાદ યાદવ પરિવારની સામે હાલ તકલીફ અકબંધ રહે તેવી શકયતા છે. કારણ કે બેનામી સંપત્તિના મામલે તેમની સામે તપાસ કરવામાં આવી રહી છે. પીએમએલએ હેઠળ કરવામાં આવી રહેલી કાર્યવાહીનો મતલબ એ છે કે મીસા ભારતી હવે આ ફારામ હાઉસનો ઉપયોગ કરી શકશે નહીં. આ ફાર્મ હાઉસ દિલ્હીમાં પાલમના બિજવાસનમાં સ્થિત છે. હકીકતમાં કરોડો રૂપિયાના બેનામી સંપત્તિના મામલે મીસા ભારતી અને તેમના પતિ શેલેશ કુમાર ઈડીના રડાર પર છે. કેટલાક દિવસ પહેલા જ ઈડીએ ૮૦૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના મામલે તેમની સામે દરોડા પાડ્યા હતા. બનાવટી કંપનીઓની સંડોવણીવાળી મની લોન્ડરિંગ તપાસ હેઠળ આઠમી જુલાઈના દિવસે કેન્દ્રિય તપાસ સંસ્થાએ મીસા, શેલેશના દિલ્હી સ્થિત ત્રણ સંકુલો પર દરોડા પાડ્યા હતા. સાથે સાથે તેમની સાથે સંબંધ ધરાવનાર એક કંપની પર પણ દરોડા પાડ્યા હતા. મીસા, તેમના પતિના નામથી નોંધવામાં આવેલા ત્રણ ફાર્મ હાઉસ અને મિશેલ પ્રિન્ટર્સ એન્ડ પેકર્સ પ્રાઈવેટ લિમિટેડના સંકુળમાં ઈડી દ્વારા તપાસ કરવામાં આવી હતી. મીસા અને તેના પતિ કથિતરીતે કંપનીના નિર્દેશક તરીકે હતા. આ સમન્સ અને તપાસ ૮૦૦૦ કરોડ રૂપિયાની મની લોન્ડરિંગ તપાસ સાથે સંબંધિત છે. આ તપાસ ઈડી દ્વારા દિલ્હી સ્થિત કારોબારી બંધુ સુરેન્દ્ર કુમાર જૈન અને વીરેન્દ્ર કુમાર જૈનની સામે કરવામાં આવી હતી.

જીવલેણ ગેમ પર રોક માટે સરકાર કાર્યવાહી કરે છે

# બ્લ્યુ વ્હેલ ગેમ પર પ્રતિબંધ માટે સરકારે અંતે કમરકસી

## કાનૂની વિકલ્પ સહિતના મુદ્દે સરકારની ગંભીર વિચારણા જરૂર પડશે તો વટહુકમ લાવી ગેમ ઉપર પાબંદી : રૂપાણી

અમદાવાદ

અમદાવાદ સહિત રાજયમાં નિર્દોષ નાગરિકોના જીવ લેનારી રશિયાની ખતરનાક અને જીવલેણ બ્લ્યુ વ્હેલ ગેમને પ્રતિબંધિત કરવા ગુજરાત સરકારે આખરે કમર કસી છે. રાજય સરકાર ટૂંક સમયમાં જ આ ખતરનાક એવી બ્લ્યુ વ્હેલ ગેમ પર પાબંદી ફરમાવી દે અને બંધ કરાવે તેવી શકયતા છે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ બ્લ્યુ વ્હેલ ગેમને બંધ કરાવવાની વાતને સમર્થન આપતાં જણાવ્યું હતું કે, સરકાર આ સમગ્ર મામલે ગંભીરતાપૂર્વક પ્રયાસો કરી રહી છે અને ટૂંક સમયમાં જ તેને બંધ કરાવવાનો નિર્ણય લેવાશે. નાગરિકોની સુરક્ષા ખૂબ જરૂરી છે અને તેથી જરૂર પડયે સરકાર વટહુકમ લાવીને પણ આ ગેમ બંધ કરાવશે. ઉલ્લેખનીય છે કે, મદ્રાસ હાઇકોર્ટે તાજેતરમાં જ ત્યાંની સરકારને બ્લ્યુ વ્હેલ મામલે થયેલી પિટિશનમાં આ જીવલેણ ગેમ બંધ કરવાની દિશામાં પ્રયાસ કરવા તાકીદ કરી છે અને ગુજરાત સહિત દેશના અન્ય રાજયોમાં પણ નાગરિકોની ખાસ કરીને બાળકો અને મહિલાઓની સુરક્ષાને લઇ આ ખતરનાક ગેમ પર પાબંદી મૂકવાની માંગણી બળવત્તર બની છે ત્યારે આજે રાજયના મુખ્યપ્રધાન વિજયભાઇ રૂપાણીએ આ ખતરનાક બ્લ્યુ વ્હેલ ગેમને લઇ રાજય સરકારનું વલણ સ્પષ્ટ કર્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, બ્લ્યુ વ્હેલ ગેમના કારણે અમદાવાદ સહિત રાજયના નાગરિકોના મોતની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે અને તેથી સરકારે આ સમગ્ર મામલાને ગંભીરતાથી લીધો છે. સરકાર આ ખતરનાક અને જીવલેણ ગેમ પર કેવી રીતે પ્રતિબંધ મૂકી શકાય અને કેવી રીતે તે બંધ કરી શકાય તેના કાયદાકીય વિકલ્પો સહિતના પાસાઓ પર વિચાર કરી રહી છે. ખાસ કરીને બાળકો માટે આ ગેમ ખતરનાક અને જીવલેણ હોઇ આ મામલે સરકારે ગૃહવિભાગને જરૂરી આદેશો આપ્યા છે. નાગરિકોની સુરક્ષા સરકાર માટે સૌથી પહેલી પ્રાધાન્યતા છે અને તેથી બ્લ્યુ વ્હેલ ગેમ ટૂંક સમયમાં જ પ્રતિબંધિત કરવાની પ્રક્રિયા પૂર્ણ કરાશે.

### ડેરા સચ્ચાના હેડક્વાર્ટર્સની ચકાસણીના આખરે આદેશ

ચંદીગઢ

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ડેરા સચ્ચા સૌદાના હેડક્વાર્ટર્સની ચકાસણીની મંજુરી આપી દીધી છે. હવે પોલીસ દ્વારા ડેરા સચ્ચા સૌદાના હેડક્વાર્ટર્સની તપાસ કરવામાં આવનાર છે. હાઈકોર્ટના આજના આદેશને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સિરસા સ્થિત ડેરા હેડક્વાર્ટર્સમાં સર્ચ ઓપરેશન કોઇ જ્યુડિશિયલ અધિકારીની દેખરેખ હેઠળ ચલાવવામાં આવશે.

# રાજયની ૧૬૦૯ શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અમલમાં

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતની શાળાઓમાં ડિજિટલ ક્રાંતિના પગરણ રૂપ જ્ઞાનકુંજ પ્રોજેક્ટનો શિક્ષક દિને રાજયવ્યાપી પ્રારંભ કરાવતા જાહેર કર્યું કે, રાજય સરકારે આ વર્ષના બજેટમાં ફેબ્રુઆરીમાં જે વિવિધ યોજનાઓ જાહેર કરી હતી. તે બધી જ સપ્ટેમ્બર માસ સુધીમાં કાર્યાન્વિત કરી દીધી છે. રાજયમાં શિક્ષણની ગુણવત્તા સુધરે અને રાજયના વિદ્યાર્થીઓ વૈશ્વિક સ્તરનું શિક્ષણ મેળવી દુનિયા સાથે કદમ મિલાવી શકે તે માટે રાજય સરકારે ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નદ્રષ્ટા વડાપ્રધાન મોદીની પ્રેરણા થકી ગુજરાતે શિક્ષણ ક્ષેત્રે પહેલ કરી છે. રાજયની ૧૬૦૯ શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ દ્વારા ટેબલેટ અને અદ્યતન ટેકનોલોજી દ્વારા ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓને વર્ચ્યુઅલ શિક્ષણ અપાશે. આજે રાજયના ૧૨ જિલ્લાઓની ૫૦૮ સરકારી શાળાઓમાં આ પ્રોજેક્ટનો શુભારંભ થયો છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે, ૩૫.૮૫ કરોડના ખર્ચે જ્ઞાનકુંજ પ્રોજેક્ટના આરંભથી રાજયની ૧૬૦૯ શાળાઓના ધોરણ-૭ અને ૮ના ૩૧૭૩ વર્ગખંડોના વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્ટુડન્ટ બનાવવા છે. શાળા દીઠ ૨ લાખ ૨૨ હજારના ખર્ચે આ પ્રોજેક્ટ શરૂ થયો છે. તેમણે ઉમેર્યું કે, વિદ્યાની દેવી મા સરસ્વતીના હાથમાં વીણા રહેલી છે તેમ ગુજરાતની શાળાઓના વિદ્યાર્થીઓના હાથમાં ટેબ્લેટ જેવા અદ્યતન ઉપકરણોથી વિશ્વનું શ્રેષ્ઠ જ્ઞાન તેની આંગળીના ટેરવે મુક્યું છે.

# થરાદમાં કેશડોલ્સના મુદ્દે વોર્ડ નંબર ૨ અને ૩ ના રહીશો ભુખ હડતાળ ઉપર

## સર્વે કરવા છતાં પણ સહાય નહી મળતાં ૧૬ પુરૂષો ના.કલેક્ટર કચેરીમાં બેસી ગયા,મહિલાઓ પણ પ્રતિક ઉપવાસમાં જોડાઇ

થરાદ

થરાદ નગરમાં ગત જુલાઇમાં આવેલા પુર બાદ સહાય ન મળ્યાનો વ્યાપક અસંતોષ ઉઠવા પામ્યો હતો.જે અંગે વારંવાર રજુઆતો બાદ પણ હૈયાધારણ સિવાય કશુ નહી મળતાં વોર્ડ નંબર બે અને ત્રણ ના રહીશો મંગળવારે આવેદનપત્ર આપીને નાયબ કલેક્ટર કચેરીમાં ભુખ હડતાળ પર ઉતરી ગયા હતા.જેમાં મહીલાઓ અને અન્ય પુરુષો પણ પ્રતિક ઉપવાસ પર જોડાયા હતા.જે પૈકી એક નગર સેવક આમરણ ઉપવાસ પર બેઠાછે.

સર્વે થયા બાદ પણ સહાય નહી મળતાં નગરમાં રેલી અને આવેદનપત્રો આપવા છતાં નગરના વોર્ડ નંબર બે અને ત્રણના રહીશો મંગળવારથી નાયબ કલેક્ટર કચેરીમાં ભુખ હડતાળ પર ઉતરી ગયા હતા.તે પુર્વે થરાદ તાલુકા કૉંગ્રેસ સમિતીના પ્રમુખ આંબાભાઇ સોલંકી પાલિકાનાપુર્વ



વિષ્ણુ દવે

પ્રમુખ પથુભાઇ રાજપુત સહીત કાર્યકરોએ થરાદના મામલતદારને આવેદનપત્ર પણ આપ્યુ હતું.જેમાં શહેરમાં સર્જાયેલી પુરની પરિસ્થતીમાં સરકાર દ્વારા અસરગ્રસ્તોને સહાય ચુકવવાની જાહેરાત કરતાં કર્મીઓની ટીમોએ સર્વે કરીને ફોર્મ ભર્યા છતાં પણ સહાય નહી આપીને અન્યાય કર્યો હતો.આથી આવા પરિવારોને ન્યાય નહી મળે ત્યાં સુધી હડતાળ પર બેસનાર ૧૬ નાગરીકોની યાદી આપી આંદોલન ચાલુ રાખશે તેમ જણાવ્યું હતું.જોકે મામલતદાર જે સી ગરાસીયાએ તેમને ન્યાય અપાવવાના પ્રયાસો કરશે તેમ કહી આંદોલન નહી કરવાનું જણાવતાં રહીશોએ લેખિતમાં ખાત્રી આપો તો નહી બેસીએ તેમ જણાવ્યું હતું.આથી સમાધાન થયું ન હતું.

નગરના વોર્ડ નંબર ૨ ના સદસ્ય અને કૉંગ્રેસના શહેર પ્રમુખ હાજીભાઇ સીપાઇએ નગરના અનેક ખોટા માણસો સહાય લઇ ગયા હોય અને સાચા રહી ગયા હોઇ આવા શહેરના વિવિધ વોર્ડમાં મળીને ૧૦૦૦ જેટલા રહીશોને સહાય નહી મળે ત્યાં સુધી તેઓ આમરણ ઉપવાસ પર બેસવાના હોવાનું જણાવ્યું હતું.વોર્ડ ના આ આંદોલનમાં મહીલાઓ પણ પ્રતિક ઉપવાસમાં જોડાઇ હતી. થરાદ તાલુકા કૉંગ્રેસ સમિતીએ પણ આંદોલનને સમર્થન આપતાં તાલુકા સમિતીના પ્રમુખ આંબાભાઇ સોલંકીએ બેનર પોસ્ટર સહિતની કામગીરી હાથ ધરી આંદોલનને વધારે આક્રમક બનાવવાના પ્રયાસો કરતાં તંત્રમાં પણ દોડધામ મચવા પામી હતી.

# પાલનપુરના ખાનગી તબીબને ત્યાં બાળકીના મોતથી હોબાળો

## પરિવારજનોએ સ્ટાફ પર આક્ષેપ કર્યા

પાલનપુર

પાલનપુરની એક ખાનગી હોસ્પિટલમા સ્ટાફની બેદરકારીએ આઠ માસની બાળકી મોતને ભેટી હોવાનો આક્ષેપ કરી પરિવારજનો એ હોબાળો મચાવ્યો હતો.

પાલનપુરના લક્ષ્મીપુરાની ખુશ્બૂ મિલનભાઈ પ્રજાપતિ ને ગતરોજ સારવાર અર્થે ખાનગી તબીબ મગન પટેલને ત્યાં ખસેડાઇ હતી. જ્યાં રાત્રે સ્ટાફ દ્વારા બાળકીને ચડાવેલી બોટલ ફાસ્ટ કરી દેતા બાળકી ની હાલત નાજુક બની હતી. જ્યારે પરિવારજનોએ રાત્રે ડોકટર ને બોલાવવવાની માંગ કરી ત્યારે સ્ટાફ દ્વારા આડોડાઈ કરી ડોકટર ને બોલાવાયા ન હોવાના આક્ષેપો સાથે પરિવારજનોએ જણાવ્યું હતું કે સ્ટાફના તુમાખી ભર્યા વર્તન અને બેદરકારીને પગલે બાળકીએ રાત્રે છેલ્લા શ્વાસ છોડ્યા હતા.



સંજય જોષી

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
● માથાનો દુ:ખાવો ● ખેંચ-વાઈ ● લકવો-પક્ષાઘાત ● મગજનો ટીબી ● ચક્કર ● ગરદન અને કમરના મણકાની તકલીફો ● યાદશક્તિ ઓછી થવી ● હાથપગની ધ્રુજારી ● નસોની નબળાઈ ● હાથપગમાં ઝણઝણાટી ● સાયેટીકા
ડૉ. વિશાલ જોગી (D.M.Neurology ન્યુરોફીઝીશિયન)
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર મહિનાના બીજા અને ચોથા બુધવારે મળશે
પાટણ જનતા હોસ્પિટલ
સરદાર રોડ, પદ્મેલા રેલ્વે નાળા પાસે, પાટણ-૩૮૪૨૬૫ ફોન. ૦૨૭૬૬-૨૩૪૨૦૦, ૨૩૦૪૦૧
સમય : સવારે ૧૦-૦૦ થી બપોરે ૨-૦૦ કલાક સુધી
દર શુક્રવારે મળશે
ડીસા-રાજસ્થાન હોસ્પિટલ
ડૉ. કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરી સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા ફોન. ૦૨૭૪૪-૨૨૫૬૨૦

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી કપુરજી સમરતાજી (જાટ) નેણનું દુઃખદ અવસાન તા.૨૫/૮/૧૭ ને શુક્રવાર (ગણેશ ચતુર્થી) ના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં, સદ્ગતનું બેસણું તા.૭/૯/૧૭ ને ગુરૂવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્વ.કપુરજી સમરતાજી (જાટ) નેણ
માજી સરપંચ, ચાવરપુરા
તા.૨૫-૦૮-૨૦૧૭

સ્થળ : ફાર્મ હાઉસ, જય જોગમાયા પ્રા.શાળાની બાજુમાં, ચાવરપુરા, તા.ડીસા
મો.૯૪૨૬૦૩૭૯૬૦

લિ.

નેણ નરશીભાઈ કપુરજી - પુત્ર
નેણ રમેશભાઈ કપુરજી - પુત્ર
નેણ દિનેશભાઈ કપુરજી - પુત્ર
નેણ ભોમાજી સમરતાજી - ભાઈ
નેણ મફાજી સમરતાજી - ભાઈ
નેણ કશનાજી સમરતાજી - ભાઈ

નેણ કરનાજી ભોમાજી - ભત્રીજા
તથા સમસ્ત નેણ પરિવાર - ચાવરપુરા

સૂર્યોદય - ૬.૨૪ સૂર્યાસ્ત - ૬.૫૪

## તિથિદર્શન
ભાદરવા સુદ-૧૫ બુધવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા સુદ : પુનમ બુધવાર પંચક નક્ષત્ર : શતતારા બપોરે ૧૨.૫૭ પછી પૂર્વ ભાદ્રપદ યોગ: ધૃતી કરણ: બાલવ આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**દ્વારિ પ્રવિષ્ટ: તત: કિં? દૃષ્ટ:**
**પ્રભુ: સ્મરે મુખ સ્તત: કિમ્**
**કથા શ્રુમા શ્રોત્રરસા તત: કિંમ,**
**વ્યથા ન શાન્તા યદિ જાઠરિયા**

'સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો શ્લોક છે: 'રાજદરબારમાં (પ્રધાનશ્રીની કચેરીમાં) ધારો કે (પીએના પરિચયને કારણે પ્રવેશ મળી જાય અને રાજા (પ્રધાનશ્રી) ના 'હસતા ચહેરા' ના દર્શન થઈ પણ જાય, પણ તેથી શું? અને કાનને પ્રિય લાગે એવાં બે વચન સાંભળવા પણ મળે. (કે હા, હું જોઈ લઈશ. તપાસ કરાવીશ વગેરે) પણ એથી શું? જો બધાને અંતે જઠરાગ્નિ તૃપ્ત થાય એવી આર્થિક સહાય ન મળે તો એનો કોઈ જ અર્થ નથી, બધું વ્યર્થ જ છે.' ચૂંટણીની મોસમમાં કે ગામ/શહેરમાં પધરામણી થઈ હોય ત્યારે રાજા- પ્રધાનશ્રી મીઠું- મીઠું બોલે, વચનો આપી જાણે આવતી કાલે જ કામ કરી આપવાના હોય એટલો પ્રેમ- ઉમળકો દર્શાવે પણ 'સચિવાલય' પહોંચતાં જ 'અજ્ઞાન' શાકુંતલની જેમ આપેલાં બધાં જ વચન ભૂલી જાય અને આપણે ફરી રૂબરૂ વાત યાદ અપાવીએ તો ઓળખે જ નહીં... પ્રધાનઓ લગભગ તો મળે જ નહીં, મળે તો મીઠા જવાબ સિવાય કંઈ આપી નહીં. પ્રજાને વચનો- આગાહીઓ - જાહેરાતોની જરૂર નથી. માત્ર બે ટંક ખાવાનું અને છાપરું મળી રહે તોપણ ઘણું, એના વિના બધું નકામું.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)નવિન કામગીરીમાં પ્રગતિ થાય. લાભની તક સાંપડે..**
**વૃષભ : (બ.વ.ઉ.)વિશ્વાસે વહાણ ન ચલાવવું. જીવનસાથીનો સહકાર મળે.**
**મિથુન :(ક.છ.ઘ.) પ્રવાસમાં હાનિ, કાર્યબોજમાં વધારો થાય.**
**કર્ક : (ડ.હ.) મનમાં અશાંતિ અનુભવાય. ખટપટમાં ન પડવું હિતાવહ.**
**સિંહ : (મ.ટ.) કાર્યમાં સફળતા મળે. અણધાર્યો લાભ થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) વ્યર્થ દોડા-દોડી રહે. મનમાં મૂંઝવણ રહે.**
**તુલા : (ર.ત.) ધીરજ અને ખંતપૂર્વક કાર્ય કરવું. આર્થિક લાભનો યોગ છે.**
**વૃશ્ચિક :(ન.ય.) નાણાંકીય પરિસ્થિતિમાં સુધારો થાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.**
**ધન : (ભ.ફ.ધ.) ખર્ચ પર કાબુ રાખવો. માનસિક ચિંતા હળવી બને.**
**મકર : (ખ.જ.) કાર્યમાં સફળતા મળે. વેપાર-વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા મળે.**
**કુંભ : (ગ.શ.સ.) મનમાં આનંદ-ઉત્સાહ રહે. પ્રવાસ-પર્યટનમાં સફળતા મળે.**
**મીન : (દ.ચ.જ.થ.)એક સાંધો ત્યાં તેર તૂટે, ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

અમેરિકાની એક મહાન મહિલા અને અમેરિકાના 'હલહાઉસ' (મહિલા શ્રમ)પ્રવૃત્તિના નિર્માતા શ્રીમતી જેઈન એડમ્સની જન્મજયંતી છે. આ મહાન સન્નારી વિશે ચાર્લ્સ ઈ. મિરીયામ નામના રાજયશાસ્ત્રમાં અધ્યાપકે કહ્યુ કે, તેઓ ખાતા વગરના પ્રધાનપ ખુરશી વગરના વ્યાખ્યતા અને પુરૂષે બનાવેલ દુનિયાને દોરનાર નારી હતા. એમનો જન્મ અમેરિકાના ઈલિનોય પરગણાના સિવિર્લેમાં ૬-૯-૧૮૬૦ ના રોજ થયો હતો.

'હલ હાઉસ' ના ઉપક્રમે તેમણે જીવનના છેલ્લા શ્વાસ સુધી નારી ઉદ્ધારની ઉમદા સેવા બજાવેલી. તેમને આવી જીવનભરની કામગીરી બદલ ઈ.સ. ૧૯૩૧નું શાંતિ માટેનું નોબેલ પારિતોષિક મળેલું.

તા. ૨૧-૫-૧૯૩૫ ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2008 CERTIFIED
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
+91 99793 80808

## નિફ્ટી ફ્યુચર ૧૦૦૧૭ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

**તા ૦૫.૦૯.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૯૭૫) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૯૯૯ પોઈન્ટના પ્રથમ અને ૧૦૦૧૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૯૪૭ પોઈન્ટ થી ૯૯૩૦ પોઈન્ટ, ૯૯૧૭ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૦૧૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ACC લિમિટેડ (૧૮૧૨) :- સિમેન્ટ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૯૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૮૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૩૭ થી રૂ.૧૮૪૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૪૮ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) લાર્સન લિમિટેડ (૧૧૩૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૨૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૧૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૪૪ થી રૂ.૧૧૫૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) મહેન્દ્રા & મહેન્દ્રા (૧૩૩૧) :- રૂ.૧૩૧૭ પ્રથમ તેમજ રૂ.૧૩૦૯ ના બીજા સપોર્ટથી ઓટો સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૪૭ થી રૂ.૧૩૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) લ્યુપિન લિમિટેડ (૯૯૩) :- ફાર્મા સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૦૦૭ થી રૂ.૧૦૧૭ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૮૧ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) HCL ટેક્નોલોજી (૮૬૦) :- રૂ.૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮૪૪ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ટેક્નોલોજી સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૮૭૪ થી રૂ.૮૮૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) મારુતિ ઉદ્યોગ (૭૮૫૫) :- ટેક્નીકલ ચાર્ટ મુજબ ઓટો સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૯૦૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૮૦૮ થી રૂ.૭૭૬૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૭૯૩૦ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૧૬૩૫) :- રૂ.૧૬૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૬૬૧ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૬૧૭ થી રૂ.૧૬૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૬૬૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) કોટક બેન્ક (૯૮૯) :- બેન્ક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૦૬ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૯૭૪ થી રૂ.૯૬૫ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) બાટા ઇન્ડિયા (૬૯૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફૂટવેર સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૦૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૭૬ થી રૂ.૬૬૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૭૧૩ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) રિલાયન્સ ઇન્ફ્રા (૫૦૮) :- રૂ.૫૧૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૨૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૪૯૦ થી રૂ.૪૮૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૨૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# વી.કે.વાઘેલા હાઈસ્કુલનાં પ્રાથમિક વિભાગમાં શિક્ષકદિનની ઉજવણી

તા.પ્રતિનિધિ દિયોદર

પમી સપ્ટેમ્બરે ડૉ. સર્વપલ્લી રાધકૃષ્ણનનાં જન્મદિવસને શિક્ષ-કદિન તરીકે ઉજવાય છે.ત્યારે દિયોદરની વી.કે.વાઘેલા હાઈસ્કુલનાં પ્રાથમિક વિભાગમાં તા.૪ સપ્ટેમ્બરના રોજ ધોરણ ૬,૭ અને ૮નાં બાળકોએ સ્વંય શિક્ષક દિનની ઉજવણીમાં ભાગ લઈ પોતાના સહાધ્યાયી મિત્રોને ભણાવ્યું હતું.સમગ્ર આયોજનમાં સોલંકી હરેશભાઈ,નાઈ રઘુભાઈ અને સીતાબેન દેસાઈ એ સ્વંય શિક્ષકદિનમાં સારાં શિક્ષણકાર્ય બદલ ૧ થી ૩ નંબર આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

# ડીસા તાલુકા યુવા ભાજપના વિવિધ સેલની રચના

ડીસા

ભારતીય જનતા પાર્ટી, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર તથા મહામંત્રીઓ બાબરસીંગ વાઘેલા તથા રમેશભાઈ દેસાઈ તથા યુવા મોરચાના પ્રમુખ હરેશભાઈ ચૌધરી તથા મહામંત્રી રામસિંગભાઈ રાજપુત તથા પ્રકાશભાઈ ઠાકોર તથા ડીસા તાલુકાના યુવા મોરચાના પ્રમુખ વિપુલભાઈ દવે તથા મહામંત્રી મિતેશકુમાર મિસ્ત્રી સાથે પરામર્સ કરી ડીસા તાલુકા યુવા મોરચાના વિવિધ સેલના સદસ્યોની નિમણુંક કરેલ છે.

જેમાં આઈટી સોસીયલ મીડીયા સેલ: રાજુભાઈ રાજગોર(ભીલડી), નરેશભાઈ મેવાડા (આખોલ), પારસભાઈ ત્રિવેદી (રામસણ). રમતગમત સેલ:- કિશોરભાઈ ટાંક(માલગઢ), પ્રેમજીભાઈ ઠાકોર (જોરાપુરા), લેબાભાઈ નાઈ (દામા). યુવા બુથ સૈનિક પ્રકાશજી ઠાકોર (રમુણ), વિકાન્તભાઈ અનાવાડીયા (જુનાડીસા), પંકજ સીતારામ ઠક્કર (ઝાબડીયા). મીડીયા સેલ:- વિષ્ણુભાઈ સુથાર (રામપુરા), મહાવીરભાઈ શાહ(થેરવાડા), રાજુભાઈ રાવળ(ઝેરડા).

રોજગાર સેલ:- ગોવિંદભાઈ માળી (ભડથ ગોળીયા), હરેશભાઈ ચૌધરી (ટેટોડા), હિમાંશુભાઈ બારોટ (ઝેરડા). પ્રશિક્ષણ સેલ:- દિનેશભાઈ ચૌધરી (ભાચરવા), ભવનસિંહ દરબાર (રાણપુર), પ્રકાશભાઈ ચાવડા (મહાદેવિયા). રચનાત્મક સેલ:- જીતેન્દ્રભાઈ ત્રિવેદી (પેછડાલ), નાનજીભાઈ સુથાર(ગુગળ), પરેશભાઈ માળી (મોરથલ ગોળીયા). યુવા આંત્રપ્રિન્યોર સેલ:- ચેતનભાઈ શ્રીમાળી (આસેડા), ભૈરવભાઈ સુથાર (શેરપુરા), દિનેશભાઈ સોલંકી (ગણેશપુરા). કેન્દ્ર અને રાજ્ય સરકાર યોજના સેતુ સેલ :- ધવલભાઈ શ્રીમાળી (લોરવાડા), ભુપેન્દ્રભાઈ માળી (માલગઢ), ગણેશભાઈ ઠાકોર (કંસારી). સ્વચ્છતા અભિયાન બેટી બચાવો બેટી પઢાઓ :- નવિનભાઈ ગેલોત (ગેનાજી ગોળીયા), પ્રકાશભાઈ ઠાકોર (નાગફણા), વિપુલભાઈ દરજી (ભીલડી) ની વરણી કરાઈ છે.

# થરા વિનય વિદ્યામંદિર ખાતે શિક્ષક દિનની ઉજવણી

તા.પ્રતિ. થરા

પાંચમી સપ્ટેમ્બર ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણજી જે ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિને બીજા રાષ્ટ્રપતિ એવા શિક્ષક નો જન્મ દિવસ શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે.ગઈકાલે દેશભરમાં શિક્ષક દિને પ્રાથમિક શાળામાંથી માંડી કોલેજ સુધીના વિદ્યાર્થીઓએ સ્વયં શિક્ષણ કરી શિક્ષક દિનની ઉજવણી કરી કાંકરેજ તાલુકા આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી થરા વિનય વિદ્યા મંદિર ખાતે મંડળના પ્રમુખ અણદાભાઈ પટેલની સુચનાથી આચાર્ય એમ.ડી.પટેલના માર્ગદર્શન હેઠળ સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ૪૦ જેટલા વિદ્યાર્થીભાઈ-બહેનોએ ભાગ લીધો.આચાર્ય તરીકે તુલસી દેસાઈ, સુપરવાઈઝરમાં અર્થ ઠક્કર, વિશ્વરાજ વાઘેલાએ સારી ભૂમિકા ભજવી અન્ય સહાધ્યાયીઓ મદદનીશ શિક્ષક બન્યા હતા.દિવસભર શિક્ષક તરીકે શૈક્ષણિક કાર્ય કરાવ્યુ હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન મદદનીશ શિક્ષક એન.બી.શેખલીયાએ કર્યુ હતુ.

# ડીસા તા.યુવા મોરચાના વિશેષ આમંત્રિત કારોબારી સદસ્યોની નિમણુંક

ડીસા

ભારતીય જનતા પાર્ટી, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર તથા મહામંત્રીઓ બાબરસીંગ વાઘેલા તથા રમેશભાઈ દેસાઈ તથા યુવા મોરચાના પ્રમુખ હરેશભાઈ ચૌધરી તથા મહામંત્રી રામસિંગભાઈ રાજપુત તથા પ્રકાશભાઈ ઠાકોર તથા ડીસા તાલુકાના યુવા મોરચાના પ્રમુખ વિપુલભાઈ દવે તથા મહામંત્રી મિતેશકુમાર મિસ્ત્રી સાથે પરામર્સ કરી ડીસા તાલુકા યુવા મોરચાના વિશેષ આમંત્રિત કારોબારી સદસ્યોની નિમણુંક આ મુજબ કરેલ છે.

જેમાં ઘનશ્યામભાઈ નાઈ (ઝેરડા), અશોકભાઈ ચૌધરી (વાસણા), ઉર્વિશભાઈ સોલંકી (વરણ), વિષ્ણુભાઈ દેસાઈ (બલોધર), વિરમસિંગ જાદવ (સમૌમોટા), ભરતજી ઠાકોર (રામપુરા), લેબાભાઈ રબારી (વરણ), પ્રવિણભાઈ નાઈ (સાંડીયા), અશોકભાઈ ભુનેજા (ભોયણ), માલજીભાઈ દરબાર (જેનાલ), ભરતભાઈ દેસાઈ (વિરૂણા), દિલીપભાઈ મોદી (ભીલડી), રતનસીંગ સોલંકી (છત્રાલા), રાણાભાઈ રબારી (ચોરા), મેહુલભાઈ ઓઝા (ભોયણ), સરતનજી ઠાકોર (ખેંટવા), સેંધાભાઈ ચૌધરી (પમરૂ), શૈલેષભાઈ ગજ્જર (શેરપુરા), રાવતુભા દરબાર (રોબસ), મહેશભાઈ ઠાકોર (નાના રસાણા), રાજુભાઈ નાઈ (રસાણા) ની વરણી કરાઈ છે.

# આર્ટસ કૉલેજ લવાણામાં નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ


હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

તા. ૩૧/૦૮/૨૦૧૭ ને ગુરૂવારના રોજ ''આર્ટસ કોલેજ લવાણા (લાખણી) ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકર અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર) અંતર્ગત કોલેજના અધ્યાપક પ્રા.ડી.કે.રાજપુત અને પ્રો.પી.આર. શ્રીમાળીના નેતૃત્વ હેઠળ ''નિબંધ લેખન સ્પર્ધા'' યોજાઈ. જેમાં ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સદર કાર્યક્રમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરનું જીવન અને ઘડતર, બંધારણ ઘડતરમાં ડૉ. આંબેડકરનું પ્રદાન અને સામાજિક ન્યાયક્ષેત્રે બાબાસાહેબ આંબેડકર જેવા વિષય પર વિદ્યાર્થીઓએ નિબંધો લખ્યા હતા. ત્યારબાદ નિર્ણાયક તરીકે પ્રો.એન.સી. મહિલાએ પ્રથમ નંબરે પ્રજાપતિ વિષ્ણુભાઈ, બીજા નંબરે રાજપુત દિનેશભાઈ અને ત્રીજા નંબરે પુરોહિત ભારતીબેન અને પરમાર અલ્કાબેનને જાહેર કર્યા હતા.

સદર કાર્યક્રમને બિરદાવતા કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ.યુ.કે.રાજપુત અને કોલેજના પ્રિન્સિપાલ પ્રો.વી.ટી.સાસુને કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરીને પ્રેરણા પુરી પાડી હતી.

# બનાસકાંઠા જિલ્લા દલિત સમાજના આગેવાનને અંજલિ

પ્રતિનિધિ આસેડા

આંબેડકરવાદી, દલિત ચળવળો અને આંદોલનોના મુખ્ય ધરોહર તેમજ સમાજના પ્રખર સુધારક, સાચા લોકસેવક અને દલિત સમાજના પથદર્શક દિવંગત રતિલાલ નાગરદાસ ઉમંગી તા. ૨૬/૦૮/૨૦૧૭ ના રોજ નિર્વાણ પામેલ છે. તેમની યાદમાં બનાસકાંઠા જિલ્લા દલિત સમાજ દ્વારા પાલનપુર મંગલમ શાળા ખાતે શોક સભા રાખવામાં આવી હતી. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લામાંથી દલિત સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને રતિભાઈ ઉમંગીએ બનાસકાંઠામાં કરેલા કાર્યોને દલિત સમાજના આગેવાનોએ યાદ કર્યો હતો અને તેમના કામોને યાદ કરી અને એમના અધુરા કાર્યો પૂર્ણ કરવા દલિત સમાજને આગળ આવવા જણાવ્યું હતું. રતિભાઈનું અવસાન થવાથી બનાસકાંઠા જિલ્લા દલિત સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતના માજી પ્રમુખ વિજયભાઈ ચક્રવર્તી તથા ભોરલના સરપંચ મનોહરભાઈ પરમાર, મોહનભાઈ રાજ બનાસકાંઠા જિલ્લા દલિત સેનાના પ્રમુખ બળદેવભાઈ પંડ્યા, બાબુભાઈ શ્રીમાળી (આસેડા), બનાસકાંઠા જિલ્લા ગુ-જરાત ગુરૂ બ્રાહ્મણના સમાજના પ્રમુખ અરવિંદભાઈ ચોરાસીયા, મંત્રી મોહનભાઈ શ્રીમાળી તથા જિલ્લા પંચાયતના સભ્ય બાલકૃષ્ણ જીરાલા તથા બાગી- પાલનપુરી ગઝલ કાર મુસાફરી પાલનપુરી, દિપકભાઈ ચાંદ્રેઠીયા, નટુભાઈ શ્રીમાળી ધાણધા, પુરાભાઈ વારેચા, કાળુભાઈ પરમાર(સાબરડા) તથા બનાસકાંઠા જિલ્લાના દલિત સમાજના આગેવાનો, ભાઈ બહેનો મોટી સંખ્યામા હાજર રહ્યા હતા. આ શોક સભાનું સંચાલન હરિભાઈ શ્રીમાળી (ખોડલા) એ કર્યું હતું.

# ભાભર જુના સી.આર.સી.કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો





તા.પતિ. ભાભર

ભાભર તાલુકાની ખારા પ્રા.શાળામાં ભાભર જુના સી.આર.સી.કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો હતો.જેમાં કુલ ૧૪ શાળાના ૩૪ બાળકોએ ભાગ લીધો હતો.કુલ પાંચ વિભાગમાં ૧૭ કૃતિઓ રજુ કરવામાં આવી હતી.જેમાં સી.આર.સી. જામાભાઈ જે.રબારી, ભાભર જુના પ્રા.શાળા આચાર્ય પ્રભુભાઈ રામીની ઉપસ્થિતિમાં દિપ પ્રાગ્ટય કરીને વિજ્ઞાન મેળો ખુલ્લો મુકવામાં આવ્યો હતો.ખારા શાળાના આચાર્ય તુલસીભાઈ પરમાર અને સ્ટાફે સુંદર આયોજન કર્યું હતુ.વિજ્ઞાન મેળામાં સુ.નેસડી, નેસડા, નેસડાપરા, ભાણજીપુરા, રડકીયા, લુણસેલા અને તેતરવા પ્રા.શાળાના બાળકોની સુંદર કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી.તમામ વિભાગના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.વિજેતા થનાર અને ભાગ લેનાર દરેક ટીમને ઈનામ અને પ્રમાણપત્ર આપીને સન્માન કર્યું હતુ.

# જિલ્લાભરમાં શિક્ષક દિવસની ઉત્સાહભરે ઉજવણી

## શિક્ષકો બનેલા વિદ્યાર્થીઓમાં અનેરો આનંદ


નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

૫ સપ્ટેમ્બર દેશનાં પૂર્વ રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસના રૂપમાં શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે.રાજ્યભરમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવતા શિક્ષણ સંસ્થાઓમાં ભણનાર વિદ્યાર્થીઓ એક દિવસ પૂરતી શિક્ષકોની ભુમિકા ભજવે છે.શાળામાં અભ્યાસ કરતાં સિનિયર વિદ્યાર્થીઓને પોતાના જુનિયર્સ વિદ્યાર્થીઓને ભણાવવાની તક આજના દિવસે મળે છે.જેથી આવા શિક્ષકો બનેલ વિદ્યાર્થીઓમાં પણ ખુબ ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.

વિદ્યા સંકુલોમાં આચાર્ય અને શાળા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં બાળકો વિષયના શિક્ષકોની ભૂમિકા ભજવી એક દિવસનું શિક્ષણ કાર્ય ચલાવતા વર્ગોમાં શૈક્ષણિક કાર્ય કરાવ્યું હતુ.ત્યારબાદ સામુહિક કાર્યક્રમ યોજાયો હતો.જેમાં શિક્ષક બનેલ શાળાના વિદ્યાર્થીએ આચાર્ય પદની તથા અન્ય શિક્ષકો બનેલ વિદ્યાર્થીઓ પોતે વિવિધ પદો પર કરેલ કામગીરીના વિવિધ અનુભવોનું વર્ણન કર્યું હતુ.ત્યારે શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની કામગીરીને બિરદાવી સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત શાળા-કોલેજમાં શિક્ષક દિવસ તરીકે અન્ય કામગીરી પણ કરી હતી.

# શિક્ષક દિનની ઉજવણી

ડીસા

ગત તા. ૪/૯/૨૦૧૭ ના રોજ વિ.કે.વાઘેલા હાઈસ્કુલ (પ્રા.વિભાગ) માં સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધો.૬,૭,૮ ના બાળકો દ્વારા શિક્ષણ કાર્ય કરાવવામાં આવ્યું હતું. શાળાના શિક્ષકો સોલંકી હરેશભાઈ, સીતાબેન દેસાઈ, અને નાઈ રઘુભાઈ દ્વાર ૧ થી ૩ નંબર આવેલ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

# શિક્ષકદિન નિમિત્તે શિક્ષક દ્વારા તિથિ ભોજન અપાયું


સંજય જોષી

પાલનપુર

શિક્ષક દિનના પાવન અવસર પર આજરોજ કુંભાસણ પ્રાથમિક શાળામાં શાળાના શિક્ષક નીરવ ભાઈ જીવણભાઈ પટેલ તરફથી બાળકોને તિથીભોજન આપવામાં આવ્યું હતું. નીરવભાઈ દર વર્ષે આ જ રીતે બાળકોને તિથી ભોજન જમાડી એક શિક્ષક તરીકેનો બાળકો પ્રત્યેનું ઋણ અદા કરી પુણ્યનું કામ અવિરત કરતા રહ્યા છે. એક આદર્શ શિક્ષક તરીકે નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી બીજા અન્ય શિક્ષકો પણ એમના આ પુણ્ય ના કામથી પ્રેરાય એવા સાર્થક પ્રયત્નને તમામે બિરદાવી શિક્ષક દિનનો મહિમા ખરા અર્થમાં ચરિતાર્થ કરવા બદલ તેઓને શુભેચ્છાઓ પાઠવી અભિનંદન આપ્યા હતા. આ તિથી ભોજન માં એસ.એમ.સી. ના પ્રમુખ સોમાભાઈ પ્રજાપતિ ,શિક્ષણ વિદ હિદાયતુલ્લા પરમાર અન્ય એસ.એમ.સી ના સભ્યો તેમજ શાળા ના આચાર્ય વિનોદભાઈ સોલંકી અને તમામ શિક્ષક ગણે વ્યવસ્થા ના ભાગરૂપે ખુબ જ સાથ અને સહકાર આપી નીરવભાઈનો અભાર વ્યક્ત કર્યો હતો.

## કયું શ્રાધ્ધ ક્યારે કરવું..?

| શ્રાધ્ધ | તિથિ | તારીખ | વાર |
|---|---|---|---|
| એકમનું શ્રાધ્ધ | પૂનમ | ૬/૯/૨૦૧૭ | બુધવાર |
| બીજનું શ્રાધ્ધ | એકમ | ૭/૯/૨૦૧૭ | ગુરુવાર |
| ત્રીજનું શ્રાધ્ધ | બીજ | ૮/૯/૨૦૧૭ | શુક્રવાર |
| ચોથનું શ્રાધ્ધ | ત્રીજ | ૯/૯/૨૦૧૭ | શનિવાર |
| પાંચમનું શ્રાધ્ધ ક્ષયતિથિ | ચોથ ભરણી શ્રાધ્ધ | ૧૦/૯/૨૦૧૭ | રવિવાર |
| છઠ્ઠનું શ્રાધ્ધ | છઠ્ઠ કૃતિકા શ્રાધ્ધ | ૧૧/૯/૨૦૧૭ | સોમવાર |
| સાતમનું શ્રાધ્ધ | સાતમ | ૧૨/૯/૨૦૧૭ | મંગળવાર |
| આઠમનું શ્રાધ્ધ | આઠમ | ૧૩/૯/૨૦૧૭ | બુધવાર |
| નોમનું શ્રાધ્ધ | નોમ અવિધવા નોમ | ૧૪/૯/૨૦૧૭ | ગુરૂવાર |
| દશમનું શ્રાધ્ધ | દશમ | ૧૫/૯/૨૦૧૭ | શુક્રવાર |
| એકાદશીનું શ્રાધ્ધ | એકાદશી | ૧૬/૯/૨૦૧૭ | શનિવાર |
| બારસ-તેરસ તથા અન્યાસીનું શ્રાધ્ધ | બારસ રેંટીયા બારસ | ૧૭/૯/૨૦૧૭ | રવિવાર |
| અકસ્માત, શસ્ત્ર- અસ્ત્રથી મૃત્યુ પામેલાનું શ્રાધ્ધ | તેરસ મેઘા શ્રાધ્ધ | ૧૮/૯/૨૦૧૭ | સોમવાર |
| ચૌદશ- પૂનમ- અમાસનું શ્રાધ્ધ | ચૌદશ | ૧૯/૯/૨૦૧૭ | મંગળવાર |
| માતામહ શ્રાધ્ધ | અમાસ | ૨૦/૯/૨૦૧૭ | બુધવાર |

પૂનમના મૃત્યુ પામેલાનું શ્રાધ્ધ અમાસના દિવસે થાય. તથા માતામહ શ્રાધ્ધના દિવસે મોસાળ પક્ષમાં કોઈ કરનાર ન હોય તેનું શ્રાધ્ધ કરી શકાય.

**- કનકચંદ્ર છગનલાલ વ્યાસ : અંજાર(કચ્છ)**

# ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન માટે ઈન્ડસ મેન્ટર્સ અને ઈચાયના નવા પ્લેટફોર્મ મેન્ટોરિયલ ૨૦૧૭માં બિઝનેસ ક્ષેત્રે ઉભરતી પ્રતિભાઓની મેન્ટર્સ દ્વારા પસંદગી કરાશે

અમદાવાદ

સક્ષમ સ્ટાર્ટઅપ કંપનીઓને વિકસવા માટે સહાયક બનવા યોજાયેલી મેન્ટોરિયલ ૨૦૧૭નીપ્રથમ એડિશનમાં ઉદ્યોગ સાહસિકોને હવે સમર્પિત મેન્ટર્સ સાથે જોડવામાં આવશે. ઈચાયના સહયોગમાં હાથ ધરાયેલ આઈવેન્ટમાં લાયક સ્ટાર્ટઅપ્સ, પ્રસિધ્ધ મેન્ટર્સ અને ભાવિ રોકાણકારો આઈઆઈએમ, અમદાવાદના સેન્ટર ફોર ઈનોવેશન,ઈન્ક્યુબેશન અને આંત્રપ્રિનિયોર્શીપ (CIIE) માં તા.૯ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ બપોરે ૨.૦૦ કલાકે એકઠા થશે.એ દિવસે યોજાનારપેનલ ચર્ચામાં શ્ઈ૩૯;મેન્ટરશીપનું મહત્વશ્ઈ૩૯; મુખ્ય વિષય રહેશે. ત્યારબાદ અંદાજે ૧૦ સ્ટાર્ટઅપ કંપનીઓ દ્વારા પ્રતિષ્ઠીત જ્યુરીનીપેનલ સમક્ષ વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવશે.અમારા પ્રયાસો ઉગતા ઉદ્યોગ સાહસિકો માટે એક સમગ્રલક્ષીપ્લેટફોર્મ પૂરૂ પાડવાનું છે. હાજર રહેલા પ્રતિષ્ઠીત મેન્ટર્સ તેમના બિઝનેસ અંગેના પ્રતિભાવો રજૂ કરશે. આઈડિયા માર્કેટ રેડીજણાશે તો તેમાં રહેલી ઊણપો જણાવશે. અમે આ દિવસે પોતાની તાકાત દર્શાવી શકે તેવી સ્ટાર્ટ અપ કંપનીઓ પસંદ કરી છે.મેન્ટોરિયલ ૨૦૧૭માં પસંદ કરાયેલા સ્ટાર્ટઅપ માટે કંપનીમાં મૂડી રોકાણ આકર્ષવા માટે વિવિધ દ્વાર ખૂલશે અને તેમનેનિષ્ણાંતો સમક્ષ પોતાનું બિઝનેસ મોડલ દર્શાવવાની તક મળશે. મેન્ટોરિયલ ૨૦૧૭ને નોલેજ પાર્ટનર તરીકે સીઆઈઆઈ નો સહયોગ પ્રાપ્ત થયો છે. સીઆઈઆઈ ઈન્ડસ્ટ્રીયલ પાર્ટનર છે. શાર્કીડ ઈવેન્ટ પાર્ટનર છે. ઈગ્નાઈટ એન્ડ યંગ ઈન્ડિયન્સ (ઈવાયઆઈ) ઈકો-સિસ્ટમ પાર્ટનર છે. સિમ્યુલેશન્સ દ્વારાકોમ્યુનિકેશન આઉટરીચ પાર્ટનર તરીકેનો પ્રયાસ હાથ ધરાયો છે અને એનઆરઆઈ સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને લોથલ વેન્ચર્સ ઈન્વેસ્ટમેન્ટ પાર્ટનર્સ છે.

# પાલનપુર શહેરમાં પોલીસ અને બુટલેગરોની સાંઠ ગાંઠમાં ચાલતો દારૂનો વેપલો

પાલનપુર

પાલનપુર શહેરમાં ગઈકાલે રાત્રે દિલ્હીગેટ માળીવાસ વિસ્તારમાં ચાલતા એક દારૂના અડ્ડા ઉપર પોલીસ ત્રાટકતા તેના મુખ્ય સુત્રધારો ભાગી ગયા હતા જયારે તે જ વિસ્તારમાં રહેતા દિપક ઠાકોર નામનો એક તરુણ કે જે તેના જણાવ્યા અનુસાર તે તેના ઓટલા ઉપર ચુપ ચાપ બેઠો હોવા છતાં કોઈપણ જાતના ગુના વગર તેને ડી સ્ટાફના એક પોલીસકર્મી કૌશિકભાઈ ચૌધરીએ મા બેનની ગાળો બોલી પંદર થી વીસ લાતો મારી હોવાથી તેને પાલનપુર સિવિલ હોસ્પીટલના ટ્રોમા સેન્ટરમાં દાખલ કર્યો હતો પરંતુ ડોક્ટરે પણ તેનો કેસ લેવાની ના પાડતા હોવાની હૈયા વરાળ તેને મીડિયા સામે કાઢી હતી.અને તેને પોલીસ કેસ પણ કરવાની વાત કરી હતી જો કે ત્યાર બાદ મળેલી માહિતી મુજબ પોલીસ અને બુટલેગરો વચ્ચેની સાંઠ ગાંઠ ના લીધે સમાધાન થઇ જતા કોઈપણ જાતનો કેસ નોંધવા પામ્યો ન હોવાનું સુત્રો દ્વારા જાણવા મળેલ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જીલ્લાના બાહોશ પોલીસવડા તેમની કર્તવ્યનિષ્ઠાથી આખા બનાસકાંઠા જીલ્લાના બુટલેગરોને ધોળા દિવસે તારા દેખાડી ચા ની કીટલીઓ ખોલાવડાવી દઈ ઈમાનદારીનો ધંધો કરવા મજબુર કરી દીધા છે ત્યારે બીજી તરફ શહેરના હાર્દ સમા દિલ્હી ગેટ વિસ્તારના પૂર્વ પોલીસ સ્ટેશનથી નજીકના માળીવાસ આસપાસ વેચતા દારૂ ઉપર સ્થાનિક પોલીસનો કોઈ જ કંટ્રોલ ના હોવાનું તથા મોટા ઉપાડે દારૂબંધીનું એલાન કરી પોતાના રાજકીય રોટલા શેકવા નીકળેલા ઠાકોર સમાજના કહેવાતા અગ્રણીઓ પણ જયારે ઠાકોર સમાજના આવા તરુણો ઉપર અત્યાચાર થાય છે ત્યારે કઈ કોઠીમાં મોઢું ઘાલીને સંતાઈ જાય છે તે બાબત ટોક ઓફ ધી ટાઉન બનવા પામી છે.

# થાવર ત્રણ રસ્તે વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપાઈ

## એલ.સી.બી. પોલીસનો સપાટો : ચાલકના રીમાન્ડ લેવાની તજવીજ


એન.કે.મોદી

પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠા જિલ્લા એલ.સી.બી. પોલીસે ધાનેરાના થાવર ત્રણ રસ્તે નાકાબંધી ગોઠવી વિદેશી દારૂ ભરેલી ઈન્ડીકા ગાડી સાથે ચાલકને ઝડપી પાડ્યો હતો. તેથી ધાનેરા પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી.

જિલ્લાની પોલીસ હાલ અંબાજી મહામેળાના બંદોબસ્તમાં છે. તેનો બુટલેગરો ભરપુર ફાયદો ઉઠાવી રહ્યાં છે ત્યારે ધાનેરા પોલીસ સ્ટેશન ન ધણીયાતું હોય તેમ કોઈ જણાતું જ નથી. જ્યારે તપાસ કરો ત્યારે પોલીસ બંદોબસ્તમાં છે. અમો શું કરીએ ? તેમ જણાવાય છે. ભાદરવી પુનમના મેળાનો લાભ લઈ દારૂનો ધંધો કરવાવાળાઓને દિવાળીનો સ્ટોક કરવા તૈયારી કરી રહ્યા છે. જેની જાણ પાલનપુર ડી.એસ.પી.ને થતાં તેઓએ એલ.સી.બી. પાલનપુરને તુરત રવાના કરતાં એલ.સી.બી.ના ડાહ્યાભાઈ, નરેશભાઈ, દિગ્વિજયસિંહ, જયપાલસિંહ, પ્રવિણભાઈ, વિજયસિંહે ટીમ બનાવી થાવર ત્રણ રસ્તે નાકાબંધી કરી બાતમીવાળી ગાડી ઈન્ડીકા આવતાં તેને રોકાવી તલાસી લેતાં અંદરથી ૧૦૭ વિદેશી દારૂ (કિંમત રૂા. ૨૮,૪૦૦), મોબાઈલ (રૂા. ૫૦૦૦) તથા ઈન્ડીકા ગાડી (૧ લાખ) મળી કુલ રૂા. ૧,૩૩,૪૦૦ ના મુદ્દામાલ સામે આરોપી સેંધાભાઈ મફાભાઈ દેસાઈ રહે. પીરોજપુરા તા. પાલનપુર હાલ રહે. સુરતની અટક કરી ધાનેરા કોર્ટમાં રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. જો કે આ બનાવની ધાનેરા પોલીસે માહિતી પણ આપી ન હતી. તેથી ડી.એસ.પી. પાસેથી માહિતી લેવી પડી હતી.

# થરાદ પંથકમાં આવતા દુષીત પાણીથી પ્રજાના આરોગ્યને ખતરો

## નર્મદાનું પાણી નહેરમાં ઠાલવવાને કારણે પાણી ડહોળું આવે છે


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના ગામોમાં ભરાયેલા દુષીત પાણીનો નિકાલ નહેરમાં કરવાના કારણે ગ્રામિણ વિસ્તારોમાં ગંદુ પાણી આવતું હોવાના કારણે પ્રજાજનોમાં આક્રોશની લાગણી ફેલાવા પામીછે.દુષીત પાણીના કારણે પ્રજાનું આરોગ્ય જોખમાવાની દહેશત ઉઠવા પામીછે.

થરાદ તાલુકાના ખાનપુર અને નાગલા ગામમાં દોઢ મહીના પહેલાં ભરાયેલા વરસાદી પાણીનો નિકાલ નહેરમાં કરવાના કારણે પાણી ડહોળું બનવા પામ્યું છે.પાણી પુરવઠાબોર્ડ દ્વારા દેવપુરા અને ભાપી પાસે નહેરમાંથી પંપ વાટે પાણી લઈને તાલુકાના ગામોમાં પીવા માટે આપવામાં આવેછે. જો કે આ પાણી રિફાઈન કર્યા વગર માત્ર બ્લીચીંગ પાવડર નાખીને જ આપવામાં આવતું હોવાના કારણે પાણીમાં અશુદ્ધીઓ યથાવત રહેવા પામેછે.તાલુકાના ભાપી,ભાપડી,માંગરોળ,પીલુડા,હાથાવાડા, કેશરગામ, દાંતીયા, વળાદર સહીતના ગામોમાં છેલ્લા કેટલાક દિવસોથી ગંદુ અને ડહોળુ પાણી આવતું હોવાની ફરીયાદો ઉઠવા પામી છે.

ભાપડી ગામના ભાપડીયા દિનેશભાઈ માયારામ ભાઈ તેમજ ભાપડીયા નવીનભાઈ માયારામભાઈએ જણાવ્યું હતુંકે તેમના ગામોમાં કેનાલમાંથી ડાયરેક્ટ પાણી આપવામાં આવેછે. જેના કારણેગામમાં બીમારીઓની શરૂઆત પણ થવા પામી છે. ગ્રામજનોએ પંચાયતના સરપંચને રજુઆત કરી હતી.

અનુસંધાન પાના નં.૬

# ડીસાના નવા બસસ્ટેન્ડમાં પોલીસ પોઈન્ટ મુકવાની માંગ

**ભાદરવી પૂનમના અંબાજીના મેળાના પગલે રાત- દિવસ ધમધમતા બસસ્ટેન્ડમાં મુસાફરોનો સામાન અને ખિસ્સા કપાવાના બનાવો**



ડીસા

તાલુકા મથક ડીસા શહેરમાં હાઈવે પર આવેલ બસસ્ટેન્ડ સતત મુસાફરોથી ધમધમી રહ્યું છે. ત્યારે બસસ્ટેન્ડ વિસ્તારમાં વકરી રહેલી અસામાજીક પ્રવૃત્તિઓએ મુસાફરોની સલામતી સામે અનેક પ્રશ્નો ઉભા કર્યો છે. ગુજરાતમાં અદ્યતન કહેવાતા ડીસા બસસ્ટેન્ડની દશા 'ડુંગર દુરથી રળિયામણા' જેવી થઈ છે. બસસ્ટેન્ડ સત્તાવાળાઓ દ્વારા બસસ્ટેન્ડમાં અસામાજીક પ્રવૃત્તિ ઓછી થાય તેથી સલામતીના ભાગરૂપે સીસીટીવી કેમેરાઓ પણ લગાવવામાં આવ્યા છે. તેમ છતાં બસસ્ટેન્ડ વિસ્તારમાં ચોરી, દારૂની રેલમછેલ, મારામારી અને તફડંચીના બનાવો બનતા રહ્યા છે. અત્યારે અંબાજી ભાદરવી પુનમના મેળાના પગલે ડીસા બસસ્ટેન્ડમાં મુસાફરોની સંખ્યામાં વધારો થયો છે. અંબાજીથી આવતા યાત્રાળુઓ રાતના મોડા સમયે બસસ્ટેન્ડમાં ઉતરતા હોય છે અને ગામડામાં જવા માટે વાહન ન હોવાથી બસસ્ટેન્ડમાં રાતવાસો કરતા હોય છે. આવા સમયે થાકી કંટાળીને આવેલા મુસાફરો આરામથી ઊંઘી જાય છે. ત્યારે રાત્રે દરમિયાન ફરતા કેટલાક લોકો તેનો લાભ ઉઠાવતા હોવાની બુમરાડ ઉઠી છે. ત્યારે રોજના હજારો મુસાફરોથી ધમધમતા આ બસસ્ટેન્ડ પર પોલીસ પોઈન્ટ મુકવાની તાતી જરૂરિયાત વર્તાય છે.

# વાવ મામલતદાર કચેરીમાં ૭૦ ટકા સ્ટાફની ઘટ

**એક કર્મચારી પાસે ત્રણ ત્રણ ચાર્જ હોવાથી કામનું વધુ ભારણ**

તા.પ્રતિ. વાવ

એક તરફ રાજ્ય સરકારે ડિસે.૨૦૧૭ માં વિધાનસભાની ચુંટણીઓ જાહેર કરી દેતાં તમામ કચેરીઓમાં કર્મચારીઓ ઉપર કામનું ભારણ વધી ગયું છે.ત્યારે વાવ વિધાનસભા બેઠકના તાલુકા મથક વાવની મામલતદાર કચેરીમાં મહેકમ પુરતો સ્ટાફ નથી.એક કર્મચારી પાસે ત્રણ-ત્રણ ચાર્જનું ભારણ રહેવાથી કામને પહોંચી વળાતું નથી.લગભગ ૭૦ ટકા સ્ટાફની ઘટ વચ્ચે કર્મચારીઓ કામ કરી રહ્યા છે.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર હાલની પરિસ્થિતિ જોતાં વાવ મામલતદાર કચેરી ખાતે વાવ-ટડાવ ૨ સર્કલ ઓફીસરોની જગ્યા ખાલી છે.તેમજ એમ.ડી.એમ. શાખાના ના.વહિવટ અને ના.તપાસની જગ્યા ખાલી છે.ના.મામલતદાર મહેસુલ-૧, ના.મામલતદાર દબાણ-૨, ૩ કલાર્કો જેમાં પુરવઠા વહીવટ, મહેકમ તદઉપરાંત ૬ રેવન્યુ તલાટી અને ૨ પ્યુનની જગ્યા ખાલી છે.આમ ૭૦ ટકા સ્ટાફની ઘટ છે.એક તરફ વિધાનસભાની ચૂંટણીઓ શરૂ થનાર છે તો બીજી તરફ જવાબદાર એવી મામલતદાર કચેરી ખાતે સ્ટાફની પૂરતી ઘટને પુરી કરવામાં આવે જેથી કરી વહીવટ અને વિકાસના કાર્યોને વેગ મળી શકે તો સત્વરે જિલ્લા કલેક્ટર વાવ મામલતદાર કચેરીના ૭૦ ટકા સ્ટાફની ઘટ પૂરી કરી દરેક શાખાના સેજા ઉપર રેગ્યુલર કર્મચારીની નિમણૂંક કરવામાં આવે તેવી વાવ તાલુકાની જનતાની ઉગ્ર માંગણી છે.

# લોરવાડા ગ્રામ પંચાયતમાં ડીસા ધારાસભ્ય દ્વારા ટ્રેક્ટરની ફાળવણી કરવામાં આવી



પ્રતિનિધિ વડાવળ

ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ રબારી દ્વારા ગ્રામીણ વિકાસ માટેના નવતર અભિગમ ગ્રામ પંચાયતોમાં ટ્રેક્ટરની ફાળવણી કરવામાં આવી છે. ત્યારે ગતરોજ ડીસા તાલુકાના લોરવાડા ગ્રામ પંચાયતમાં ટ્રેક્ટરની ફાળવણી કરતા ડીસા ધારાસભ્ય ગોવાભાઈ રબારીના હસ્તે ગ્રામપંચાયત લોરવાડાના સરપંચને ટ્રેક્ટર અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. ગામડાનો વિકાસ થાય અને ગામમાં સ્વચ્છતા અને સફાઈ માટે તેમજ ગામના અન્ય કામો માટે ઉપયોગી બની રહે તેવા સાધન ટ્રેક્ટર ડીસા ધારાસભ્ય ગોવાભાઈ રબારી દ્વારા અનેક ગામોની ગ્રામ પંચાયતમાં આપવામાં આવી છે. ત્યારે ગતરોજ લોરવાડા ગ્રામ પંચાયતમાં ધારાસભ્યને વરદ હસ્તે ટ્રેક્ટર આપવામાં આવ્યું હતું. જેનું ગ્રામ પંચાયતમાં લાવતા ગામના આગેવાની હાજરી ટ્રેક્ટરનું મુહુર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે લોરવાડા ગ્રામ પંચાયતના સરપંચ પતિ ધુડાભાઈ વિહાભાઈ આલ, ડે.સરપંચ બાબુજી અમરાજી ઠાકોર, માજી ડેલીગેટ ઈશ્વરભાઈ જોરાભાઈ, જોમાભાઈ મશરૂભાઈ, મુકેશભાઈ સોલંકી, (તાલુકા ડેલીગેટ) સુથાર બિજોલ રામશીભાઈ, ઠાકોર મફાજી સવાજી, ઠાકોર બળવંતજી અમથાજી સહિત મોટી સંખ્યામાં યુવાનો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

# ભદ્રેવાડી પ્રાથમિક શાળાના બાળકોને સ્વચ્છતા શૈક્ષણિક કીટનું વિતરણ


યશપાલસિંહ ટી.વાઘેલા

## ગ્રામ વિકાસ ટ્રસ્ટ ભરૂચની સેવા મ્હેંકી ઉઠી

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકામાં ૨૪ મી જુલાઈના રોજ બનાસ નદી નર્મદા નહેરના સંયુક્ત ઘોડાપુરે ભારે તારાજી સર્જી જેમાં માનવ- પશુ જાનહાનિ ઉપરાંત આર્થિક ઘરવખરી, કૃષિપાક, શૈક્ષણિક સંસ્થાઓને અમુક ટકા નુકશાન અને જમીન ધોવાણ પણ થયેલ. રાજકીય કાવાદાવાને કારણે સરકારી તિજોરીમાં ખોટી રીતે ભારણ ઉભુ કરી જે ગામમાં વરસાદી- ઘોડાપુરથી કોઈ નુકસાન નથી થયું ત્યાં આખા ગામને કેશડોલના ચુકવણા થયાં જયારે પૂરગ્રસ્ત લોકોને ફાંફા જેવો માહોલ સર્જાયો હતો. ૨૬ મી જાન્યુ-૨૦૦૧ કરતાં આ પૂરની ગંભીરતા વધુ બતાવતાં રાહત સામગ્રીને સહાયનું ઘોડાપુર ઉમટ્યું ને કેટલાક ગામડામાં અંદરોઅંદર વિવાદનું સ્વરૂપ ભારેલા અગ્નિ જેવો છે છતાં કેટલીક શૈક્ષણિક સંસ્થાઓના મકાન - વિદ્યાર્થીઓના દફતર સહિતના સાધનોને નુકસાન થયેલ. સેવાભાવી સંસ્થાઓ દ્વારા સતત સહાયનો ધોધ વહી રહ્યો છે. ત્યારે કાંકરેજ તાલુકાના પૂરગ્રસ્ત ભદ્રેવાડી ગામની પ્રાથમિક શાળાના ૩૯૪ જેટલા બાળકોને

અનુસંધાન પાના નં.૬

# એ.પી.ત્રિવેદી શૈક્ષણિક સંકુલ ખોરડા ખાતે શિક્ષકદિનની ઉજવણી કરાઈ

પ્રતિનિધિ થરાદ

આજ રોજ એ.પી.ત્રિવેદી શૈક્ષણિક સંકુલના ઉપક્રમે પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજ કક્ષાએ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંકુલના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે ભાગલેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિક ઈનામ અને નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સાંગલા ગામે સ્વાઈન ફ્લૂ કેમ્પ યોજાયો


સંજય જોષી

પાલનપુર

પાલનપુર તાલુકાના સાંગલા ગામે પ્રા.શાળામાં ગામનાં આગેવાન લાલજીભાઈ ચૌધરી, ડેરીનાં મંત્રી વિનોદભાઈ પ્રજાપતિ, ગામનાં સરપંચ રમેશભાઈ માજીરાણા તથા પ્રા.શાળાના આચાર્ય તેમજ આરોગ્ય સ્ટાફના સહયોગથી સ્વાઈન ફલૂ પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરેલ છે.જેમાં ગામનાં લોકો અને પ્રા.શાળાનાં બાળકો અને ગામનાં લોકોએ લાભ લીધો.

# થરાદ પોસ્ટે વિસ્તારમાંથી વિદેશી દારૂ પકડતી એલ.સી.બી પાલનપુર


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજર જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા જે એચ સિંધવ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી તથા ટીમના ગણપતલાલ, પ્રકાશચંદ્ર, ભરતભાઈ, મહિપાલસિંહની ટીમેં થરાદ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. દરમ્યાન બાતમી હકીકત આધારે સાબા ગામની સીમમાં નટવરસિંહ માનસંગજી રાજપુત ગોહિલના ખેતરે રેઈડ કરતા.

ઢાળીયામાંથી વિદેશી દારૂ બોટલ નંગ-૧૦૪૪ કી.રૂ ,૧,૦૪,૪૦૦/- નો મુદામાલ મળી આવેલ હોઈ સદરે આરોપી ઘરે હાજર મળી આવેલ ન હોઈ તેની વિરુદ્ધ થરાદ પો.સ્ટે પ્રોહિબિશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# રાહુલ ગાંધીના સંવાદ કાર્યક્રમમાં દીઓદર સીટના કાર્યકરો ઉપસ્થિત


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

અમદાવાદ રીવરફ્રન્ટ ખાતે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા સંવાદ કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં ૧૪ દીઓદર વિધાનસભા કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

કોંગ્રેસ ઉપાધ્યક્ષ દ્વારા ભાજપ સરકાર ઉપર પ્રહારો કરાયા હતા.સાથે સાથે પક્ષના કાર્યકરોને એવી હૈયા ધારણા આપી હતી કે હવે પાયાના કાર્યકરોને જ ટીકીટ મળશે.પક્ષમાં પેરાશુટની માફક આવી જતા લોકોને ટીકીટ નહીં મળે. દીઓદર વિધાનસભા મત વિસ્તારના આગેવાનોનો મુખ્ય પ્રશ્ન આજ હતો કે દીઓદર સીટમાં હેમંશાં ઉમેદવાર ઠોકી બેસાડવામાં આવે છે.કોંગ્રેસની પ્રભુત્વવાળી સીટ હોવા છતાં છેલ્લી ત્રણ ચાર ટર્મથી આજ કારણે પક્ષની હાર થાય છે.

દીઓદર તાલુકા કોંગ્રેસના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈએ જણાવેલ કે કોંગ્રેસની સરકાર બનશે તો દરેક કાર્યકરને સ્થાન મળશે. આ પ્રસંગે પ્રદેશ યુવા ઉપપ્રમુખ ભરતસિંહ વાઘેલા, બ.કાં.જીલ્લા ઉપપ્રમુખ બી.કે.જોષી,દીઓદર માર્કેટયાર્ડના ચેરમેન શીવાભાઈ ભુરીયા,

અનુસંધાન પાના નં.૬

# શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારા બનાસકાંઠા જિલ્લાના ૨૧ શિક્ષકોનું પારિતોષિક આપી સન્માન કરાયું

**છેલ્લા દોઢેક દાયકામાં શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યું છે - કેન્દ્રીય મંત્રી**



પાલનપુર

પાલનપુર મુકામે આવેલ કાનુભાઈ મહેતા હોલ ખાતે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા રાજય મંત્રી હરીભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજયમંત્રી કેશાજી ચૌહાણની ઉપસ્થિતિમાં શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠન કામગીરી કરનારા શિક્ષકોને પારિતોષિક આપવા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બનાસકાંઠા જિલ્લાના ૨૧ શ્રેષ્ઠષ શિક્ષકોનું પારિતોષિક આપી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ પારિતોષિક મેળવનાર શ્રેષ્ઠસ શિક્ષકોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતુ કે બાળકોનું ભવિષ્યક અને રાષ્ટ્રન નિર્માણની ખુબ મહત્વની જવાબદારી શિક્ષણના વ્યવસાય સાથે જોડાયેલા શિક્ષકોના શિરે છે. તેમણે કહ્યું કે

અનુસંધાન પાના નં.૬

# લાખણી તાલુકા ભાજપ લઘુમતી મોરચાના હોદ્દેદારોની નિમણુંક

પ્રતિ. લાખણી

ભારતીય જનતા પાર્ટી દ્વારા તેના દરેક મેડલ કક્ષાનો વિવિધ મોરચાના હોદ્દેદારોની સંરચના દ્વારા નીમણુંકો થઈ રહી છે.જે અંતર્ગત લાખણી તાલુકાના ભાજપના લઘુમતી મોરચાના હોદ્દેદારોની નીમણૂંક કરવામાં આવેલ છે.જેમાં લાખણી તાલુકા લઘુમતી મોરચાના પ્રમુખ તરીકે ઈદ્દીશભાઈ - અબુલકરભાઈ મેમણ તથા મહામંત્રી તરીકે ઈમરાનભાઈ ઉસ્માનભાઈ મેમણની નીમણૂંક કરવામાં આવેલ છે.

જયારે કારોબારીમાં ઉપપ્રમુખ તરીકે મેમણ ઈલીયાસભાઈ અબ્દુલકરીમભાઈ તથા આસીકભાઈ હારૂનભાઈ, મહામંત્રી તરીકે ઈમરાન સફીરભાઈ, કોષાધ્યક્ષ તરીકે અલ્તાફભાઈ સુલેમાનભાઈ, મંત્રી તરીકે મેમણ યુનુશભાઈ, ગુ.રસુલભાઈ, અબ્દુલ રસીદભાઈ નુરમહંમદ, સાબીરભાઈ ઈસ્માઈલભાઈ, બિલાબભાઈ મોહમંદભાઈ તથા કારોબારી સભ્ય તરીકે ફારૂકભાઈ અબ્દુલગફારભાઈ, ઈમરાનભાઈ, સફીરભાઈ, સલીમભાઈ મુસ્તુફાભાઈ, સલીમભાઈ મહમ્મદભાઈ, અબ્દુલરઝાકભાઈ નુરમહમ્મદ રફીકભાઈ રસુલભાઈ, અબ્બાસભાઈ ફકીરમહંમદ વસીમ નુરમહંમદભાઈ, સાહીલ રસુલભાઈ, લુકમાન ઉસ્માનભાઈ, આકીલ યાસીનભાઈ, આરીફભાઈ ગફુરભાઈ તથા જાવેદભાઈ સુલેમાનભાઈ વગેરે લોકોની લાખણી તાલુકા ભાજપ લઘુમતી મોરચાના હોદ્દેદારોની ભાજપ દ્વારા નીમણુંક કરવામાં આવેલ છે.

# ડીસા તાલુકા યુવા મોરચાના કારોબારી સદસ્યોની નિમણુંક

ડીસા

ભારતીય જનતા પાર્ટી, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર તથા મહામંત્રીઓ બાબરસીંગ વાઘેલા તથા રમેશભાઈ દેસાઈ તથા યુવા મોરચાના પ્રમુખ હરેશભાઈ ચૌધરી તથા મહામંત્રી રામસિંગભાઈ રાજપુત તથા પ્રકાશભાઈ ઠાકોર તથા ડીસા તાલુકાના યુવા મોરચાના પ્રમુખ વિપુલભાઈ દવે તથા મહામંત્રી મિતેશકુમાર મિસ્ત્રી સાથે પરામર્સ કરી ડીસા તાલુકા યુવા મોરચાના કારોબારી સદસ્યોની નિમણુંક કરેલ છે.

જેમાં પરબતજી ઠાકોર (ભીલડી), અર્પણભાઈ ગેલોત (વાસણા જુ.ડી), સબ્બીરભાઈ મીર (ઝેરડા), કાળુભાઈ પટેલ (જાવલ), નિર્મલસિંગ વાઘેલા (ઝેરડા), ભેમાભાઈ હરીજન (ગોગાપુરા), રમેશસિંગ વાઘેલા (સાંડીયા), દિનેશભાઈ (બુરાલ), કપુરજી ઠાકોર (બાઈવાડા), અરવિંદભાઈ જોષી (વાસણા), કનૈયાભાઈ પ્રજાપતિ (યાવરપુરા), લવજીભાઈ સુથાર (મહાદેવિયા), રાહુલભાઈ કંસારા (જુનાડીસા), સમરથદાન ગઢવી (લોરવાડા), ધનજીભાઈ મકવાણા (નવી ભીલડી), રમેશભાઈ પટેલ (રમુણ), દલપતભાઈ માળી (રાણપુર), લવજીભાઈ જોષી (સોયલા), દિલીપભાઈ મોદી (ભીલડી), અરવિંદભાઈ ગેલોત (શેરપુરા), અમરતભાઈ ઠાકોર (ખરડોસણ) ની વરણી કરાઈ છે.

**ભાવભરી શ્રધ્ધાંજલિ**

**બનાસકાંઠા જીલ્લાના જાગીરદાર-દરબાર સમાજના**

(૧) સ્વ.બા સાહેબ જીવુબા માધવસિંહજી વાઘેલા-થરાદ
(૨) સ્વ.જબરસિંહજી રાયમલજી ચૌહાણ-મેસરા
(૩) સ્વ.કરતનસિંહજી ઓખજી સોલંકી-ગુંદરી
(૪) સ્વ.પરબતસિંહજી રતનસિંહજી વાઘેલા-નાંદલા
(૫) સ્વ.પ્રવિણકુંવરબા જયેન્દ્રસિંહજી વાઘેલા-લવાણા
(૬) સ્વ.ખેમસિંહજી રાવતસિંહજી વાઘેલા-રામસણ
(૭) સ્વ.પ્રદિપસિંહજી ઉમેદસિંહજી રાઠોડ(ટીનુભા)-હડાદ
(૮) સ્વ.ભીખસિંહજી માલજી સોલંકી-મહુડી
(૯) સ્વ.શેરસિંહજી હેમસિંહજી વાઘેલા-રામસણ
(૧૦) સ્વ.અણંદબા વાઘજી સગજી વાઘેલા (મેસરાવાળા) - રામસણ
(૧૧) સ્વ.ઓબસિંહજી જયસિંહજી રાઠોડ- ધનીયાવાડા

ના દુઃખદ અવસાનથી સમાજ અને કુટુંબને મોટી ખોટ પડેલ છે,આવી પડેલી આપત્તિને સહન કરવાની આપના કુટુંબને પ્રભુ શક્તિ આપે.

**સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ...**

સ્થળ- ડીસા
તા.૦૩-૦૯-૨૦૧૭

પ્રમુખશ્રી અને કારોબારી સમિતિ
શ્રી રાજપુત કેળવણી મંડળ,ડીસા(બ.કાં.)

# તંત્રી સ્થાનેથી ...

**મનુષ્ય જો પોતાનું મન સારું રાખે તો એનું શરીર પણ સારું બને છે.**

## અર્થતંત્રને મજબુત બનાવવા ઉત્પાદકતામાં વધારો કરવો જરૂરી

દેશના અર્થતંત્રને મજબુત અને તંદુરસ્ત બનાવવાના સરકાર જે પ્રયત્નો કરી રહી છે તે બરાબર પરંતુ ભારત વિશ્વનું સૌથી વધુ ઝડપથી વિકસતું અર્થતંત્ર રહ્યું નથી. ચીનના ૬.૫ ટકાના વૃધ્ધિદર સામે ભારતનો વૃધ્ધિદર નીચી સપાટીએ જઈ રહ્યો છે. મેક ઈન ઈન્ડિયા અને 'અચ્છે દિન' ની જાહેરાતોનું સુરસુરીયું થઈ ગયું હોય તેવું અર્થશાસ્ત્રીઓનું માનવું છે. વિપક્ષોએ આ બાબતે નોટબંધીને જવાબદાર ઠેરવી છે. જ્યારે સરકાર જીએસટી અગાઉના વિપક્ષોને કારણભૂત ગણાવે છે.

હકીકતમાં મહત્વની વાત એ છે કે છેલ્લા ત્રણ વર્ષથી આપણે વિદેશમાં ખાસ નિકાલ કરી શક્યા નથી. આજે કયા ક્ષેત્રમાં સરકારને નુકસાન થઈ રહ્યું છે. અને જોઈએ તેવો વિકાસ થતો નથી. તે બાબતે સરકારે જ પોતાના વિચારો ગૃહમાં રજુ કરવા જોઈએ.

છેલ્લા ત્રણ વર્ષમાં શેની નિકાસ ક્યાં થઈ? તે બાબતે સરકારે પોતાના સિધ્ધાંતો રજુ કરવા જોઈએ. આપણે ઔદ્યોગિક ક્ષેત્રે કે કૃષિક્ષેત્રે ભલે ગમે તેટલો પરિશ્રમ કરીએ. તેમ છતાં વૃધ્ધિદર જોઈએ તેટલો હાંસિલ થતો નથી. વર્ષો અગાઉ જે માલસામાનની નિકાસ થતી હતી. તે રીતની ન થવા પાછળનું કારણ શું?

ઓક્ટોબરથી ડિસેમ્બર અને જાન્યુઆરીથી માર્ચ ક્વાર્ટરમાં નોટબંધીના લીધે જીડીપી પર અસર પડી હતી પરંતુ એપ્રિલથી જુન સુધીમાં આ અસર ઘટવી જોઈતી હતી તેના બદલે જીડીપી ગ્રોથ વધુ ધીમો થયો હતો. ૨૦૦૩ થી ૨૦૧૧ ના વર્ષોમાં ૮ ટકાના ઝડપી દરે જીડીપી વૃધ્ધિ થઈ હતી પરંતુ તે સમયે ૨૦ ટકાના દરે નિકાસ વૃધ્ધિ પણ જોવા મળી હતી. તેના પછી નિકાસ બંધ થઈ ગઈ છે, તે બાબતે ગૃહમાં કોઈ ચર્ચા થઈ નથી. વિપક્ષોએ આ અંગે હોબાળો કર્યો હતો. પરંતુ સરકારે કોઈ પ્રત્યુત્તર પાઠવ્યો ન હતો. કેટલાક અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે નોટબંધીના કારણે ઘણા મોટા ધંધા કે ઉદ્યોગોને અસર પડી હતી અને કેટલાક ઉદ્યોગો બંધ પડ્યા છે. ત્યારે હવે માંદા ઉદ્યોગોને બેઠા કરવા માટે સરકારે મદદરૂપ થવું જોઈએ.

દેશના કયા રાજ્યમાં કેટલા ઉદ્યોગો બંધ હાલતમાં છે. તેની સમીક્ષા શા માટે કરાતી નહિં હોય! નિકાસને અસરકારક બનાવવા વિનિમય દરે એ એકમાત્ર પરિબળ નથી. ઉત્પાદકતા, બિઝનેસ કરવાનો ખર્ચ, નિકાસ માટેનું લોજિસ્ટીક્સ અને અમલદારશાહી પણ અસર કરે છે.

વૈશ્વિક અર્થતંત્રની નરમાઈ એક મોટી સમસ્યા છે, વૈશ્વિક અર્થતંત્રમાં આ વર્ષે ચોક્કસ નવસંચાર થયો. જો કે ભારતમાં કંપનીઓનું રોકાણ ઘટી રહ્યું છે. જો કે હવે નાના કુટિર ઉદ્યોગો તરફ સરકાર ધ્યાન આપશે તો જ અર્થતંત્રને મજબુત બનાવી શકાશે. ખાસ કરીને કૃષિ ક્ષેત્રે સરકારે ભારે કવાયત કરવાની જરૂર જણાય છે. આ જે વિશ્વના ઘણા રાષ્ટ્રો કૃષિ માટે નિષ્ણાંતોની સલાહ લે છે તે રીતે ભારતે પણ આ બાબતે આગળ આવવું જોઈએ. કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે નવી નીતિ ફાયદાકારક નિવડશે. જો ૭ થી ૮ ટકાનો વૃધ્ધિદર જાળવવો હોય તો હરિફોની તુલનાએ દેશમાં સારી ઉત્પાદકતામાં ઝડપી વધારો કરવો પડશે. નિકાસમાં વધારો થશે તો જ સરકારને સારું હુંડિયામણ પ્રાપ્ત થઈ શકશે અને વૃધ્ધિદરની સપાટી વધારી શકાશે.

## નેહા ધુપિયા ઈંનોફિલ્ટરનેહાની સીઝન ૨ સાથે અમદાવાદમાં



અમદાવાદ

ભારતની અવ્વલ ઓડિયો સ્ટ્રીમિંગ સેવા સાવને ભારતના સૌથી ભવ્ય સેલિબ્રિટી ઓડિયો ટોક શોઈનોફિલ્ટરનેહાની બીજી સીઝન લોન્ચ કરી છે. શહેરની ટુર્સના ભાગરૂપે હોસ્ટ અને સહ- નિર્માત્રી નેહાધુપિયા હાલમાં હેરિટેજ શહેર અમદાવાદમાં આવી હતી, જ્યાં તેણે શો વિશે અને આ શહેરના દર્શકોએઆપેલા પ્રેમ વિશે ખૂબ વાતો કરી હતી.જુલાઈ, ૨૦૧૭ના પ્રથમ મહેમાન તરીકે વરુણ ધવન સાથે લોન્ચ કરાયેલો આ ઓડિયો શો મોજમસ્તીના ઉચ્ચ ડોઝની સીઝન સાથે ખૂબ ગાજી રહ્યો છે. જે પછી પરિણીતી ચોપરા, રણવીર સિંહ, ઈમ્તિયાઝઅલી, સિદ્ધાર્થ મલ્હોત્રાએ તેમની મોજીલી બાજુ દર્શાવી હતી. સુપરસ્ટાર સની લિયોનીનો ઓપિસોડ એપટુડે પર લાઈવ ગયો હતો અને તેમાં આ મોહક અભિનેત્રીની અગાઉ ક્યારેય નહીં સાંભળવા મળી હોયતેવી બાજુ જોવા મળી હતી. આ સ્ટાર્સ ઉપરાંત ઈનોફિલ્ટરનેહામાં આપણી ફેવરીટ સેલિબ્રિટીઓસાનિયા મિરઝાથી વિદ્યા બાલનથી રિશી કપૂરથી ફરહાન અખ્તર અને કરણ જોહર સુધીની અત્યંત અનફિલ્ટર્ડ બાજુ પ્રકાશમાં લાવી છે.સાવને તેના વૈશ્વિક ઉપભોક્તા મૂળ માટે મૂળ, લાંબા- સ્વરૂપના ઓડિયો પ્રોગ્રામ્સનું અત્યાધુનિકકલેકશનનો સમાવેશ ધરાવતી કન્ટેન્ટનું વિસ્તરણ કરવા માટે મે ૨૦૧૬માં સાવન ઓરિજિનલ્સ લોન્ચકર્યું હતું. શ્રોતાઓ ખાસ સાવન પર દર મંગળવારે નવા એપિસોડ સાંભળી શકશે. ઈનોફિલ્ટરનેહાની આ સીઝન વનપ્લસ દ્વારા પ્રાયોજિત છે.

## ટીવીએસ મોટર્સે ફેસ્ટીવ સીઝન માટે નવું સ્ટાઈલિશ StaR City+ (સ્ટાર સીટી પ્લસ+) પ્રસ્તુત કર્યુ



અમદાવાદ

ભારતની અગ્રણી ટુ વ્હીલર નિર્માતા કંપની ટીવીએસ મોટર્સે આજે ફેસ્ટીવ સીઝન (તહેવારો) માટે ડુઅલ ટોન સ્ટાઈલ ટીવીએસ સ્ટાર સીટી પ્લસ+ પ્રસ્તુત કરવાની ઘોષણા કરી. ૧૧૦ સીસી મોટરસાયકલ તેના વર્ગમાં લોકપ્રિય સ્ટાઈલિશ પરર્ફોમર છે, તે હવે ચમકીલા ટીવીએસ ક્રોમ ૩ડી લેબલ સાથે સ્ટાઈલીશ બ્લેક ગ્રાબ રેલ સાથેની નવીન ડિઝાઈન સાથે વધારે સ્ટાઈલીશ બન્યુ છે. 'એવોર્ડ જીતનાર ટીવીએસ સ્ટાર સીટી+ હંમેશા સ્ટાઈલ અને સબસ્ટેન્સ માટે જાણીતું છે, વિશેષરીતે પાવર અને ૮૬ કેએમપીએલ સાથે અજેય પેકજ છે. આ અદભૂત સંયોજનની ઉજવણી કરતા નવું સ્પેશીયલ એડિશન ડુઅલ ટોન સ્ટાર સીટી+ છે. આ ફેસ્ટીવલ સીઝનમાં કેટલાય ગ્રાહકોને સ્ટાઈલ વિથ સબસ્ટન્સની પસંદગી તેવી અમે અપેક્ષા રાખીએ છીએ. અમે તેમનું ટીવીએસ ફેમિલીમાં સ્વાગત કરવા માટે આતુર છીએ.'ધ સ્ટાર સીટી+ ચાર સ્પીડ ગીયર બોકસ સાથે 'ઈકોથ્રસ્ટ' એન્જીન સાથે આવે છે જે ૭૦૦૦ આરપીએમ પર ૮.૪ પીએસ પાવર અને ૫૦૦૦ આરપીએમ પર ૮.૭ એનએમ ટોર્ક સાથે જબરજસ્ત ફોર સ્ટ્રોક પરફોર્મેન્સ આપે છે. તેના સાથીદારોમાં સૌથી વધારે ૮૬★ કિલોમીટર પ્રતિ લિટરની પ્રભાવશાળી ફુઅલ ઈકોનોમિ સાથે ટીવીએસ સ્ટાર સીટી+ તેના વર્ગમાં સર્વોચ્ચ સ્થાને છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## કહી દો કાળને કે...

**ગતાંકથી ચાલુ**

'સાએબ, સોરાની જીભ થોથવાય. શરીર ખેંસાય.. તે અમે તો બી જયેલાં. ને સાએબ, મારે તો ધકે (આગળ) કિસ્સો બનેલો છે.'

'એમ? આગળનું શું બનેલું છે?'

આ માધાનો બાપો સમી સાંજે સેતરે જ્યા. કરુડના બેરલ પાંહે ઊભા' તા. તાં તો બેરલ હમચ્યું. તે આવતુંકને કાસલી માથે' ને ચતુરબાઈ અટકી ગયાં. એ દ્રશ્ય જાણે ફરી તેમની આંખ સામે આવીને ઊભું રહ્યું ના હોય...!

ચતુરબાઈ વાચાળ છે, પણ શિક્ષિત નથી. તે ડૉક્ટરની પાસે ખાતરી માગે છે, પણ એ કાંઈ જાગૃત નારી તરીકે નહીં; દૂધથી હાથ બળ્યા છે એટલે છાશને પણ ફૂંક મારીને પીવાની જ આ પ્રક્રિયા છે.

ચતુરબાઈના હાથ અડવા અડવા છે. કપાળ ઉપર સૌભાગ્યનું નિશાન નથી. નાની ઉંમરે ક્ષણ માત્રમાં તેમના હાથની બંગડીઓ ઉતરી ગઈ. એ ભયાનક પ્રસંગ હજુ ભૂલાતો નથી. એમાંથી જ આ ભય, અધીરતા અને આવેગ જન્મ્યો છે..

ભાડલી કોઠાના ચૌધરી પટેલ વજાભાઈ એક વર્ષ પહેલાં પોતાના ખેતરે આવ્યા. તેમની પાસે લગભગ ૬૦ વીઘા જેટલી જમીન. દાંતીવાડા પાસે બનાસ નદીનો પુલ છે. તેની સાવ નજીક આવેલા ખેતરોમાં પાણી ઉપર છે. ખેતરોમાં ઠેર ઠેર કૂવા. વર્ષમાં ત્રણ પાક લેવાય. ચોમાસુ સિવાયના પાક માટે કૂવાથી સિંચાઈ થાય... કૂવાનું પાણી ઉલેચવા માટે કૂવા પર મશીન મૂકેલું. આ મશીન કૂડથી ચાલે. કૂડનું બેરલનું ઢાંકણ ખોલ્યું. હજુ ઢાંકણ પૂરેપુરું ખૂલી રહે ના રહે, ત્યાં તો આ બેરલ ઊંચુ થયું ને સીધું જ વજાભાઈના તાળવે અથડાઈને પછડાયું. વજાભાઈને તાત્કાલિક પાલનપુર સિવિલ હોસ્પિટલમાં લાવ્યા. ત્યારે એમનો શ્વાસ ચાલે.. પણ ચતુરબાઈના કહેવા પ્રમાણે, 'ડૉક્ટરે બઉ ધિયાન ના દીધું. ને લાસ રૂપિયાનો આદમી હું ખોઈ બેઠી.'

જ્યારે વજાભાઈ પટેલે શ્વાસની લીલા સંકેલી લીધી, ત્યારે માધાની ઉંમર પાંચેક વર્ષની હતી. ચાર દીકરીઓ અને પાંચમા માધાના ઉછેરની જવાબદારી મા ચતુરબાઈ ઉપર આવી. માધો ઘરનો મોભ. એને જોઈ જોઈને માએ આખો રંડાપો ગાળી નાખેલો. મેં પૂછ્યું- 'માધો તમારો એકનો એક દીકરો. તો તમે એને કેટલું ભણાવ્યો?'

'રૂપિયો ય નંઈ...' ચતુરબાઈએ કહ્યું ને આ કહેતી વખતે ચતુરબાઈ એવા ગો સાથે બોલ્યાં કે જાણે એમણે ડાહ્યું કામ ના કર્યું હોય.. હું એ ભાવ... એ બોલવાની છટા જોઈ જ રહ્યો.

'કેમ, નિશાળમાં ભણાવવું એ કાંઈ ખરાબ છે?'

'નેહાળમાં સોરાને લાગે કે તૂટે... સોરાંને હું ભરોંસો?' ચતુરબાઈએ કારણ આપ્યું.

સોરાને લાગે કે તૂટે એ વાક્ય મને ના સમજાયું. એટલે મેં તેની સ્પષ્ટતા માટે પૂછ્યું. તો ચતુરબાઈએ કહ્યું- 'અમારે ગામડિયાંમાં તો નેહાળ્યું માં સોરાં લડે ને ઝગડે. મારામારી થાંય. માસ્તર જો જરીક આઘા- પાસા થાય તો સોરાં નેહાળ માથે લ્યે. એકબીજા ઉપર તૂટી પડે...'

'એવું તે વળી હોતું હશે?'

'ચ્યમ ના હોય? તમારે શ્યેર જેવું અમારે ના હોય. અમારું ગામડિયા ખાતું. ચ્યાંક સૂટો ઘા વાજે ને તો મારા સોરાનું શ્યું? એટલે સાએબ, મેં તો પેલેથી જ એવી હુંશિયારી કરી કે સોરાને નેહાળમાં મોચલ્યો જ નંઈ ને...?'

'પણ થોડું ઘણું વાંચવા જોગું તો ભણાવવો જોઈએ ને?'

'ના રે ના... અમારે ચ્યાં નોચરિયું લેવી સે? અમારે તો સાંઈઠ વીઘા જમીન હાસવે, તો ય ભયો ભયો... અમારી તમારી પાંતિ ચ્યાં સાએબ બનવું સે...?' નિશાળમાં મોકલવો એટલે નોકરી લેવી... શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાનગંગા જ્યાં વહે, એ તો સ્કુલની દીવાલ ઉપર કેવળ વાંચવા માટેના સૂત્રો છે. શિક્ષણ સુધારણા માટે છે, સંસ્કાર માટે છે, જ્ઞાન માટે છે, એ ભાવના કોઈ સ્વીકારતું નથી. ચતુરબાઈ પણ એ જન સામાન્યની એક અવાજ છે પણ નિશાળમાં પોતાના દીકરાને મુકવાથી લડાઈ ઝગડા થાય. એને વાગે, ભાગે, તૂટે એ કલ્પના ચતુરબાઈની પોતાની આગવી હશે? દીકરા સાથેનું લાગણીનું તાદાત્મ્ય એટલું છે? અને કાંક કાળની ભીતિ એટલી છે કે એ ક્યારે ક્યાં આવીને ત્રાટકી પડે? કોને ખબર? ચતુરબાઈના તન, મન અને સમગ્ર અણુંએ અણુંમા આ કાળનો ભય એટલો વ્યાપી ગયો છે કે એ એને આંખથી અળગો કરવા નથી માગતી. નિશાળ ઉપરે ય વિશ્વાસ નહીં...? ને એ જ કાળ ડૉક્ટરના વશમાં હોય તેમ એ ડૉક્ટર પાસે કાળ વિશે પાછી ખાતરી માગે છે...??

બનાસકાંઠા જિલ્લો શિક્ષણમાં સૌથી પાછળ છે.. જ્યારે ગુજરાતમાં ઓગણીસ જિલ્લા હતા. ત્યારે શિક્ષણ ક્ષેત્રે આ જિલ્લાનો નંબર ગુજરાત રાજ્યમાં ૧૯ મા ક્રમે હતો. આજે ગુજરાતના પચ્ચીસ જિલ્લા થયા છે, ત્યારે આ જિલ્લાનો નંબર શિક્ષણમાં પચ્ચીસમો છે. આ વિસ્તારના શિક્ષણના પછાતપણાનું રહસ્ય ઘણાને નથી સમજાતું,

પણ ચતુરબાઈ જેવી ગ્રામ્ય મહિલાઓ જે ગામડામાં વસતી હોય... તેમની શિક્ષણ વિષેની આ માન્યતાના સંદર્ભમાં પણ વિચારવા જેવું નથી લાગતું? ચતુરબાઈની શિક્ષણ વિશેની આ માન્યતા કેવળ પ્રેમના અતિરેકમાં ઉદ્દભવેલી પોતાની આગવી કલ્પના જ માત્ર છે કે પછી ચતુરબાઈ આ જિલ્લાની ગ્રામ્ય મહિલાઓનું પ્રતિનિધિત્વ કરતી એક મહિલા છે? શિક્ષણ શાસ્ત્રીઓ અને ખાસ કરીને આ જિલ્લાના શિક્ષણ માટે જેમને ઉત્કટ રસ છે તેવા સર્વને માટે આ સંશોધન કરવા જેવો એક મુદ્દો છે.

- કનુ આચાર્ય

## નારાયણ મુર્થી ,વિના સહજવાલા ને લિડરશીપ અને રિસર્ચ ઈનોવેશન માટે એવોર્ડ



ઈન્ફોસીસના કો-ફાઉન્ડર એન.આર.નારાયણ મુર્થી અને મુંબઈના સાયન્ટીસ્ટ વીના સહજવાલા ને પ્લસ એલિયાન્ઝ પ્રાઈઝ થી સન્માનીત કરાયા છે - આ પ્રેસ્ટીજયસ ઓનરમાં રિસર્ચ ઈનોવેશ , એજયુકેશન ઈનોવેશ , ગ્લોબલ લિડરશીપ અને ગ્લોબલ ઈનોવેશનનો સમાવેશ થાય છે. ૫૦,૦૦૦ યુએસ ડોલરની પ્રાઈઝ બે કેટેગરીમાં અપાય છે; એજયુકેશન ઈનોવેશન અને રિસર્ચ ઈનોવેશન. બન્ને વિજેતાઓને ઈનોવેટીવ સોલ્યુશન વિકસાવી તેનુ સફળતા પુવર્ક અમલીકરણ કર્યુ છે. શ્રી મુર્થી ને પ્લસ એલિયાન્ઝ પ્રાઈઝ ગ્લોબલ લિડરશીપ માટે તથા પ્રો.શજવાલાને પ્લસ એલિયાન્ઝ પ્રાઈઝ તેમના પ્રોજેકટ ધ ન્યુ સાયન્સ ઓફ ગ્રીન મેન્યુફેકચરીંગ અંતર્ગત રિસર્ચ ઈનોવેશન માટે મળ્યો છે.

## કાસ્પરસ્કાય લેબ દ્વારા કન્ઝયુમર સિકયોરીટી સોલ્યુશન્સ નુ નવુ વર્ઝન લોન્ચ કરાયુ



વિશ્વની અગ્રણી સાયબર સિકયોરીટી બ્રાન્ડ કાસ્પરસ્કાય લેબ દ્વારા તેની નવી પ્રોડકટ શ્રેણીના લોન્ચ ની જાહેરાત કરવામાં આવી છે. પાવર પેકડ ફિચર્સ સાથે તેબધા ડીવાઈસ માટે બેસ્ટ સિકયોરીટી આપે છે જેની રજુઆત મારેનેલો ,ઈટિલીની એકસકલુઝીવ ટ્રીપ જીતવાની આઉટસ્ટેન્ડીંગ ફરારી ફેકટરી ના અનુભવની તક આપે છે. આ ઓફર કાસ્પરકાય લેબના સિક્યોરીટી સોલ્યુશન્સના નવા વર્ઝન - કાસ્પરસ્કાય એન્ટી વાયરસ ,કાસ્પરસ્કાય ઈન્ટરનેટ સિકયોરીટી અને કાસ્પરસ્કાય ટોટલ સિકયોરીટી પર છે. શ્રી અલ્તાફ હલ્દે, મેનેજીંગ ડીરેકટર, સાઉથ એશિયા એ જણાવયુ કે અમારુ કાસ્પરસ્કાય એન્ટી વાયરસ ,કાસ્પરસ્કાય ઈન્ટરનેટ સિકયોરીટી અને કાસ્પરસ્કાય ટોટલ સિકયોરીટી વર્ઝન્સ અમારા ઉપયોગકર્તાઓને સલામતી અને સુરક્ષા પુરી પાડવાની કટિબદ્ધતા અંતર્ગત છે. અમારી ફરારી સાથેનો સહયોગ પણ આ કોમન ગ્રાઉન્ડ પર છે અમે બન્ને સુરક્ષા અને પરર્ફોમન્સ ને સૌથી મહત્વ આપીએ છીએ.

## પરફેક્ટ ઈવનિંગ વોચ : પ્રિમિયર નોવાક યોકોવિક સ્પેશિયલ એડિશન



સીકોએ નોવાક યોકોવિક સાથે ચાર વર્ષ અગાઉ સહયોગ કર્યો છે અને ત્યારથી સીકોએ નોવાકના વ્યસ્ત જીવનના વિવિધ પાસાઓ માટે કેટલીક ઘડિયાળો બનાવી છે. ૨૦૧૭માં સીકોએ નોવાકના કલેક્શનમાં સ્પેશિયલ એડિશન વોચ આપી છે કે જે તેમના ફોર્મલ ઈવનિંગ ઓકેશન્સને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરાઈ છે. આ ઘડિયાળ પ્રિમિયર કલેક્શન સાથે જોડાઈ છે અને તેમાં સીકોની અનોખી કાઈનેટીક પર્પેચ્યુઅલ કેલિબરનો સમાવેશ કરાયો છે. આ ઘડિયાળ બે વર્ઝનમાં ઉપલબ્ધ છે અને તેને સપ્ટેમ્બર ૨૦૧૭માં સીકોના વિશ્વભરમાં રહેલા અગ્રણી રિટેલ આઉટલેટ્સમાં લોન્ચ કરાશે.

## અધ્યયન દર્શાવે છે કે બદામ સારા કોલેસ્ટ્રોલ બનાવવા માટે ખૂબ જ મદદરૂપ બને છે

એલમંડ બોર્ડ ઓફ કૈલિફોર્નિયા દ્વારા ધી જનરલ ઑફ ન્યૂટિશનમાં પ્રકાશિત શોધકર્તાઓ દ્વારા પેન રાજ્ય વિશ્વવિદ્યાલયમાં કરવામાં આવેલી એક નવી શોધ અનુસાર બદામને નાસ્તા રૂપે કોલેસ્ટ્રોલ ઓછું કરવાના આહારના ભાગરૂપે લેવાથી સર્વાધિક ફાયદારૂપ સારા એલડીએલ કોલેસ્ટ્રોલમાં વધારો થઈ શકે છે અને શરીરથી હાનિકારક કોલેસ્ટ્રોલને હટાવવાની ક્ષમતામાં વધારો થઈ શકે છે. અનેક લોકો નથી માનતા કે તેમના ડોક્ટરથી મળનારા કોલેસ્ટ્રોલની સંખ્યા ખરાબ તથા સારા કોલેસ્ટ્રોલનું સંયોજન છે જેમાં ખરાબ એલડીએલ કોલેસ્ટ્રોલ હૃદય રોગનું જોખમ વધારે છે તથા સારા એચડીએલ કોલેસ્ટ્રોલ હૃદયરોગને બચાવવામાં મદદ કરે છે. આને યાદ કરવાની એક સરળ રીત છે કે : એલડીએલના એલને યાદ રાખો. એલથી થાય છે લો એટલે કે આ યાદ રાખો કે એલડીએલને લો એટલે કે ઓછું રાખો. શરીરમાં વધુ એલડીએલ કોલેસ્ટ્રોલ ધમનિઓમાં થક્કા (પડ) બનાવી શકે છે. જેનાથી હાર્ટ એૈટેક કે સ્ટ્રોકનું જોખમ વધી જાય છે. એચડીએલનો એચ યાદ રાખો જે એક સારું કોલેસ્ટ્રોલ છે એટલે કે આને હાઈ મતલબ ઉચ્ચ હોવું જોઈએ. શરીરમાં એચડીએલનું કામ વધુ કોલેસ્ટ્રોલને સાફ કરવું અને લીવર સુધી લઈને જવું છે, જ્યાં જઈને આ તૂટી જાય છે અને શરીરથી હટી જાય છે. શોધમાં દર્શાવવામાં આવ્યું છે કે એલડીએલ તથા એચડીએલ બંને પ્રકારના કોલેસ્ટ્રોલના અનેક સબ ટાઈપ છે. સામાન્યત: અપેક્ષાકૃત નાના તથા વધુ ઠોસ એલડીએલ કણ મોટા કણોની અપેક્ષા વધુ નુકશાનકારક છે. અને દરેક એચડીએલ કણ વધુ મોટા કણ વધુ પરિપક્વ એચડીએલ સર્વાધિક રક્ષાત્મક જોવા મળ્યા છે. બદામ એક સ્માર્ટ સ્નેક્સ છે. આ શોધ કેટલાક અન્ય કારણો પર પણ પ્રકાશ ફેંકે છે કે કેમ બદામ હૃદયના સ્વાસ્થ્ય માટે લાભદાયક છે. બદામ ખાવાથી એલડીએલનું સ્તર ઓછું થાય છે અને તમારા સારા એલડીએલના સ્તરને વ્યવસ્થિત કરે છે તથા વાસ્તવમાં તમારા સારા એલડીએલ કોલેસ્ટ્રોલને સારું કામ કરવામાં મદદ કરે છે.

## સજન રે જૂઠ મત બોલોમાં અસાધારણ લગ્નની ઉજવણી શરૂ



સજન રે ફિર જૂઠ મત બોલોનાં જયવીર ચોપરા અને જયા લોખંડેની લગ્નની તૈયારીઓ ધૂમધડાકાભેર શરૂ કરી છે. વહાલું કપલ જય (હુસૈન કુવા-જેરવાલા) અને જયા (પાર્વતી વઝે) આખરે આ સપ્ટેમ્બરમાં લગ્નગ્રંથિથી જોડાશે. જય અને પરિવાર ગરીબ હોવાનો દેખાડો કરે છે અને લોખંડે (શરદ પોંક્ષે) કોઈ પણ ભવ્ય ઉજવણી પર આડેધડ ખર્ચ કરવાની વિરુદ્ધ છે તે છતાં આ લગ્ન ધામધૂમથી થવાનાં છે. ઉજવણી મહેંદી અને સંગીત સમારંભમાં અત્યંત વિખ્યાત અને પ્રતિભાશાળી ડાન્સ ટ્રુપ વી કંપની દ્વારા ભવ્ય પરફોર્મન્સ સાથે શરૂ થશે. ડાન્સ કંપની તેમના ડાન્સ ટ્રૂપને બિનશરતી ટેકો આપવા માટે લોખંડેન ઋણી હોવાથી તેઓ પરફોર્મ કરવા માટે નક્કી કરે છે અને લોખંડેને સંગીત અને મહેંદી માટે હોલ મફત આપે છે. સંગીતમાં વી કંપની દ્વારા પાવર પેક્ડ પરફોર્મન્સ હોવા સાથે દીપિકા કક્કરનો ઝાકઝમાળભર્યો અને ડેશિંગ પરફોર્મન્સ પણ જોવા મળશે. વી કંપની ગણેશ વંદના પરફોર્મ કરશે ત્યારે દીપિકા અને જય દિલ્હી વાલી ગર્લફ્રેન્ડ પર પરફોર્મ કરશે. આ વિશેષ પરફોર્મન્સ સાથે આ સંગીતના સમારંભ દરમિયાન ભરપૂર ડ્રામા પણ જોવા મળશે.સજન રે ફિર જૂઠ મત બોલોમાં ભવ્ય સમારંભ જલસો જુઓ, સોમવારથી શુક્રવાર, રાત્રે ૯, ફક્ત સોની સબ પર!!

## યાત્રાધામ અંબાજી ખાતે વોડાફોન તરફથી મેડિકલ કેમ્પ



યાત્રાધામ અંબાજી ખાતે યોજાતા વાર્ષિક ભાદરવી પૂર્ણિમાના મેળાના પ્રસંગે વોડાફોને યાત્રિકોની સુવિધામાટે એક અઠવાડિયા સુધી અનેક પહેલ આદરી હતી. યાત્રાળુઓ આરામ કરી શકે તે માટે પંડાલ ઊભાકરવામાં આવ્યા હતા અને નિ:શુલ્ક જળસેવા અને નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. યાત્રિકોનીઆરોગ્ય અને સુરક્ષા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વોડાફોન તરફથી મેડિકલ કેમ્પ પણ ઊભો કરવામાં આવ્યો હતો

## સ્ટાર ઉત્સવ સાથે આ સપ્ટેમ્બરની ઉજવણી કરો

મુંબઈ

દેશની સૌથી વિશાળ પ્રસારણકર્તા સ્ટાર નેટવર્કની ફ્રી ટુ એર ચેનલ સ્ટાર ઉત્સવ આ સપ્ટે.માં ત્રણ નવા શો લોંચ કરવા સાથે દર્શકોને મનોરંજનનો મોટો ડોઝ આપવા માટે સુસજ્જ છે. યુવાનોનો શો સટ્ટા હક, જે સંયુકતાની વાર્તા છે તે ૨ સપ્ટે.ના રોજ પ્રસારીત થઈ હતી. જ્યારે ફેમીલી ડ્રામા યહ રીશ્તા કયા કહલાતા હૈ અને ત્રણ ભાઈઓની વાર્તા ઈશ્કબાજ ૨૩ સપ્ટે.ના રોજ પ્રસારીત થશે. સંયુકતા નામે યુવતીની વાર્તા છે. જે એન્જીનીયરીંગ સંસ્થામાં પોતાના હક માટે લડે છે. આ અનોખો શો મુંબઈની એન્જી.કોલેજની પાર્શ્વભુમાં બનાવવામાં આવ્યો છે. સટ્ટાહકમાં સંયુકતાને દરેક પગલે પુર્વગ્રહો સાથે લડતી બતાવાઈ છે. પુરૂષપ્રધાન દુનિયામાં સ્ત્રી હોવાનુંમહત્વ તે આલેખીત કરે છે. તે પોતાની સામે આવતા બધા અવરોધોમાંથી બહાર આવીને તેની સામે અડીખમ બનીને ઉભી રહે છે.

યુવાનો અને પારીવારીક દર્શકોમાં અત્યંતલોકપ્રીય ઈશ્કબાજની વાર્તા બે જણ સિવાય અને અનીકાની છે જે ભૂમિકા નકુલ મહેતા અને સુરભી ચંદના દ્વારા અનુક્રમે ભજવવામાં આવી છે. આ શો આરંભમાં ત્રણ ઓબેરોય ભાઈઓની વાર્તા પર કેન્દ્રીત થાય છે અને પછી સિવાય અને અનીકાની વાર્તા પર કેન્દ્રીત થાય છે. યુવાનો હોય,સ્ત્રી અને પુરૂષો હોય કે પરીવારો હોય સ્ટાર ઉત્સવ પાસે બધા માટે શો છે. જોતા રહો મનોરંજનના ડોઝ માટે આ સપ્ટે.સ્ટાર ઉત્સવ.

## મેટ્રીમોની.કોમનું પ્રારંભિક જાહેર ભરણું રૂ. પાંચની ફેસ વેલ્યુવાળા ઈક્વિટી શેર માટે રૂ. ૯૮૩-રૂ.૯૮૫ શેરની પ્રાઈઝ બેન્ડ સાથે ૧૧ સપ્ટે. ના રોજ ખુલશે



અમદાવાદ

વેબસાઈટનાં પાનાંઓના મૌલિક વપરાશકર્તાઓના સરેરાશ વ્યુઝના આધારે દેશની એક અગ્રણી ઓનલાઈન મેચમેકિંગ સેવાઓ પૂરી પાડતી મેટ્રીમોની.કોમ લિમિટેડ તેનું પ્રારંભિક જાહેર ભરણું લાવી રહી છે જે ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ ખુલશે અને ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ બંધ થશે, જેમાં કંપનીના રૂ. પાંચની ફેસ વેલ્યુવાળા પ્રત્યેક ઈક્વિટી શેર માટે પ્રાઈસ બેન્ડ રૂ. ૯૮૩-રૂ.૯૮૫ રહેશે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડ/ઓફરનો સમયગાળો ૦૮ સપ્ટેમ્બર ૨૦૧૭થી શરૂ થશે જે ઓફર ખુલવાના એક દિવસ પહેલાંથી શરૂ થશે. એન્કર ઈન્વેસ્ટરના હિસ્સામાં ઓછી અરજીઓ અથવાફાળવણી નહીં થવાની સ્થિતિમાં તેના શેષ શેર્સ નેટ ક્યુઆઈબી હિસ્સામાં (જે વિશે આગળ જણાવાશે) ઉમેરવામાં આવશે. નેટ ક્યુઆઈબી હિસ્સાના પાંચ ટકા (એન્કર ઈન્વેસ્ટર હિસ્સા સિવાયના) ઈક્વિટી શેર્સ માત્ર મ્યુચ્યુઅલ ફંડસને પ્રમાણસર ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે.નેટ ક્યુઆઈબી હિસ્સાનો શેષ હિસ્સો, મ્યુચ્યુઅલ ફંડ્સ સહિત, ક્યુઆઈબીઝ (એન્કર ઈન્વેસ્ટર સિવાય)ને પ્રમાણસર ફાળવણી માટે એ શરતેઉપલબ્ધ રહેશે કે તેમની પાસેથી ઓફર પ્રાઈસ કે તેથી વધુ કિંમતે માન્ય બિડ્સ પ્રાપ્ત થાય. જોકે, જો મ્યુચ્યુઅલ ફંડ્સની માગ નેટ ક્યુઆઈબીહિસ્સાના પાંચ ટકાથી ઓછી રહેશે તો, મ્યુચ્યુઅલ ફંડના હિસ્સાના શેષ ઈક્વિટી શેર્સ નેટ ક્યુઆઈબી હિસ્સામાં ક્યુઆઈબીને પ્રમાણસર ફાળવણીમાટે ઉમેરવામાં આવશે. જે નેટ ઓફરના ૭૫% ક્યુઆઈબીઝને ફાળવવામાં નહી આવે તો તે માટેની તમામ અરજીનાં નાણાં પરત કરવામાં આવશે.

## ખુમારી અને ખુદારીભર્યું જીવન જીવનાર કવિ શ્રી મનહર દિલદારની તૃતીય પુણ્યતિથિ નિમિત્તે શત શત વંદન



સ્મરણોના ઉપવનમાં શ્રી મનહર દિલદાર તા.૭ સપ્ટે.ના અનંતા ચતુદર્શી અને ગણેશ વિસર્જનની પુર્વ રાત્રીએ અનંતમાં વીલીન થઈગયેલા ગુજરાતના ખ્યાતનામ શાયર મનહર દિલદારની દુન્યવી મહેફીલ ત્યજીને પ્રભુની દિવ્ય મહેફીલમાં મુશાયરાની રંગત જમાવવા ઉપડી ગયાને આજે ત્રણવર્ષ પુરાં થયાં. મુશાયરાના ઓપનીંગ બેટસમેન ગણાતા શ્રી મનહર દિલદારએ પોતાની આગવી છટાથી મુશાયરામાં ગઝલને રજુ કરતાં જેમણે જોયા સાંભળ્યા છે તેઓ તેમની એ છબીને આજે પણ વિસરી શકયા નથી. તેઓ આજે આપણી વચ્ચે નથી પણ તેમની અક્ષરદેહ આજે પણ સૌને પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે.

ગઝલમાં ને ગઝલમાં જીંદગી પુરી થજો મારી મને ઈચ્છા નથી કો માન કે અકરામ લેવાની.. એમ કહેનાર દિલદાર ગઝલ કહે છે કે

દિલેદીલ ગઝલનું વહન જોઈ લીધું
અનોખું અનેરૂં કવન જોઈ લીધું
તુલામાં મુકયા કાવ્યના સૌ પ્રકારો
ગઝલનું વધારે વજન જોઈ લીધું
ચરાચરની સૃષ્ટી ગઝલમાં વસી છે
અમારી સનમ પણ ગઝલમાં હસી છે
ગઝલમાં અમે જીંદગીને રચી છે
અમારી તો મંજીલ ગઝલમાં વસી છે

દિલદારનો ગુજરાત પ્રેમ એમની ગઝલ વાંચો કથા ગુજરાતની ગઝલમાં ઉત્કટ રીતે વ્યકત થયો છે.

આ વિરંચીએ રચેલી સૃષ્ટી સૌ ખુંદી વળો
કયાંય નહીં જડશે તમોને જોડ આ ગુજરાતની

આપણા વડાપ્રધાનશ્રીએ સ્વચ્છતા ઝુંબેશ ચલાવી પરંતુ દિલદારે તો વર્ષો પહેલાં સ્વચ્છતાની મહત્તા સમજાવતાં લખ્યું છે કે:

**નિયમસર જીવશો જો સ્વચ્છતા રાખી હંમેશા તો**
**મરણ, દુ:ખદર્દની વણઝાર પણ લાચાર થૈ જાશે**

ધર્મના નામે ચાલતા ધતીંગો જોઈ કવીને દયાનંદ સરસ્વતી યાદ આવે છે

## શાઓમીએ એન્ડ્રોઈડ વન માટે ગૂગલ સાથે Mi A1 ની રજુઆત કરી



વૈશ્વિક ટેકનોલોજી આગેવાન શાઓમે દ્વારા ઉત્ક્રાન્તી પામતા એન્ડ્રોઈડ વન પ્રોગ્રામ પર ચાલતુ પ્રથમ ડિવાઈસ Mi A1 ગૂગલ સાથે સહયોગમાં લોન્ચ કર્યાની જાહેરાત કરવામાં આવી.

Mi A1 ગૂગલ દવારા ડિઝાઈન કરાયેલો ઉચ્ચ ગુણવત્તાના સોફ્ટવેર પ્રદાન કરવા માટે સ્ટોક એન્ડ્રોઈડ પર ચાલે છે, જે ઉપભોકતાઓને વધુ પસંદગી આપવા માટે શાઓમીની કટિબદ્ધતા અધોરેખિત કરે છે. ભારતમાં ૧૪,૯૯૯ની કિંમતે Mi A1 સુંદર રીતે ઘડવામાં આવેલુ ડિવાઈસ છે . જેમા ઉત્તમ ગૂગલ Mi A1ડિઝાઈન્ડ સોફ્ટવેર સાથે ઓપ્ટિકલ ઝુમ ડયુઅલ કેમેરા સેટઅપ સહિત હાર્ડવેર નાવીન્યતાઓને જોડે છે.

# પાલવના પડછાયા



નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...


### રાજસ્થાની બેસનવાળા મરચા

રસોઈનો સ્વાદ વધારવા માટે તેની સાથે પીરસો ચટપટી રાજસ્થાની બેસનવાળા મરચા... જાણો તેની રેસીપી જરૂરી સામગ્રી - ૮ લીલા મરચા, એક મોટી ચમચી બેસન, અડધી ચમચી હળદર, એક નાની ચમચી ધાણાજીરુ, એક નાની ચમચી આમચૂર પાવડર, એક નાની ચમચી વરિયાળી વાટેલી, ચપટી હિંગ, અડધી ચમચી જીરુ, અડધી ચમચી રાઈ, સ્વાદમુજબ મીઠુ.

એક મોટી ચમચી સરસવનું તેલ.

બનાવવાની રીત - લીલા મરચાને ધોઈને તેના દીઠા કાઢી લો. હવે મરચાને સમારી લો. ગેસ પર કઢાઈ ગરમ કરવા મુકો. તેમા બેસન નાખીને સાધારણ બ્રાઉન રંગમાં સેકી લો. બેસન ચમચીથી હલાવતા રહો જેથી બળી ન જાય. બેસનને પ્લેટમાં કાઢી લો. પછી કઢાઈમાં તેલ નાખીને ગરમ કરો. પછી તેમા તેલ, જીરુ, રાઈ અને હિંગ નાખો. જ્યારે રાઈ અને જીરુ તતડે ત્યારે તેમા ધાણાજીરુ, હળદર, આમચૂર પાવડર, વાટેલી વરિયાળી, લીલા મરચા અને મીઠુ નાખીને સારી રીતે મિક્સ કરો. ત્યારબાદ મરચાનાં મિક્સરમાં એક મોટી ચમચી પાણી નાખો અને મરચા ઢાંકીને સીઝવા દો. ૨ મિનિટ પછી તેમા સેકેલુ બેસન નાખીને હલાવો અને ૨ મિનિટ થવા દો પછી ગેસ બંધ કરી દો. તૈયાર છે રાજસ્થાની બેસનવાળા મરચાં. હવે આને ગમે ત્યારે ખાઈ શકો છો.



# એકાંત પળોનું મહત્વ પતિ-પત્ની વચ્ચેના સહચર્ય માટેની શ્રેષ્ઠ તક

**નારી ચેતના**

પતિના પત્ની સાથેના વ્યવહારની સીધી અસર તેમના અંતરંગ જીવનમાં પડે છે. જો પતિ ટાણે કટાણે પત્નીની ટીકા કરતો હોય, તીખા અને કડવા શબ્દો બોલતો હોય, વાતવાતમાં હડધૂત કરતો હોય તો એના આવા વ્યવહારથી પત્નીનું ભાવુક મન ઘવાય છે

લગ્નજીવન સામાન્ય રીતે એવું જોવા મળે છે કે પતિ-પત્ની રોજિંદા જીવનમાં એકબીજાને ખૂબ આદર અને માન આપે છે, એકબીજા સાથે પોતીકાપણાનો અને પ્રેમભર્યા વ્યવહાર કરે છે, પરંતુ જ્યારે તો અંતરંગ પળો માણતાં હોય છે ત્યારે નીરસતા અને બેચેની અનુભવે છે. એ વખતે એકબીજાને સંપૂર્ણ સમર્પિત થઈ જવાની ઈચ્છા, ઉત્તેજના અને ઉન્માદ ક્યાંય દેખાતા નથી. બસ, ફક્ત એકબીજાની જરૂરિયાત પૂરી કરી દેવાતી પોતાની જવાબદારી પૂરી થઈ ગઈ એવું માને છે.પતિ -પત્ની ભલેને એકબીજાને ગમે તેટલું ચાહતા હોય અને એકબીજા સાથે ગમે તેટલા ખુલ્લા દિલથી રહેતા હોય, પણ એમને એના સાથીની સેક્સ ત્રુટીઓ વિશે ખાસ કંઈ ખબર નથી હોતી એ હકીકત છે.પત્નીઓ પતિ સાથે સેક્સ સિવાયના બધા વિષયો પર સહજપણે વાત કરે છે. પણ પોતાની વ્યક્તિગત કામેચ્છાઓ વિશે કહેતાં સંકોચ અનુભવે છે કે ક્યાંક પતિ એનો ઊંધો અર્થ ન લઈ બેસે.

આમ તો દરેક પત્ની ઈચ્છે છે કે પતિ એની કામેચ્છાઓ વિશે જાણે. અને સમજે કે એને શું ગમે છે.કોઈપણ સ્ત્રી માટે સેક્સનો અર્થ એના પત્ની તરીકેના સ્થાનની સાર્થકતાનો પર્યાય છે. એને લગ્નજીવનમાં થયેલા અનુભવોનો પડઘો જાતીય જીવનમાં પડે છે. એટલે કે આ ક્ષણો સિવાય પતિના પત્ની સાથેના વ્યવહારની સીધી અસર એમના અંતરંગ જીવન પર પડે છે.જો પતિ ટાણેકટાણે પત્નીની ટીકા કરતા હોય, તીખા અને કડવા શબ્દો બોલતો હોય, વાતવાતમાં હડધૂત કરતો હોય તો એના આવા વ્યવહારથી પત્નીનું ભાવુક મન ઘવાય છે. અને આવી પત્નીઓ માટે અંતરંગ પળોમાં પતિ સાથે સક્રિય અને ઉત્તેજક વ્યવહાર કરવો લગભગ મુશ્કેલ બની જાય છે.પતિ એવું માને છે કે એ પત્નીને આટલો બધો પ્રેમ કરે છે કે, ઘર અને બાળકો એના ભરોસે મૂકે છે. અને કેટલીક બાબતોમાં પોતે પણ એના ભરોસે રહે છે. તો પછી કોઈ વાર ભૂલથી જો એ પત્ની સાથે અણછાજતું વર્તન કરી બેસે તો એમાં આટલા નારાજ થવાની શી જરૂર છે. આખા દિવસની દોડધામ અને થાક પછી જો તે પત્નીનું સમર્પણ ઈચ્છે તો પછી પત્ની નીરસતા બતાવી એને નિરાશ કેમ કરે છે? દિવસ દરમિયાન બેનેલી અપમાનજનક વાતોને ભૂલીને એ સામાન્ય અને સહજ કેમ નથી બની જતી.છેવટે એ પોતે પણ બધું ભૂલાવી જ દે છે કે ને કોઈપણ પતિનો આવો તર્ક પાયા વિનાનો છે. કેમ કે આ બધો ભાવનાઓનો ખેલ છે. તીખી અને કડવી વાતોથી ઘાયલ થયેલું મન એમ કંઈ જલદી બધું ભૂલી શકાતું નથી.

બધું ભૂલીને સામાન્ય થઈ જવું એ કહેવું સરળ છે, પણ એનો અમલ કરવો બહુ મુશ્કેલ છે.પતિ-પત્ની એકબીજા સાથે માનસન્માન ભર્યા વ્યવહાર રાખવાની સાથે સાથે એકબીજાને દુ : ખ થાય અથવા મન દુભાય એવી વાતો ન કહેવાની કાળજી રાખવી જોઈએ.મજાક મસ્તીમાં પણ નહીં કહેવાનું જો કંઈક ન ગમ્યું હોય એને કહેવું જ હોય તો નરમાશથી, સારા શબ્દોમાં સમજાવીને એકાંતમાં કહો જેથી કોઈનું પણ અપમાન ન થાય. જો પતિ-પત્ની એકબીજા માટે સારો શ્રોતા બની રહે તો ઘણીખરી


અનુસંધાન પાના નં.૬


# બાળકને ઊંઘમાં પેશાબ કરવાની ટેવ

**બાળ ઉછેર**

બાળકમાં કોઈ પણ પ્રકારનો ભય કે ચિંતા સતત રહે કે જેને લીધે કોઈ પણ પ્રકારનો એવો દંડ કે શિક્ષા થતાં તેને અન્ય ભાઈ-બહેનોની સરખામણીએ હિતનાની ભાવના પ્રકટ થાય તો પણ આ વિકૃતિ થાય છે

ઘણા બાળકોમાં રાત્રે ઊંઘમાં થળ જતી અનૈચ્છિક મૂત્રત્યાગની પ્રવૃતિ અધિક જોવામાં આવે છે. જો કે, આ એવી કોઈ કષ્ટદાયક વ્યાધિ કે વિકૃતિ નથી. પરંતુ તેની માનસિક અસર થતી હોય છે. આ વિકૃતિનો ઉચિત ઉપચાર કરવામાં ન આવે તો તે કિશોરાવસ્થા અને કેટલાક કેસોમાં તો યુવાવસ્થા સુધી એક લપની જેમ પીછો છોડતી નથી. સામાન્ય રીતે બાળક બેથી ત્રણ વર્ષનું થતાં રાત્રિકાલીન મૂત્રપ્રવૃતિ પર નિયંત્રણ-કાબૂ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી લે છે. એટલે આ ઉંમર પછી પણ જો આ વિકૃતિ પર બાળક કાબૂ ન મેળવી લે તો તેના પ્રતિકાર માટે ઉપચાર કરવો જોઈએ.

અમુક બાળકોમાં આ અક્ષમતા જન્મજાત કોઈ દોષને લીધે પણ ઉત્પન્ન થાય છે. આવા કેસોમાં એવા બાળકોની યોગ્ય પરીક્ષા દ્વારા તેનાં મૂળભૂત કારણો શોધી લેવાં જોઈએ. આ સિવાય આ પ્રકારની વિકૃતિમાં ઘણી વખત બીજી વિકૃતિઓ પણ કારણભૂત હોય છે. મૂત્રાશયનો સોજો પથરી બહુમુત્રતા, ગુર્દા-કિડનીની વિકૃતિ પેટમાં કૃમિને તેમાં પણ ખાસ કરીને તંતકૃમિ થ્રેડવર્મ ગુદામાર્ગ કે મૂત્રમાર્ગની ખંજવાળ નિરૃદ્ધ પ્રકાશ, મધુપ્રમેહ (ડાયાબિટીસ) માનસિક અને મગજની નબળાઈ વગેરે. આ અવયિક વિકાસ સિવાય પણ અહી જણાવેલ કારણોમાંથી કોઈ પણ એક બે ત્રણેય કારણો પણ કારણભૂત હોય છે. બાળકમાં કોઈ પણ પ્રકારનો ભય કે ચિંતા સતત રહે કે જેને લીધે કોઈ પણ પ્રકારનો એવો દંડ કે શિક્ષા થતાં તેને અન્ય ભાઈ-બહેનોની સરખામણીએ હિનતાની ભાવના પ્રકટ કરે તોપણ આ વિકૃતિ થાય છે.

કેટલાક બાળકોમાં માત્ર માનસિક દુર્બળતાને લીધે પણ આ રોગની ઉપસ્થિતિ જોવા મળે છે. પ્રતિકારઃ આ રોગ કે વિકૃતિને સાધ્યસાધ્યતા આ રોગના મૂળભૂત કારણો પર આધાર રાખે છે. જો આવા કારણોને ઉચિત રીતે દૂર કરવામાં આવે તો આ વિકૃતિ ઔષધ વગર પણ સ્વયં મટી જાય છે. એટલે કે આ વિકૃતિમાં તેનો પ્રતિકાર પણ કારણોનુસાર જ કરવો જોઈએ. મૂત્રધારણની શક્તિ અભ્યાસ પર અવલંબિત છે. જેવી ટેવ બાળકમાં પાડવામાં આવે તે પ્રમાણે મૂત્રપ્રવૃતિ થાય છે. એટલે મૂળભૂત કારંણો શોધીને જ તેનો પ્રતિકાર કે ઉપચાર પ્રયોજવા જોઈએ. આ વિકૃતિથી આક્રાંત બાળકોને સાયંકાળ પછી અથવા રાત્રિમાં જેમ બને દ્રવ્ય પદાર્થોનું ઓછું સેવન કરાવવું. સૂતી વખતે બાળકોને નિયમિત રીતે મૂત્ર ત્યાગની ટેવ પાડવી. તથા રાત્રિમાં એકાદ વખત ઊંઘમાંથી ઉઠાડીને પણ મૂત્રપ્રવૃતિ કરાવવી. ઔષધોમાં મૂત્ર સંગ્રહણીય ઔષધોનાં ચૂર્ણો કે ક્વાથ વૈદ્યો બાળકની ઉંમર ઋતુ દુષ્ય સાર સંહનન રુચિ વગેરેનો વિચાર કરીને તદનુસાર ગોઠવીએ છીએ. માત્રા અને અનુપાન પણ તે પ્રમાણે જ ગોઠવાય તો સફળ પરિણામ મળે છે. લાડકોડમાં ઉછરેલ બાળકોમાં આ રોગ વધારે જોવામાં આવે છે. એટલે માતા-પિતાએ આ બાબતનો પણ વિચાર કરવો. ઔષધોમાં અગ્નિતૂડીવટ, સંજીવનીવટી, આરોગ્યવિંધની અને ગોક્ષુરાદિવટી એક એક રાત્રે સૂતી વખતે આપવી.

**રસથાળ**

### ટેસ્ટી સમોસા

સમોસાના સ્વાદનું રહસ્ય તેમાં ભરાયેલ મસાલામાં છિપાયેલુ છે. તમે પણ સમોસા બનાવી રહ્યા છો તો આ ટિપ્સ સાથે બનાવો ટેસ્ટી મસાલો.

જરૂરી સામગ્રી - ૪ બાફેલા બટાકા, અડધો કપ બાફેલા લીલા વટાણા, અડધી ચમચી જીરુ, અડધી ચમચી સુકાધાણાના બીજ, ૨ ઝીણા સમારેલા લીલા મરચા, એક ચમચી આદુનુ પેસ્ટ, અડધી ચમચી લાલ મરચુ, એક ચમચી આમચૂર, અડધી ચમચી ગરમ મસાસો, એક ચમચી ધાણાજીરુ, એક ચમચી વરિયાળી, ઝીણા સમારેલા ફુદીનાના પાન, ઝીણા સમારેલા લીલા ધાણા, સ્વાદમુજબ મીઠુ અને તળવા માટે તેલ.

બનાવવા માટે ટિપ્સ - બાફેલા બટાકાને છોલીને મૈશ કરો. ધીમા તાપ પર કઢાઈમાં તેલ ગરમ કરો તેમા જીરુ, સુકા ધાણાના બીજ, આદુ મરચાનું પેસ્ટ નાખીને ફ્રાઈ કરો.

પછી કઢાઈમાં બાફેલા લીલા વટાણા, લાલ મરચુ પાવડર, ગરમ મસાલો, ધાણા જીરુ અને આમચૂર નાખીને મિક્સ કરીને ૨ મિનિટ સુધી ફ્રાઈ કરો.

- વટાણા અને મસાલો સેક્યા પછી તેમા મસળેલા બટાકા અને મીઠુ નાખીને મિક્સ કરો.

- હવે મસાલાને ૩ થી ૪ મિનિટ સુધી ધીમા તાપ પર થવા દો પછી ગેસ બંધ કરી દો.

એક વાસણમાં મેંદો ચાળી લો પછી તેમા અજમો, ઘી અને થોડુ મીઠુ નાખીને સારી રીતે મિક્સ કરીને પાણીથી લોટ બાંધી લો. ત્યારબાદ લોટને ૧૫-૨૦ મિનિટ માટે એક ભીના કપડાથી ઢાંકીને મુકી દો.

- હવે મેદાના લૂઆ બનાવીને તેને ગોલ વણીને પૂરી બનાવો ત્યારબાદ ચપ્પુથી પુરીને વચ્ચેથી બે ભાગમાં કાપી લો. અડધી પૂરીના ઉપરના ભાગમાં આંગળીઓ વડે પાણી લગાવો અને તેનો કોન બનાવી લો. કોન બનાવ્યા પછી તેમા સમોસાનુ ભરાવન ભરો. કિનારા પર પાણી લગાવીને કોન બંધ કરો. એક કઢાઈમાં ૩ મોટા ચમચા તેલ ગરમ કરો અને ધીમા તાપ પર સમોસાને હલકા બ્રાઉન થતા તળી લો. ગરમા ગરમ સમોસા સર્વ કરો.

### ચીઝ બોલ

સામગ્રી : લોટનું મિશ્રણ તૈયાર કરવા માટે : અડધો કપ મેંદો, ૧ કપ મકાઈનો લોટ, ૨ ચમચી ચોખાનો લોટ ,ચપટી સોડા , સ્વાદ અનુસાર મીઠું , અડધી ચમચી ગરમ મસાલા પાવડર,અડધી ચમચી મરચું પાવડર

મસાલો બનાવવા માટે : ૧ કપ ફ્રેશ ચીઝ, ૧/૪ કપ બાફેલી પાલક, અડધો કપ ઉકાળેલા સ્વીટ કોર્ન, કાળા મરીનો પાવડર

રીત : મસાલાનું મિશ્રણ બનાવવા માટે સૌથી પહેલા ચીઝ, પાલક, સ્વીટ કોર્ન,મીઠું અને કાળા મરીનો પાવડર એકસાથે સારી રીતે મિક્સ કરો.એક બીજા વાટકામાં મેંદો, કોર્ન ફ્લોર, ચોખાનો લોટ,બેકીંગ સોડા, કાળા મરીનો પાવડર ,ગરમ મસાલો , પાણી અને મીઠાનું મિશ્રણ તૈયાર કરો. બનાવી ત્યાર બાદ મસાલા માટેની તૈયાર કરેલી સામગ્રીમાંથી નાના-નાના બોલ બનાવી લો અને લોટના મિશ્રણમાં બોળીને કાઢી લઈ ડીપ ફ્રાય કરો. આ રીતે બધા મિશ્રણમાંથી ચીઝ બોલ તળીને તૈયાર કરો.

# ફેનિલ બચાવવાની વાત

**આગ ભીતર ભીતરની** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

સરકારી દાવા છતાંય કાઈમે જાણે પોતાનું માથુ અધ્ધર કરી દીધું હતું.સત્તાવાળા લાચાર હતા.રોજ સવારે છાપામાં અથવા દિવસભર ટીવીમાં વહેતા સમાચારમાં એ કરતૂતોનું બયાન આવતું..એમાં પાછા ફોટો હોય. મસાલો નાખીને બનાવેલી એની સામગ્રી હોય. ક્યાંક ખંડાણીની.ક્યાંક ખૂનની ક્યાંક લૂંટની ક્યાં લફરાંની.. અને ક્યાંક કોઈક મહિનાપર નરાધમના દુષ્કકર્મની તો વળી સાવ નાની બાળા-જે દુનિયાના ખેલ જાણતી નથી એની પર પણ.. હું જોતો.. વાંચતો હચમચી જતો. મનોમન સવાલ પણ પૂછતો ભગવાને માણસને અક્કલ આપી છે. મજબૂત મગજ આપી દીધું છે.. શું આ માટે ? પણ મારા સવાલ હતો અને સામે છેડે કૃત્યો કરનારને રૂપિયા મળતા આખરે રૂપિયા કળતા હોય ત્યારે માણસ-પાપ.. અધર્મ જોતો નથી.. રૂપિયાની ચમક આગળ બીજું બધું ઝાખું થઈ જાય છે.દેશમાં પોતાની ગરબી.. બેકારી.. દૂર કરવા ખોટાં કામ કરે છે..જ્યારે પકડાઈ શુંત્યારની વાત ત્યારે

મારી પોળમાં પહેલા ઘરમાં રહેતી નાનકડી વિભા શનિવારે શાળાએથી છૂટીને રીક્ષાવાળો પોળના નાકે ઉતારી ગયો હતો એ પછી એ ગુમ થઈ ગઈ હતી. શાળમાં એની હાજરી હતી અને રિક્ષાવાળાનું કહેવું હતું કે મેં એને રોજની જેમ નાકે ઉતારી હતી બસ ત્યાંથી એ ગુમ થઈ ગઈ હતી. ઘણીય શોધખોળ કરી. પરિણામ શૂન્ય. પોલિસમાં ફરિયાદ કરી રિક્ષાવાળાની પૂછપરછ થઈ તોય કાંઈ વળ્યું નહીં.

ન જાણે વિભા ક્યાં ગઈ..? કોણ એને ઉપાડી ગયું..? આખરે એકાદ બે જેટલા માસ વિતવા છતાંય એ પાછી ન આવતાં પહેલાં આઘાતમાં માએ ગળા ફાંસો ખાઈ લીધો.. પછી બાપે.. પણ વિભાને પોલીસ શોધતી જ રહી.

એક રાત્રે મારી ઉંઘ ઉડી ગઈ. હું વિચારોના ઝોબે ચડી ગયો. પોલીસના પ્રયાસો છતાંય વિભા મળી નહીં. આઘાતમાં એના મા-બાપે જીવન ટૂંકાવી દીધું.. પણ જે ઉઠાવી ગયો હશે એને તો જરૂરથી રૂપિયા મળ્યા હશે..એ રૂપિયાથી લહેર કરશે..પછી બીજી કોઈ વિભા..વિભા નહીં તો વિભા..

હું વિચારોના ઝોબે હતો અને એ સાથે ડખાં ઘસતો હતો. અડધી રાતની આ પ્રકારની મારી હરકતથી પત્ની પૂર્ણા જાગી ગઈ . હડપ કરતીક બેઠી થઈ ગઈ..'ઉંઘ નથી આવતી' ? એણે સવલ પૂછ્યો 'હા' મેં કહ્યું

'કોઈ વિચારે ચડ્યા હશો..આમે તમને વિચાર વાયુ છે.ખરાખોટા વિચારો કરવા તમે ટેવાઈ ગયા છો.બોલો શાના વિચારે ચડ્યા છો'?

'વિભાના' મે કહ્યું.

વિભા નામ સાંભળતાં જ એ જાણે કે ભડકી ઉઠી કારણ કે વિભાનું નામ ઘર ઘરમાં અને પોળના માણે માણસની જીભે હતું. એ ક્યાંક ગુમ થઈ ગઈ હતી કે પછી કોઈ એને ઉઠાવી જઈને ક્યાંક વેચી દીધી હતી.

એ વાત હતી. વિભા ના અમારી જ પોળને પણ આખાય શહેરમાં પ્રખ્યાત સાથે સાથે સહાનુભૂતિનું પાત્ર બની હતી. એમાંય એ મા બાપે આપઘાત કરી લેતાં શહેર જાણે બે ક્ષણ માટે એનો લય ચૂકી ગયું હતું.

'પોલીસ જ્યા કશું કરી શકતી નથી ત્યાં તમારા ઉજાગરાથી શો ફેર પડશે.'? પત્ની પૂર્ણાએ. એની સોચ મુજબ કહ્યું..અડધી રાત્રે.. મેં એની સામે જોયું. મારો આત્મા જાણે કકળી ગયો.. એ તો જેનાં જાય એ જાણે.. વળી પૂર્ણા તારે ખુદનું સંતાન નથી.. તું શું જાણે સંતાન ખોવાયાનું દર્દ.. વિચારોએ વળ ખાધી. પણ હું એક દમ ખામોશ રહ્યો. હું નિઃસંતાન હતો. એ વાત હું જાણતો હતો. આખરે પૂર્ણાએ મારા માથે હાથ મૂક્યો.આંખો ઘેરાઈ ગઈ અને કઈ પળે ઉંઘ આવી ગઈ.

વિભાના મા-બાપના આપઘાત પછી પણ તપાસ ચાલું જ હતી પણ જાતને પ્રજાના રખેવાળ સમજતી પોલીસે આકાશ પાતાળ એક કરવા છતાંય પરિણામ શૂન્ય અને શૂન્ય જ જાણે કેસ બંધ કરવો પડશે.

ઠેર ઠેર દરોડા..પૂછપરછ.. અન્ય શહેરોમાં દોડધામ...પણ વિભાના કોઈ જ સગડ મળતા ન હતાં... જો કે વાત પણ ઠંડી પડતી જતી હતી. એની પાછળ એક બીજું કારણ હતું. વિભાનાં મા-બાપ હયાત ન હતાં. જીવતા હોત તો ઠેર ઠેર દોડા ધક્કા ખાત અને વાતને ગરમ રાખત.

હા, ક્યારેક ક્યારેક સોસાયટીની સ્ત્રીઓ, પુરૂષોમાં વિભાની વાત ચર્ચાતી અને એ વાતનો આખરી સૂર એ જ રહેતો કે પોલીસથી કશું વળવાનું નથી.

સમય પસાર થતો હતો. પોળવાળા વિભાના કિસ્સા પછી પોતાના બાળકોને શરૂ શરૂમાં સાવધાન રાખ્યા હતા પણ પછી તો એ પણ રેઢિયાળ થવા લાગ્યા હતા.


અનુસંધાન પાના નં.૬


# ગુજરાતી સાહિત્યમાં ત્સુનામી સર્જનાર જાપાનીઝ 'હાઈન્કા'

**શબ્દ સમીપે** - નટવર હેડાઉ

જાપાનમાં આવેલ ભયંકર ભૂકંપ અને તે પછી ત્સુનામીના દ્રશ્યો ટીવી ચેનલો પર જોતાં અને તેનાં અહેવાલો અખબારોમાં વાંચતાં ત્યાંના લોકોની સહનશીલતા, શિસ્ત, સંસ્કારીતાની અનેકવાતો પણ આપણી સમક્ષ ઉઘડી રહી છે. ત્યાં અવારનવાર ભૂકંપ આવ્યા કરે છે પણ સુનામીના કારણે અને માનવ સર્જીત અણુમથકોનજા રેડીયેશનને કારણે જે પરીસ્થિતિ ઉપસ્થિત થઈ છે તેની ચિંતા અને ચિંતન એક યા બીજા સ્વરૂપે થયા કરે છે ત્યારે આપણા ગુજરાતી સાહિત્યમાં જાપાનનો એક કાવ્ય સાહિત્યકાર હાઈકુ તો હવે પોતીકો બની ગયો છે. તે ઉપરાંત તાન્કા કાવ્યો પણ આપણાં ઘણાં કવિતો રચતા થયા છે પણ એક ઘટના જે મારા ધ્યાનમાં આવી છે જે અદ્ભુત છે. વિદેશી સાહિત્ય પ્રકારમાં પણ પોતાની રીતે સંશોધન કરીને કોઈ નવો જ કાવ્ય પ્રકાર શોષાય અને તેના પ્રયોગને ન વધાવીએ તો આપણાં જેટલાં નગુણા કોઈ નહીં હોય તેમ કહેવામાં અતિશયોકિત નથી.

હા મારે વાત કરવી છે ડૉ.કિશોરસિંહ સોલંકીએ ગુજરાતી સાહિત્યમાં નવો ચીલો ચાતરવાની કરેલી શરૂઆતની. તેમણે હાઈસ્કુલમાંથી હાઈ અને તાન્કામાંથી કા લઈને હાઈન્કા નામે ૫-૭, ૫-૭-૫, ૭-૭ થી જન્માવ્યો છે. નવો જ કાવ્ય પ્રકાર જન્માવ્યાની આ ઘટનાને ખુબ જ સહજ રીતે લેતાં કીશોરસિંહ સોલંકી તો એમ કહે છે કે મારે તો આંધળો ઈંટાળો નાખે અને ગોખલામાં પડે એટલે નિશાનેબાજ જેવી સ્થિતિ થઈ છે. પણ તેમની આ વાત કોઈના ગળે ઉતરે એવી નથી. કારણ કે આપણે સૌ જાણીએ છીએ કે ડૉ.કીશોરસિંહ સોલંકી દેશી અને વિદેશી સાહિત્યનાં ઉંડા અભ્યાસી અને વિદ્વાન છે અને તેથી જ તેમની વિદ્વતા, સંવેદનશીલતા અને અભ્યાસ આપણને તેમણે રચેલાં હાઈન્કામાં પસાર થતાં ખુબ સહજ રીતે માણી શકાય છે. એક જ વિષય, વસ્તુ અને કાવ્યતાને સાંકળતાં હાઈન્કા કાવ્યો ઉપરાંત હાઈકુ, તાન્કા અને ચોકા, રેંગાનો પ્રયોગ પણ તેમણે સફળતાપૂર્વક કર્યો છે .તેમના આ પ્રયોગને પરબ, કવિતા, કુમાર, કવિલોક, ઉદ્દેશ, શબ્દસૃષ્ટી અને શબ્દસર જેવાં માતબર સાહિત્યિક સામયિકોમાં પણ ખુબ સારો


અનુસંધાન પાના નં.૬


# આ રીતે આવશે સારા માર્કસ !

**નારી**

જો તમે પરીક્ષામાં સારા માર્કસ લાવવા માગતા છો તો એવા કેટલાય વૈજ્ઞાનિક આઈડિયા છે, જેનાથી તમે સારા માર્કસ લાવી શકો છો. જેમ કે વસ્તુને લખીને યાદ કરો. મેથ્સ એટલે કે ગણિતની તમે જેટલી પણ પ્રેક્ટિસ કરશો એટલા જ સારા માર્કસ આવશે. તમને કઈ રીતે માફક આવે છે એ સમજીને તમે તૈયારી કરો.

જ્યારે ઊંઘ આવતી હોય તો : જેવીરીતે નાના બાળકો રાતે ઊંઘતી વખતે વાર્તાઓ વાંચે છે,એ સમયે તમે પણ થોડુંક વાંચો ઊંઘતી વખતે મજ બધી નવી જાણકારીઓને ભેગી કરે છે. એટલા માટે એ વાતની સો ટકા ખાતરી હોય છે કે ઊંઘતા પહેલા જે કંઈ વાંચો છો એ યાદ રહી જાય છે.

પોતાને ટ્રીટ આપો : એક હેલ્ધી કુકી, તમારા ઘરમાં એક આંટો મારો, પાંચ મિનિટ ટિવટર અને ફેસબુક પર, જે તમને વાંચ્યા પછી ઈનામ જેવી લાગશે, એ કરો. તમે તમારી જાતને વાયદો કરો કે જ્યારે પણ તમે સારી રીતે હોમવર્ક કરશો ત્યારે આમાંથી એક ઈનામ તમે લેશો. એનાથી તમને સારી રીતે ભણવામાં મદદ મળશે.

જગ્યા બદલોઃ સંશોધનથી સાબિત થઈ ચૂક્યું છે કે એક જ વસ્તુ અલગ-અલગ જગ્યાએ યાદ કરવાથી એને ભૂલી જવાની શક્યતા ઓછી થઈ જાય છે. હકીકતમાં જ્યારે આપણે કમરામાંથી કિચનમાં, કિચનમાંથી ધાબા પર જઈએ છીએ ત્યારે આપણું મગજ એક વસ્તુ સાથે બીજી વસ્તુને જોડે છે અને યાદ કરી લે છે.

વિષય બદલોઃ ક્યારેય એક જ વિષયને લઈને ન બેસો. એનાથી તમને સાચી વ્યૂહરચના બનાવવામાં મદદ મળશે. જેમ બે જ્યારે ગણિતની તૈયારી કરી રહ્યા હોવ તો એમાં સરવાળા, ભાગાકાર અને બાદબાકી સામેલ કરો.

એબીસી કરશે કામ : રિડિક્યૂલ એટલે કે વસ્તુને યાદ કરવા માટે તમે એબીસીની મદદ લો.

'એ' એટલે કે એકશન ! જે વસ્તુમાં એકશન એટલે કે ગતિ હોય છે,અને આપણું મગજ ઝડપથી યાદ કરી લે છે.આપણે જ્યારે મેળામાંથી પાછા ઘરે આવીએ છીએ તો સહુથી પહેલા આપણને મેળામાં જોયેલી ચકડોળ યાદ આવે છે.

આપણું મગજ સ્થિર કરતા અસ્થિર વસ્તુ વધારે યાદ રાખે છે.

'બી' એટલે કે મોટી! જે વસ્તુ આકારમાં મોટી હોય છે એ વસ્તુને આપણું મગજ સારી રીતે યાદ રાખે છે.

'સી' એટલે કે કલરફૂલ આપણું મગજ કલર તરફ જલદી આકર્ષાય છે અને કલરમાં વધારે રસ લે છે.

# હોમમેડ ફેસપેકથી ગરમીમાં રહો 'કૂલ કૂલ' !

**રૂપના રખોપા**

બળબતી ગરમીથી ચહેરો દાઝી જાય છે.એ માટે દરેક વખતે બ્યુટીપાર્લરમાં જવું શક્ય નથી હોતું.તમે તમારા ઘરમાં હાજર રહેલી વસ્તુઓથી જ ફેસપેક બનાવી શકો છો.

ફુદીનાનો ફેસપેક : આ પેક ગરમીમાં ચહેરાને રાહત આપે છે. ત્વચાને ઠંડી રાખે છે.

ફેસપેક બનાવવા માટે સામગ્રી તાજો ફુદીનો, એક ચપટી હળદર પાઉડર,જરૂર મુજબ ગરમ પાણી.

રીતઃ તાજા ફુદીનાને ધોઈને એની પેસ્ટ બનાવી લો.ત્યારપછી એક ચપટી હળદર પાઉડર અને નવશેકું પાણી લો. ત્રણેયને સારી રીતે મેળવીને પેસ્ટ બનાવી લો. સહુથી પહેલા નવશેકા પાણીથી ચહેરો ધોઈ નાખો. પછી પેકને ચહેરા પર લગાવો. લગાવ્યા પછી ૧૫ મિનિટ પછી ચહેરો ઠંડા પાણીથી ધોઈ નાખો.

ખીરાનો ફેસપેકઃ ખીરાનો ગરમીમાં તમારી ત્વચાને હાઈડ્રેટ કરે છે.એનાથી ત્વચા મુલાયમ રહે છે.

ફેસપેક બનાવવા માટે સામગ્રી- એક ખીરૂ, એક ચમચી ખાંડ

રીતઃ સહુથી પહેલા ખીરાને છોલીને મસળી નાખો .પછી એમાં એક મોટી ચમચી ખાંડ નાખીને સારી રીતે મિક્સ કરી દો. તૈયાર પેકને થોડીકવાર ઠંડું થવા ફ્રીજમાં મૂકી દો. પછી એને ચહેરા પર લગાવીને ૧૦ મિનિટ સુધી રાખી મૂકો. ત્યારપછી ઠંડા પાણીથી ચહેરો ધોઈ નાખો.

ઉનાળામાં નિયમિત રીતે ક્લિઝિંગ કરવું સારૂ મનાય છે. જેનાથી ત્વચા ચમકે છે. ક્લિઝિંગ બનાવવા માટે સામગ્રી-રૂ અથવા કોટન બોલ્સ અને દૂધ.

રીતઃ આ પેક બનાવવું ખૂબ જ સહેલું છે. એક કોટન બોલ્સને દૂધમાં પલાળીને કાઢી લો. ત્યારપછી એને હલકા હાથથી ચહેરા પર ફેરવો. એનાથી તમારી અંદરની ત્વચા સાફ થાય છે .ત્વચાના રોમછિદ્રોમાં જામી ગયેલી ધૂળ સાફ થઈ જાય છે.

કેળાનો ફેસપેકઃ દરેક સીઝનમાં સહેલાઈથી મળી આવતું ફળ કેળું સૂકી ત્વચા માટે ફાયદા કારક પેક છે.

ફેસપેક બનાવવા માટે સામગ્રી અડધું કેળું, એક મોટી ચમચી મધ અને બે ચમચ ક્રીમ .

રીતઃ સહુથી પહેલા કેળાને સારી રીતે મસળી નાખો. પછી એમાં એક ચમચી મધ અને બે ચમચ ક્રીમ મિક્સ કરીને પેસ્ટ બનાવી લો.આ પેસ્ટને ચહેરા પર લગાવીને ૧૦ મિનિટ રહેવા દો. પછી સહેજ ભીના કપડાંથી ચહેરો લૂછી નાખો. ચહેરો ધોયા પછી મોઈશ્ચરાઈઝર જરૂર લગાવો.

ટામેટાનો ફેસપેકઃ ટામેટાનો ફેસપેક તૈલીય ત્વચા માટે ફાયદાકારક સાબિત થાય છે.

ફેસપેક બનાવવા માટે સામગ્રી ટામેટાનો ગર્ભ થોડુંક મધ.

રીતઃ સહુથી પહેલા ટામેટાને છૂંદી નાખો. પછી એમાં મધ નાખો. પછી આ પેકને ચહેરા પર લગાવી. થોડીક મિનીટ સૂકવા દો.પછી ઠંડા પાણીથી ધોઈ નાખો.ચહેરો ધોયા સનબ્લોક ક્રીમ લગાવવાનું ભૂલશો નહીં.

લેખિકા કુમારી અંજના સોનકર

## થરાદ પંથકમાં...

પાના નં.૩ ચાલુ

જોકે સરપંચે તેમાં કશુ કરી શકવાની અસમર્થતા વ્યક્ત કરી હતી.તાલુકાના ગામોમાં આવતા આવા દુષીત પાણીથી પ્રજાજનોમાં રોષ સાથે આક્રોશની લાગણી ફેલાવા પામી છે.

આથી ગ્રામજનોએ સરકારને સારું અને ચોખ્ખું રિફાઈન કરીને પાણી આપવાની વિનંતી કરતાં જનઆરોગ્ય જોખમાશે તો જવાબદાર સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હીતની રિટપિટિશન કરવાની પણ ચિમકી ઉચ્ચારી હતી. જોકે આ અંગે નવગુજરાત સમય દ્વારા પાણીપુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના અધિકારી ડીએમ બુંબડીયાબુંબડીયા એ આશ્ચર્ય વ્યક્ત કરતાં કેમ ડહોળું આવેછે હવેતો વરસાદ નથી.કયા ગામોમાં આવેછે કયો, તપાસ કરાવી બને નહી, કદાચ ઈન્કેટની અંદરથી માટી કાઢતાં પંપીગ થતું હોયતો બની શકે તેમ જણાવી બંધ કરાવી દઈએ તેમ જણાવ્યું હતું.

કેપ્શનઃથરાદ તાલુકાના ગામોમાં પીવાનું પાણી ડહોળું આવતું હોવાના કારણે જન આરોગ્ય જોખમાવાની દહેશત ઉઠવાપામી છે.

## રાહુલ ગાંધીના...

પાના નં.૩ ચાલુ

દીઓદર તાલુકા સંઘના પૂર્વ પ્રમુખ માલજીભાઈ દેસાઈ,તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભારતીબેન ચૌધરી,જી.પં.પૂર્વ સદસ્ય હીરાભાઈ રાજપૂત,જી.પી.સી.સી.ના સદસ્ય પ્રવિણસિંહજી વાઘેલા,મફાભાઈ પટેલ,રત્નાભાઈ દેસાઈ સહિતના કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહેલ.બળદેવભાઈ બારોટે સૌનો આભાર માનેલ.સૌ આગેવાનોએ જણાવેલ કે કોંગ્રેસ દીઓદર પંથકમાં એક મત છે અને આ વખતે દીઓદરમાં નવસર્જન થવાનું છે.

## શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ...

પાના નં.૩ ચાલુ

બાળકોમાં શિક્ષણની સાથે સંસ્કાર સિંચનનું કામ પ્રાથમિક શાળાના શિક્ષકો કરે છે એટલે જ પ્રાથમિક શાળાના શિક્ષકોને વિધાર્થીઓ કાયમ માટે યાદ રાખતા હોય છે. મંત્રીએ કહ્યું કે પ્રલય અને નિર્માણ શિક્ષકના હાથમાં હોય છે.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઇ દવે, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નિલમબેન જાની, જિ.પ.શિક્ષણ સમિતિના ચેરમેન બાબરાભાઇ ચૌધરી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી કે.બી.પટેલ, બનાસ ડેરીના ડિરેકટર પરથીભાઇ ચૌધરી, અગ્રણીઓ સ્વામી આનંદ રાજેન્દ્ર, કરશનજી વાઘેલા, શિક્ષણાધિકારી એચ.એલ.રાવલ, પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. દિપક દરજી સહિત શિક્ષણપ્રેમી અગ્રણીઓ, બી.આર.સી., સી.આર.સી. અને વિશાળ સંખ્યામાં શિક્ષકઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભદ્રેવાડી પ્રાથમિક...

પાના નં.૩ ચાલુ

ગ્રામ વિકાસ ટ્રસ્ટ- ભરૂચ દ્વારા શૈક્ષણિક - સ્વચ્છતાની કીટ જેમાં પાઠ્યપુસ્તકો, ચોપડા, કપાસ, બોલપેન, પેન્સિલ, નાહવા, હાથ- કપડાં ધોવાના સાબુ, પાવડર, ટુથપેસ્ટ- સેમ્પુ- બેન્ડેડ પટ્ટી સહિતની વસ્તુઓ મુકી ટ્રસ્ટના ભુરાભાઈ દેસાઈ, હર્ષદભાઈ, જયપ્રિયાબહેન દ્વારા રૂબરૂ આવી શાળાના આચાર્ય ગોપાળભાઈ જોષી, સરપંચ કાંતિજી ઝાલેરા, ડેપ્યુટી સરપંચ, એસ.એમ.સી., ડાયેટના સભ્યોની હાજરીમાં લગભગ રૂા. ૧,૮૦,૦૦૦ ની કીટ અર્પણ કરાઈ હતી. તો શાળાના આચાર્ય ગોપાળભાઈ જોષીએ જણાવ્યું હતું કે, પોતાના બેંક ખાતામાં અમદાવાદના કોઈ ભાઈએ રૂા. ૧૫૦૦૦/- તથા ડાયેટના પ્રાધ્યાપિકા (પાલનપુર) વર્ષાબેન પ્રજાપતિએ રૂા. ૫૦૦૦ શાળા- બાળકોના સહયોગાર્થે જમા કરાવ્યા છે. જેમનો ગ્રામજનો, શાળા પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો.

## છ દિવસથી...

પાના નં.૮ ચાલુ

તેના પરિવારના સભ્યોનો સંપર્ક કરી તેમને પોલીસ સ્ટેશન બોલાવેલ જ્યાં તેમના પરિવારે આ ગુમ થનાર બાળકને ઓળખી બતાવેલ. આથી તેમની પુછપરછ કરતાં તેમણે જણાવેલ કે ગોપાલજી ગુમ થયા બાબતની પાલનપુર પો.સ્ટે, દાંતા પો.સ્ટે તથા થરા પો.સ્ટેમાં અરજી આપેલ છે અને ગોપાલજીની છેલ્લા છ દિવસથી શોધખોળ કરતા હતા પરંતુ કોઈ ભાળ મળેલ નહી જેથી આ ગુમ થનાર ગોપાલજી કંથાજી ઠાકોર તેના પરિવારના સભ્યોને પરત સોંપી ઉમદા ફરજ બજાવી હતી.

# ડીસા કોલેજના ખેલાડીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન



ભરત સુંદેશા

ડીસા

તાજેતરમાં ગુજરાત સરકાર આયોજીત ખેલમહાકુંભ-૨૦૧૭ માં દર વર્ષની જેમ આ વર્ષે પણ ડીસા કોલેજના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ. જેમાં રઘુ વડવાસિયા ૮૦૦ મીટર દોડમાં પ્રથમ, પરમાર મહેશ ૩ કિ.મી. દોડમાં પ્રથમ અને ૧૫૦૦ મીટર દોડમાં બીજો, પટણી દિનેશ ૨૦૦ મીટર દોડમાં પ્રથમ, ચંડીસરા પ્રહલાદ ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ, પરમાર કુંજન ચેસ રમતમાં બીજો તથા સોલંકી ક્રિષ્ણાબેન ૧૦૦/૨૦૦/૪૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ.

વિજયી તમામ ખેલાડીઓ તથા તેમના કોચ ડૉ.આર.ડી. ચૌધરીને સંસ્થા પરિવારે બિરદાવ્યા હતા.

# કોતરવાડામાં ઠાકોર સેના દ્વારા પદયાત્રિકો માટે સેવા કેમ્પ



નટુજી ઠાકોર

પ્રતિ. કોતરવાડા

બનાસકાંઠા જિલ્લાના અંબાજીના મહાકુંભની સાથે સાથે મીની અંબાજી ગણાતા કાળીયા ઠાકરના ધામ એવા ઢીમામાં પદયાત્રાએ જવાનો મહિમા વધી પડ્યો છે.હજારો ભાવિકો પદયાત્રા કરી ઢીમા તરફ આગળ વધી રહ્યા છે.તેને ધ્યાને લઈ પદયાત્રીઓની સેવામાં ઠેર ઠેર સેવા કેમ્પો પણ ગોઠવાયા છે ત્યારે સમાજનાં વ્યસન મુક્તિનો નારો ઘર ઘર સુધી પહોંચાડનાર ઠાકોર સેનાના કાર્યકરો પણ સેવામાં જોતરાયા છે.તેથી દિયોદરના મીઠાથી થરાદ હાઈવે ઉપર ઠેર ઠેર સેવા કેમ્પો ધમ ધમી રહ્યા છે. તેમાં કોતરવાડા ગામે સેવા કેમ્પમાં ઠાકોર સેના દ્વારા પદયાત્રીકોને બટાટા-પૌવા તથા ચા-પાણી અને નાસ્તો આપવામાં આવી રહ્યો છે.જે કેમ્પમાં ઠાકોર સેનાનાં ઉપપ્રમુખ સ્વરૂપજી ઠાકોર, ભરતજી ઠાકોર(વકીલ), મુકેશજી ઠાકોર, દિયોદર પ્રમુખ મનુજી ઠાકોર વગેરેએ ધરણીધર ભગવાનની તસ્વીર આગળ દીપ પ્રાગટ્ય કરી કેમ્પ ખુલ્લો મુક્યો હતો.જે કેમ્પનો મોટી સંખ્યામાં પદયાત્રીકો લાભ લઈ રહ્યા છે.

# શેઠ કે.બી.વિદ્યામંદિર સરદારપુરા(ર.) મધ્યે શિક્ષક દિનની ઉજવણી



અશોક શેઠ

તાલુકા પ્રતિનીધી દીઓદર

શ્રી પ્રગતિ એજયુકેશન ટ્રસ્ટ,દીઓદર સંચાલીત શેઠ કે.બી.વિદ્યામંદિર સરદારપુરા(ર.) ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે ધો.૧૨માં અભ્યાસ કરતા પુરોહીત મુકેશભાઈએ આચાર્યની તથા નાઈ રોશનીબેને ઉપાચાર્યની ભૂમિકા ભજવી હતી.ધો.૯થી ધો.૧૨ના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ખુબ જ ઉત્સાહ પૂર્વક શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી હતી. આ પ્રસંગે ઠાકોર અમરતભાઈએ સેવકની ભૂમિકા ભજવી હતી.

આ પ્રસંગના અંતે પ્રતિભાવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ તથા શિક્ષક ભરતભાઈ ચૌધરીએ સ્વ.ડો. સર્વેપલ્લી રાધાકૃષ્ણના જીવન પ્રસંગ તેમના કાર્યોથી શાળાના બાળકોને વાકેફ કર્યા હતા. દિલીપભાઈ પ્રજાપતિએ ભારે જહેમત થકી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન શિક્ષક શ્રી પ્રકાશભાઈ ચૌધરીએ કર્યુ હતું.

# રામપુરા ગામે ગણેશ મહોત્સવનું સમાપન



મહેન્દ્ર શાહ

પ્રતિનિધિ રામપુરા

ડીસા તાલુકાના રામપુરા ગામે એકતા મંડળના યુવા કાર્યકરો તથા ગ્રામજનો દ્વારા ધામધુમપૂર્વક ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. બાદમાં શોભાયાત્રા યોજી ગણપતિ બાપાને વિદાયમાન આપી મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## શબ્દ સમીપે...

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

આવકાર મળ્યો છે.

તેમના આ પ્રયોગ અંગે આ સંગ્રહનું આમુક તૈયાર કરનાર ડૉ.ઋચાબેન બ્રહ્મભટ્ટે જાપાનીઝ સાહિત્યમાંથી હાઈન્કા જેવું ચોકા અને રેંગા કાવ્ય સ્વરૂપ શોધી કાઢ્યું એનો ઉંડાણથી અભ્યાસ કરી આ નવા કાવ્ય પ્રકારને સમજાવવાનો સુંદર પ્રયાસ કર્યો છે. તેઓ આ નવતર પ્રયોગને વધાવતાં લખે છે કે સૌ પ્રથમ કિશોરસિંહ સોલંકીના હાઈન્કા કાવ્યો ગુજરાતી સામયિકોમાં વાંચ્યા ત્યારે સાનંદ આશ્ચર્ય થયું. જાણ્યે અજાણ્યે ડૉ. સોલંકીએ હાઈન્કા કાવ્યો દ્વારા જાપાનની લગભગ મૃતપ્રાય એવી ચોકા અને રેંગાની પદ્ય પરંપરાને જીવંત કરી છે.

ડૉ.કિશોરસિંહ સોલંકીનો હાઈન્કા સંગ્રહ બે ભાગમાં વિભાજી છે. પ્રથમ ભાગમાં હાઈન્કા અને બીજા ભાગમાં લંબાણપુર્વક લખાયેલાં હાઈન્કા હાઈકુ અને તાન્કાનું સંયોજન તો છે જ પરંતુ તેને જાપાનીઝ પ્રાચીન પદ્ય સ્વરૂપ ચોકા પણ કહી શકાય. કારણ કે આ કાવ્યો ૫-૭,૭-૫, ૫-૭-૭ વર્ણમાં વિભાજીત થયેલાં છે તેથી આ પ્રયોગ ચોકાને બરોબર મળતો આવે છે.

ડૉ.કિશોરસિંહ સોલંકીની કાવ્ય સર્જનની ખુબી અહીં એ રીતે પ્રગટ થાય છે. મોટા ભાગનાં હાઈન્કામાં હાઈકુ અને તાન્કા જો અલગ તારવવામાં આવે તો બંને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ અર્થસભર રીતે જાળવી રાખે છે. જેમ કે

સુક્કી ભીનાશ સળવળે માછલી, જળને ઝંખે

અહીં ૫-૭-૫ વર્ણોનું સ્વતંત્ર હાઈકુ મળે છે અને શેષ ભાગમાં તાન્કા :

પળને ડંખે, પરપોટા, તળાવે

તીમીર ટોળા, વૈધવ્ય તગે પાળે, લીલાશ ખરે ડાળે

સંગ્રહમાંથી મળતા આવતાં અનેક ઉદાહરણો તે ડૉ.કિશોરસિંહ સોલંકી દ્વારા અપાયેલા હાઈન્કા નામને સાર્થક કરતાં જણાય છે.

સંગ્રહનો બીજો ભાગ હાઈન્કા કાવ્યોમાં એક જ વિષય વસ્તુ અને કાવ્યત્વને સાંકળતાં શ્રૃંખલાબદ્ધ હાઈકુ અને તાન્કાના સંયોજનો જાપાનીઝ સાહિત્યના રેંગા કાવ્ય પ્રયોગોને મળતા આવે છે. આ કાવ્યોમાં આવી ગયા, તડકો તમે કહો વગેરે લંબાણપૂર્વક રચાયેલ 'હાઈન્કા' ગુજરાતી ભાષામાં રેંગાના સૌ પ્રથમ પ્રયોગો છે. વળી અહીં કયાંક થોડી છુટ લઈને કવિ કાવ્યનો અંત ૭-૭ ને બદલે ૫-૭-૫ એટલે કે હાઈકુથી કરે છે. જેમાં અરવલ્લીની પર્વતમાળા અને દીવના દરીયાકાંઠાનાં વર્ણનો રસાળ ચિત્રાત્મકતા ઉભી કરે છે. કયાંક વર્ષા તો કયાંક વસંતઋતુના આબેહુબ વર્ણનો આ લઘુ સ્વરૂપમાં તાદ્રશ્ય થાય છે. આ રીતે કવિ મોર, લક્કડખોદ, સાપ, કાગડા, કુતરાં,માખી, આગીયા જેવા પશુ પક્ષીઓ અને જીવજંતુઓ તથા કેશુડા, રાજવૃક્ષ, તુલસી, બાવળ જેવાં વૃક્ષ, છોડ સાથે સમભાવ અનુભવતાં જણાય છે.

અગન પંખી, ઉડે અનંત આભે હાઈન્કામાં કવિની મર્મવેધક સંવેદના પ્રતિબિંબીત થાય છે. સુકવી ભીનાશમાં ભાવવ્યત્યય અને સાંભળે આંખોમાં ઈન્દ્રીય વ્યત્યય ઝીલાય છે. જાગૃતિ રાત, અંદર ઉલ્કાપાત, વંટોળે આંસુભાતમાં કવિનું અંગત ચિંતન કરૂણાસભર બની રહે છે. વહેતી ગંગા, હાઈન્કામાં ભરપુર, ગત્યાત્મકતાનો અનુભવ થાય છે. કર્ણ, પર્ણ, પાંપણે જેવાં અંત્યાનુપ્રાસના ઉપયોગથી હાઈન્કા કાવ્યો જાપાનીઝ ન રહેતાં ગુજરાતી બને છે. કારણ કે આ આપણી ભાષાની સુલભતા છે. કવી ભલે જાપાનીઝ પદ્ય પરંપરાના કાવ્યો રચે છે પરંતુ આ કાવ્યોની આત્મા ભારતીય સંસ્કૃતિના ગૌરવગાનમાં સ્થીત છે. હાઈન્કામાં કવિ વિશેષ પણે ગુજરાતી અસ્મિતાને ગીરા ગુર્જરી કાવ્યોમાં નવાઝે છે. કયાંક સીતાની વાત આવે છે તો કયાંક બ્રહ્મા પ્રગટે છે. ત્રિપર્ણ બીલી, શોભે શંકર શીરે કે દુર્વા ભાર્ગવી જેવા હાઈન્કા તો ભારતીય જ લાગે ને ! હાઈન્કા કાવ્યોનાં સર્જક ડૉ.કિશોરસિંહ સોલંકીનો જન્મ બનાસકાંઠા જીલ્લાના મગરવાડા ગામે તા.૧-૪-૧૯૪૯ માં થયો હતો. તેમનો અભ્યાસ એમ.એ., પીએચડી છે. તેઓ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનાં આચાર્ય તરીકે ગાંધીનગર ખાતે સેવાઓ આપે છે. ઉપરાંત જાણીતા, સાહિત્ય અને અનેકવિધ વિષયોના માસીક શબ્દસરના તંત્રી છે. તેમણે મળેલ બહુમાનોમાં ક્રીટીકસ એવોર્ડ ૧૯૮૪ ઉપરાંત બ.ક. ઠાકોર પારીતોષીક, કવિલોક ૧૯૮૯, ભીની માટીનો મહેંક નિબંધ સંગ્રહ ૧૯૮૮, પારેખ વ.હે. જનરલ લાયબ્રેરી, વિસનગર દ્વારા આપવામાં આવે છે. સાહિત્ય વકતવ્ય માટે તેમણે સેશલ્સ, મોરેશીયસ, ઈંગ્લેન્ડ, ઈટાલી, સ્વિત્ઝરલેન્ડ, સીંગાપુર, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને જર્મનીના વિદેશ પ્રવાસો કર્યા છે. તેમના પ્રકાશનોમાં કવિતાસંગ્રહ વિન્યાસ, કારણ, પ્રેમાક્ષર, અજાણ્યો ટાપુ, મનખાને મેળે, નવલકથાઓ ઋતુ,વીરવાડ, અડધા આકાશે ઉગતો સુરજ, અરવલ્લી નિબંધ સંગ્રહો, પંખીની પોખ પાદરમાં, શબ્દસર ભાગ ૧-૨, પ્રવાસ કાળા પાણીના કીનારે, દેશ રે જોયા પરદેશ જોયા, તેમજ વતનકથા સહપ્રવાસી અને સંપાદનો જેવાં કે વિકલ્પની વિસ્તરતી ક્ષિતીજો, માનવી મરજીવા, જાનપદી નવલકથા, વિભાવના અને વિકાસ, આત્માનો સાક્ષાત્કાર મુખ્ય છે. આવા ડૉ.કિશોરસિંહ સોલંકીની સંવેદનાનો સુક્ષ્મ સ્પર્શ પામી, શબ્દ પ્રભુત્વ દ્વારા સૌંદર્ય ચિત્રો હાઈન્કાને આવકાર્યું છે.

- નટવર હેડાઉ

## નારી ચેતના...

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

સમસ્યાઓનું સમાધાન સરળ બની જશે. પૂર્વગ્રહો અને ફરિયાદો ઓછાં થશે અને મનોમસ્તિષ્ક શાંત રહેશે. કોઈપણ પ્રકારની ગેરસમજણ કર્યા વગર દરેક સ્થિતિને સહજતાથી સ્વીકારવાની ટેવ પડશે.રોજિંદો વ્યવહાર જેટલો સરળ અને સહજ હશે પતિ-પત્નીના મનમાં એટલો જ સંતોષ રહેશે. ફરિયાદ રહેશે નહી એટલે અંતરંગ પળો આપોઆપ જ આનંદદાયી બની જસે. સાચી વાત તો એ છે કે, દિવસ દરમિયાન પતિ-પત્નીનો પરસ્પરનો વ્યવહાર જેટલો નરસ, સન્માનભર્યા અને મિત્રતાપૂર્ણ રહેશે. એમની અંતરંગ પળો પણ એટલી જ સાર્થક બનશે, નહીં તો પછી એમનું જીવનયંત્ર બની જશે, જ્યાં ઉત્તેજના અને ઉન્માદને કોઈ સ્થાન નહીં હોય.સ્ત્રીઓનો સ્વભાવ લાગણીશીલ અને કોમળ હોય છે. એમને મૃદુ સ્પર્શ, સુંદરતાની ચર્ચા, પ્રેમભરી વાતો ગમે છે. પુરુષને સીધો સમાગમ કરવો હોય છે, જ્યારે સ્ત્રી રતિક્રિડા પસંદ કરે છે. એમાં એને સલામતીનો અનુભવ થાય છે જે એને ખુશ કરે છે.લગ્નજીવનને સુખેથી માણવું અને એકબીજાથી સંતુષ્ટ રહેવું જીવનની સુખે માણવું અને એકબીજાથી સંતુષ્ટ રહેવું જીવનની મુખ્ય સિદ્ધિ છે. એમાં એકબીજાની સાથે ગાળેલી નિકટતમ ક્ષણોને પ્રાથમિકતા અને મહત્ત્વ મળવું જ જોઈએ.

## આગ ભીતર ભીતરની...

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

પોતાના છોકરાને કશું નહીં થાય..કેટલાક વાલીઓની તો વળી એવ સોચ હતી..છોકરાં પોળમાં રમે અને હિચકારા કરે એના કરતાં નાકે આવેલા મંદિર પાસેના ઓટલે રમે તો શું ખોટું છે ?

અમારી પોળના નાકે..નાનકડું એક મંદિર હતું પણ ત્યાં આવેલો ઓટલો ખૂબ જ મોટો હતો. આસોપાલવના વૃક્ષોની ઘટાના લીધે દિવસભર છાંયડો રહેતો. મજાની ઠંડક રહેતી. વળી ત્યાં રમે તો છોકરાંને કોઈ ખસ પણ ના કહે.

વિભાનો રિક્ષાવાળો અહીંથી જ એને સ્કૂલ લઈ જતો-મૂકી જતો. અરે કોઈ આવ્યું હોય તો આગંતુક રિક્ષાવાળો મંદિર આગળ જ રિક્ષા થોભાવતો હતો. એ વાત ગૌણ હતી. પણ ત્યાં છોકરાંને રમવાની વાત મુખ્ય હતી. શનિવારે સવારની શાળા અને રવિવારની રજા છોકરાંને શનિ-રવિએ તો મજા પડી જતી.

પણ વિભા તો બિચારી રમતી ન હતી છતાંય.. કોઈનો શિકાર બની હતી. વાત ઝાંખી પડી ગઈ હતી. આજકાલ કરતાં અઢી ત્રણ વર્ષ થયાં હશે.

ઉનાળો ઉતરી ગયો. કાળઝાળ ગરમીનું પ્રમાણ ઓછું થયું. એ સાથે વરસાદની પ્રતીક્ષા સૌ કરવા લાગ્યા. સૌની એક જ લાગણી અને માગણી હતી. 'ભૈસાબ હવે તો વરસાદ થાય તો કંઈક ટાઢુ પડે. હા વરસાદ આવે અને કંઈક અંશે ટાઢુ થાય. પણ એમ આપણે કહીએ અને એ ધરતીપર ઉતરી પડે તો એનું મૂલ્ય શું ? વરસાદ પણ વિનવણીઓ જાત જાતની વિનંતીઓ વગર આવતો નથી એ એક સૌનો અનુભવ છે. અષાઢ મહિનાની અનરાધાર વર્ષાની માત્ર કલ્પના જ રહી.

વીસ દિવસ ગયા.

એકવીસમા દિવસે આકાશે એના આખાય સીનામાં ડાગ ડમાળા કર્યા.અને ક્યાંક વીજળીઓ ક્યાંક વાદળનો ગડગડાટ એ સાથે છૂટમૂટ એનું આગમન થયું..

સામાન્ય રીતે મોસમનો પહેલો વરસાદ એની ધમાકેદાર પ્રવેશ માટે જાણીતો હોય છે પણ આ તો ફરફર રૂપે શરૂ થયો અષાઢમાં શ્રાવણનાં ફરફરિયાં.. એ સાથે જ પોળનાં છોકરાં નાનાં મોટાં નાકે આવેલા વરસાદમાં નાહવા માટે નીકળ્યાં.

એમાં ફેનીલ..કાવેરી..માહી..તનુ બધાય હતા. એમનાં મા-બાપ વિભા ગુમ થયાની વાતને ભૂલી બેઠાં હતાં. તેઓ વરસાદનું ગીત ગાતાં હતાં એકને ખબર ન હતી કે ઘડીક પછી શું થવાનું છે. આખરે એ સૌ અબૂધ બાળકો હતાં.

બીજી તરફ મારા વાહનનો ડખો થતાં એને ઓફિસના બેઝમેન્ટમાં છોડીને બસમાં ઘેર આવી રહ્યો.મોસમના પહેલા ઝરમર વરસાદમાં પલળવાનો આનંદ હતો. હું મારા એક લય સાથે આગળ વધી રહ્યો હતો.

ત્યાં તો હું છેક મંદિરની નજીક આવી ચૂક્યો હતો. ટ્યૂબલાઈટના દૂધિયા પ્રકાશ તળે બાળકો પલળવાનો આનંદ લઈ રહ્યાં હતાં..

અને ત્યાં-હા ત્યાં કાળા રંગની મોટીપછેડી માથા સુધી ઓઢેલી હાલતમાં મેં એક માણસને ઉભેલો જોયો. પહેલાં તો મને કાંઈ ન લાગ્યું.. પણ પછી..

પછી આંખમાં એક ચમકારે પથરાઈ ગયો. બીજી ક્ષણે વિભા યાદ આવી ગઈ. એ નાનકડીને આવી રીતે જ પછેડીને નાંખીને લઈ ગયો હોવો જોઈએ.

મને શંકા ગઈ.. હું આગળ કંઈક કહુંએ પૂર્વે એણે સૌથી નજીકના ફેનિલ પર એની કાળી પછેડી નાખી. લપેટી અને ભાગવા ગયો. આ બધું જાણે ઘડિયાળના કાંટે બની ગયું..બીજી તરફ મેં મારી નજર ગઈ. હુંદોડ્યો પણ દશેરાના દિવસે ઘોડું ન દોડે ખેલ કરે એમ મારા ચંપલે ડખો કર્યો પટ્ટી તૂટી. હું ધાર્યા પ્રમાણે દોડી ન શક્યો છતાંય એને પકડી તો લીધો જ..

એ ફેનિલને ઉઠાવીને સરેઆમ ભાગવાનો હતો પણ મેં વચ્ચે અવરોધ ઉભો કરીને એને પકડી લીધો. ફેનિલ તો છટકી ગયો પણ એણે પોતાની પાસેના ચપ્પાથી મને ત્રણ ઘા કરી દીધા. એક ઘા જમણા હાથે બીજો પગમાં અને ત્રીજો લબરકો કમરના ભાગે થયો..

મેં મારી પરવા ન કરી પણ મેં એને છૂટી જવાની.. તક આપી દરમિયાન હોબાળો થઈ ગયો. પૂર્ણાને ખબર પડી એની સાથે બીજી સ્ત્રીઓ પુરૂષો હાર આવી ગયા ફેનિલની માતો રઘવાઈ થઈ ગઈ.

કોઈકે પોલીસને ફોન જોડ્યો..ગણતરીની મિનીટમાં પોલીસ આવી.આખી ઘટનાનું બયાન પછી પહેલાં મને હોસ્પિટલમાં લઈ ગયા. હાથે સાત ટાંકા આવ્યા હતા.પગે ચાર.. કમરના ભાગે ટાંકાની જરૂરત ન હતી. પૂર્ણાની સાથે મારી પોળની તમામ સ્ત્રીઓ પુરૂષો હોસ્પિટલમાં રહ્યા.

ફેનિલના મા-બાપ તો બસ એટલું જ કહેતા હતા 'પૂર્ણા ભાભી.. તમારા એમને ખરા ટાણે ભગવાન બનીને મોકલ્યા.. નહીં તો મારા ફેનિલની દશા પણ..'ભલે મને અગિયાર ટાંકાં આવ્યા હતા.. જોખમી સાહસ કર્યું હતું.તોય હું ખતરાની બહાર હતો..જે પકડાયો હતો એણે શહેરમાંથી બીજા ત્રણને ઉઠાવ્યા હતા અને..

વિભાની યાદ તાજી થઈ ગઈ. મને ફેનિલને બચાવી લેવાનો એક આનંદ હતો.મારે મારૂ અમારૂ સંતાન ન હતું.. બીજાનાને બચાવવાની જિંદગીની એ પળ યાદ રહી ગઈ..

રેણુ વિષ્ણુકુમાર બા રોટ અમદાવાદ

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર** (કીલોના) | દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ |
| **ચાંદી ચોરસા ૩૯૫૦૦-૪૦૧૦૦** | દુન તીબાર ૫ કી. ૮૨૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ |
| રૂપુ કાચું ૩૯૦૦૦-૪૦૦૦૦ | દુન તીબાર ૧ કી. ૮૨૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૫ કી. ૪૮૦૦ |
| સોનુ તોલો ૨૯૭૦૦-૩૦૦૦૦ | નર્મદા મગ પોલીસ | ચણાદાળ ૪૪૪ ૭૮૦૦ | વડેચા ૧ કી. ૫૦૦૦ |
| **તેલ બજાર** | ૫૮૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ |
| **રાધે પામોલીન ૮૯૦-૯૪૦** | મગદાળ નર્મદા સુપર ૫૮૦૦ | મગમોગર રીયલ ૮૦૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| પામોલીન ૮૮૫-૯૪૦ | નર્મદા મગ મોગર ૬૦૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | **ખોળ બજાર** |
| સોયા રીફાઈન ૧૨૫૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૧૦૦ | મગ ૫૭૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦ | નર્મદા અડદદાળ ૬૯૦૦ | અંગુર તુવેરદાળ ૬૦૦૦ | મોરબી ખોળ ૧૨૫૦-૧૨૮૦ |
| સીંગતેલ૧૫ કી. ૧૫૦૦ | દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | જીરાળુ ૧૯૦૦-૨૦૦૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૫૦૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦- |
| સીગતેલ ૫ લી. ૪૫૦ | ૫૦૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | ૧૫૪૦ |
| તિરૂપતી કપા. ૧૨૪૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૯૦ |
| ૫ લીટર ૪૧૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | દુન કણકી જુની ૩૦૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | **પરચુરણ** |
| કોપરેલ ૧૫ કિલો ૨૨૦૦ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | સોજી ૮૬૦ |
| ૫ કે. કોપરેલ ૮૬૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | મેંદો ૮૬૦ |
| ૫લી. અંકુર સીંગતેલ ૪૫૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૧૮૦** | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | નિરમા સાબુ ૫૨૫ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦ | હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| ૫ લી. ૩૭૦ | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | **ખાંડ બજાર** | અજમો ૧૫૦-૨૪૦ |
| ૨ લી. ૧૫૭ | ૫૮૦૦ | (બોરીના ભાવ) | સાકરીયા ૪૫૦૦ |
| **ચોખા-દાળ બજાર** | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | **ખાંડ એસ. ૩૮૫૦-૪૦૨૦** | ખાંડ બુરૂ ૪૨૦૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | **ખાંડ એમ.૪૦૦૦** | કોકમ ફુલ ૧૮૦ |
| ગેટવે પ્રીમીયમ ૬૫૦૦ | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦ | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| ગેટ વ. રોયલ ૫૫૦૦ | દાવત સીલેકટનવા ૮૮૦૦ | **ચા-બજાર** | મોરૈયો ૬૫-૯૪ |
| ગેટવે રેગ્યુલર ૫૦૦૦ | દાવત સુપર જુના ૧૧૦૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | તલ ૯૦-૧૦૦ |
| ગેટવે રીઝાના ૪૫૦૦ | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| ગેટવે એવરેડી ૪૦૦૦ | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | **આખા મરચાં-હળદર** | સીંગદાણા ૬૫-૮૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | દાવત દુબાર જુના ૭૦૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | હળદર આખી રાજાપુરી | દુધી ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | દાવત ૭૦ જુના ૪૩૦૦ | ગટ્ટા ૧૦૦-૧૪૦ | સુકી ડુંગળી ૪૦૦-૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૫૦૦ | હળદર આખી સેલમ ૯૦ | લસણ ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | ધાણા ૧૦૦૦-૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | મરચાં ૪૦૦-૫૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૩૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | લીબુ ૪૦૦-૫૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | મરચા તેજા ૧૮૦૦ | અડવી પત્તા ૨૦૦-૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦- | આદુ ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦ | ૨૦૦૦ | રીંગણ ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | હેરીટેજ તીબાર ૭૨૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | ટામેટા ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | હેરીટેજ દુબાર ૫૫૦૦ | મરચા ટોમેટો મીડીયમ૧૯૦૦ | ભીંડા ૪૦૦-૫૪૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | હેરીટેજ મીની દુબા ૪૫૦૦ | કાશ્મીરી ૯૦ | કોબી ૨૮૦-૩૪૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | કાયનાત પી ૮૫૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | વટાણા ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | કાયનાત સુપર ૮૦૦૦ | સુપર પટની ૧૦૫ | ટીંડસા ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | કાયનાત ૬૮૦૦ | સુપર રજવાડી ૧૯૦ | ગવાર ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦ |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | મરચાં ૫૮૦૦ | સાંગા બટાકા ૧૨૦-૧૪૦ |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | **ગોળ બજાર** | ચોળી ૮૦૦- |
| | | | ૧૦૦૦ |
| | | | તુરીયા ૫૦૦-૮૦૦ |

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................

માતા : ......................જ.તા. ................ઉ.વ.

પરિચય: ..............................................

સરનામુ : ..............................................

મોકલનારની સહી : ....................................

# મોડાસાના સિધ્ધિ વિનાયક મંદિરે કેમ્પનું નિઃશુલ્ક આયોજન

મોડાસા

મોડાસાના મનોકામના સિધ્ધિ વિનાયક મંદિરે ભક્તો માટે હૃદયરોગ નિદાન કેમ્પ, સ્વાઈન ફ્લુના ઉકાળાનું વિતરણ અને મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન મંદિર ટ્રસ્ટના ડૉ.પ્રકાશ પંડ્યા અને ટ્રસ્ટીઓ દ્વારા કરાયું હતું.

આ કેમ્પમાં ૧૫૦ થી વધુ દર્દીઓની આંખોની તપાસ કરી ૭૫ દર્દીઓને રાહત દરે દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે રવિવારે સાંઈ હાર્ટ ફાઉન્ડેશનના સહયોગથી હૃદય રોગ અને ફેફસાને લગતી બીમારીથી પીડાતા દર્દીઓ માટે મફત સેવાકેમ્પ રાખેલ છે.

# ઈડરમાં રૂા. ૧.૩૫ લાખની ચીલઝડપ

હિંમતનગર

ઈડરના બજાર વિસ્તારમાં ગત શુક્રવારે સવારે દુકાન આગળ કારનું ટાયર બદલી રહેલ વ્યક્તિની નજર ચુકવી ગઠીયો કારમાંથી રૂા. ૧.૩૫ લાખ ભરેલી બેગ લઈને ફરાર થઈ જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવામાં આવી હતી.

જાણવા મુજબ ઈડરની હરીગંગા સોસાયટીમાં રહેતા હેમંતકુમાર રમણલાલ જોષી નમકીનની એજન્સી ધરાવે છે અને ૧ સપ્ટેમ્બરના રોજ સવારે સાડા સાતેક વાગે બજાર વિસ્તારમાં હીરા કિરાણા સ્ટોર્સ આગળ તેમની મારૂતી કારમાં પંચર પડેલ ટાયર બદલી રહ્યા હતા. તે દરમ્યાન એક ગઠીયો તેમની નજર ચુકવી ૧.૩૫ લાખ ભરેલી કાળા કલરની બેગ લઈને પલાયન થઈ જતાં હેમંતકુમારે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# કડા સીમમાં સેવા કેમ્પમાંથી પદયાત્રીના મોબાઈલની ચોરી

મહેસાણા

વિસનગરના કડા ગામની સીમમાં કેમ્પમાં પદયાત્રીની પેન્ટના ખિસ્સામાંથી રૂા. ૧૮ હજારની કિંમતના મોબાઈલની ચોરી થતાં તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

જાણવા મળતી વિગતો અનુસાર દાહોદના ફતેપુરા તાલુકાના સુખસરના મહર્ષી રાજેન્દ્રભાઈ અંબાજી પગપાળા સંઘમાં નિકળ્યા હતા. ત્યારે ગત ગુરૂવારના રોજ તેઓ વિસનગરના કડા ગામની સીમના કેમ્પમાં રાત્રી રોકાણ કર્યુ હતું. આ દરમ્યાન તેમના પેન્ટના ગજવામાંથી કોઈ અજાણ્યા શખ્સો રૂા. ૧૮ હજારની કિંમતનો મોબાઈલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

આ અંગે શુક્રવારે વિસનગર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવામાં આવી હતી.

# અંબાજી ધામે જતાં પદયાત્રીઓ માટે ગોકુલ આયુર્વેદિક હોસ્પિટલ- સિદ્ધપુર આયોજિત કેમ્પ




સિધ્ધપુર

ગોકુલ ફાઉન્ડેશન સિદ્ધપુરના ગોકુલ એજ્યુકેશન કેમ્પસ સંચાલિત ગોકુલ સાર્વજનિક આયુર્વેદ હોસ્પિટલ દ્વારા માં અંબાના ધામમાં જતા પદયાત્રીઓ માટે તા. ૦૨/૦૯/૨૦૧૭ અને તા. ૦૩/૦૯/૨૦૧૭ સવારના ૯:૦૦ કલાકથી ગોકુલ આયુર્વેદિક હોસ્પિટલનાં ડૉક્ટરો દ્વારા પદયાત્રીઓને આયુર્વેદિક દવાઓ, માલીશ, સેક વગરે જેવી સેવાઓ તથા નિ઼ુશલ્ક દવાઓ આપવામાં આવી હતી. પાટણના અંબાજી શાક માર્કેટના વેપારી બંધુઓ તેમજ ગોકુલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પ્રસાદ સેવા તેમજ મેડીકલ સેવાનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ગોકુલ ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી- ચેરમેન તથા પૂર્વ ધારાસભ્ય બળવંતસિંહ રાજપૂતની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

બળવંતસિંહે કેમ્પના પદયાત્રી લાભાર્થીઓ, વેપારી બંધુઓ તેમજ ગોકુલ કેમ્પસના સ્ટાફ સાથે માતાજીની આરતીનો લાભ લીધો હતો તેમજ સેવા આપનારાઓની કામગીરીને બિરદાવી ભવિષ્યમાં પણ આવા આયોજન કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું.

# વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ડીસા** | | ઈસ. | ૧૮૦૦-૨૦૫૦ | સુવા | ૯૦૫ |
| એરંડા | ૮૮૧-૮૯૦ | ગવાર | ૬૫૦-૬૭૧ | રાજગરો | ૬૨૫-૭૭૦ |
| રાયડો | ૬૪૫-૬૫૧ | જીરૂ | ૨૩૦૦-૩૫૦૦ | રજકો | ૧૯૦૩ |
| બાજરી | ૨૪૭-૨૬૧ | રજકો | ૨૬૦૦-૨૮૫૧ | અન્ય | ૮૫૦-૮૭૧ |
| રાજગરો | ૭૮૦ | અજમો | ૧૦૦૦-૧૬૦૦ | **થરા** | |
| ઘઉં | ૨૮૮-૩૧૦ | **રાહ** | | જીરૂ | ૩૩૫૦ -૩૫૦૦ |
| મગફળી | ૫૧૧-૬૦૫ | એરંડા | ૮૬૦-૮૭૦ | | |
| **લાખણી** | | રાયડો | ૬૪૦-૬૫૫ | એરંડા | ૮૭૫-૮૯૨ |
| બાજરી | ૨૪૦-૨૫૩ | બાજરી | ૨૨૫-૨૬૦ | રાયડો | ૬૪૫-૬૫૫ |
| રાયડો | ૬૩૫-૬૪૫ | ચીકુડી | ૮૬૦-૯૦૦ | ઘઉં | ૩૦૫-૩૦૯ |
| અડદ | ૭૦૦ | **ભીલડી** | | બાજરી | ૨૨૬-૨૫૬ |
| ગવાર | ૬૮૫ | એરંડા | ૮૯૦-૮૯૬ | ગવાર | ૬૦૫-૭૦૫ |
| એરંડા | ૮૬૫-૮૮૬ | રાયડો | ૬૫૬-૬૬૧ | **પાટણ** | |
| ચીકુડી | ૮૨૫-૮૮૦ | બાજરી | ૨૩૦-૨૫૨ | જીરૂ | ૩૦૫૦-૩૨૩૪ |
| **વડગામ** | | ઘઉં | ૩૦૦-૩૦૫ | વરી. | ૮૦૦-૯૦૦ |
| બાજરી | ૨૧૮-૨૪૫ | **ધાનેરા** | | મેથી | ૪૩૭-૫૦૧ |
| ઘઉં | ૨૯૪-૩૪૦ | ઘઉં | ૩૦૩-૩૦૫ | સુવા | ૭૬૧-૯૧૨ |
| એરંડા | ૮૮૬-૮૯૦ | બાજરી | ૨૨૧-૨૬૦ | રાયડો | ૬૧૦-૬૭૭ |
| **થરાદ** | | ગવાર | ૬૫૦-૬૯૫ | એરંડા | ૮૭૫-૯૦૧ |
| એરંડા | ૮૬૮-૮૮૬ | બીજડા | ૮૫૦-૧૦૦૧ | ઘઉં | ૩૦૦-૩૬૪ |
| રાયડો | ૬૫૦-૬૭૫ | રાયડો | ૬૨૮-૬૫૭ | બાજરી | ૨૧૧-૨૬૯ |
| બાજરી | ૨૪૫-૨૬૦ | એરંડા | ૮૬૯-૮૮૪ | બંટી | ૨૭૧ |
| ચીકુડી | ૮૦૦-૯૨૫ | જીરૂ | ૩૩૩૮ | ગવાર | ૬૪૦-૬૮૧ |
| મેથી | ૫૨૫-૫૯૫ | વરી. | ૭૨૧ | | |

# રાધનપુર-સાંતલપુરના ૧૦૦ ખેડૂતોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું

## પાક ધોવાણ અને જમીન ધોવાણ સહિતના મુદ્દા અંગે રજુઆત કરી


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર અને સાંતલપુરના ૧૦૦ જેટલા ખેડૂતોએ પ્રાંત અધિકારી એસ.ડી. ગિલવાને આવેદનપત્ર સુપરત કરીને ભારે વરસાદ અનેપૂરના કારણે પાક ધોવાણ અને જમીન ધોવાણ સહીત ૧૬ મુદ્દા અંગે રજુઆત કરીને આ પ્રશ્નોનો યુદ્ધના ધોરણે નિકાલ લાવવારજુઆત કરી હતી.જેમાં પૂરમાં જમીન ધોવાણ માટે પાંચ હેક્ટર મર્યાદા જાહેર કરવા છતાંય પરિપત્રમાં બે હેક્ટર લખેલ છે તો મર્યાદા વધારીને પાંચ હેક્ટર કરવી, ખેડૂતોને ચાલુ સાલે અતિવૃષ્ટિથી ખેતી સંપૂર્ણ નાશ પામેલ છે અને ખેતરોમાં મોટા પ્રમાણમાં ધોવાણથયેલ હોવાથી ખેડૂતોના દેવા સંપૂર્ણ માફ કરવા ,સરકાર દ્વારા ખેતરો સમતલ કરી આપવામાં આવે, ટપક અને મીની ફુવારામાં ૧૮ ટકા જી.એસ.ટી. ટેક્સ નાખીને ખેડૂતોની કમર તોડી નાખવામાં આવી છે તો ટેક્સ તાત્કાલિક દૂર કરવામાં આવે,ખેડૂતોનું ત્રણમહિનાનું લાઈટ બીલ માફ કરવાની જાહેરાત કરવામાં આવી છે તેમાં ચોમાસાના ત્રણ મહિના લાગુ કરવામાં આવ્યા છે ખેડૂતો ચોમાસાદરમ્યાન મોટરો ચાલુ કરતા ના હોઈ એક વર્ષનું બિલ માફ કરવામાં આવે ,રવિ સીઝનમાં ખાતર અને બિયારણમાં સબસીડી આપવામાં આવે,ખેડૂતોને રવિ સિઝનને માંડ એક માસ બાકી છે ત્યારે નર્મદાની કચ્છ શાખા નહેર, ડિસ્ટ્રિક્ટ બ્રાન્ચો તથા માયનોર કેનાલોનું કામતાત્કાલિક પૂરું કરાવી સીઝનમાં પિયત માટે પાણી આપવામાં આવે સહિત ૧૬ મુદ્દા અંગે રજુઆત કરવામાં આવી હતી આ પ્રસંગે વરણોસરીના કરશનજી જાડેજા,ગોખાન્તર ના અકબરખાન મલેક, તાલુકા પંચાયત સદસ્ય અણદુભા જાડેજા, રમેશભાઈ ઠાકોર, પરનાબહાદુરસિંહ જાડેજા સહીત અગ્રણીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# પાટણ જિલ્લાની ગ્રામ્ય પોસ્ટ ઓફિસોને ઈન્ટરનેટ સેવાથી જોડી દેવાની કામગીરી શરૂ

ચાણસ્મા

કેન્દ્ર સરકાર હસ્તકની ગામડાઓમાં કામ કરતી તમામ બ્રાન્ચ પોસ્ટ ઑફિસોને તેની હિસાબી ઑફિસ અને હેડ ઑફિસ સાથે ટુંક સમયમાં જ ઈન્ટરનેટથી જોડી દેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે પાટણ પોસ્ટલ ડી.વી. નીચે તમામ બ્રા.પો. તરીકે ફરજ બજાવતા જીડીએસ બ્રા.પો. માસ્તરોને તબક્કાવાર તાલીમ આપવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે.

પાટણ પોસ્ટ ડી.વી. કચેરી નીચે આવેલ તમામ સબ પોસ્ટ ઑફિસોને સીબીએસ સેવાથી જોડી દીધા બાદ હવે ડીવીજનમાં આવેલ આશરે ૨૦૦૦ જેટલી ગામડાઓની બ્રા.પો. ઑફિસોને ઈન્ટરનેટથી જોડી દેવાની કામગીરી પોસ્ટ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગામડાઓની બ્રા.પો. ઑફિસના જીડીએસ બ્રા.પો. માસ્તરોને તા. ૧૯/૮/૨૦૧૭ થી તા. ૧૩/૯/૨૦૧૭ સુધીમાં દરેકને તાલીમ માટે બોલાવવામાં આવ્યા છે.

આ તાલીમ પૂર્ણ થયેથી બ્રા.પો. ઑફિસમાં નાની બચતની તમામ પ્રકારની કામગીરી જે તે પોસ્ટ ઑફિસ દ્વારા ઓનલાઈન કરવાની રહેશે અને ઑફિસનો સમય પૂર્ણ થયા બાદ તેનો તમામ હિસાબ રોજબરોજ જે તે હિસાબી ઑફિસને મોકલવાનો રહેશે. તમામ કર્મચારીઓની તાલીમ પુરી થયા બાદ દરેક બ્રા.પો. ઑફિસમાં કોમ્પ્યુટર સહિતના સાધનો અને ઓનલાઈન સગવડ પુરી પાડવાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યું છે. હાલમાં કર્મચારીઓને પુરતુ વેતન મળતું નથી. તેમજ ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓ ઓછુ ભણેલા હોવાથી ઓનલાઈન કામગીરી કેવી રીતે પાર પાડવી તેની વિમાસણમાં છે. જેથી કર્મચારીઓના પગારમાં પણ વધારો કરવામાં આવે તે જરૂરી છે.

# લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ ખાતે યોજાયેલ વાલી સંમેલન



પાટણ

દિનાંક ૨ સપ્ટેમ્બર તથા ૨૭ ઓગસ્ટ રવિવારનાં રોજ લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ ખાતે ધોરણ ૯ અને ૧૦ નાં વિદ્યાર્થીઓનાં વાલી સાથે ચિંતનાર્થે વાલી મિટિંગનું આયોજન કરાયું. તેમાં વિશાળ સંખ્યામાં વાલી માતા- પિતા ઉપસ્થિત રહી પોતાનાં સૂચનો રજૂ કર્યા.

દિપ પ્રજવલન તથા પ્રાર્થનાથી શરૂ થયેલ આ કાર્યક્રમમાં શાળાની શૈક્ષણિક સહ શૈક્ષણિક વ્યવસ્થાઓનો આચાર્ય કિશોરભાઈ રામીએ અહેવાલ રજુ કર્યા. વાલીનાં પ્રશ્નોનું નિવારણ મેનેજીંગ ડિરેક્ટર અમિતભાઈ પટેલ તથા તમામ શિક્ષક મિત્રોએ કર્યું. વાલીમિટિંગનું આયોજનનું દાયિત્વ મિલનભાઈ વ્યાસે, સંચાલન અંજલીબેન બારોટે તથા આભારદર્શન જતીનભાઈ, કેતનભાઈ તથા પારસભાઈ પટેલે કર્યું.

# સાબરકાંઠામાં સ્વાઈન ફ્લૂથી હાંસલપુરની મહિલાનું મોત

## સ્વાઈન ફ્લૂના કુલ ૬૩ કેસ નોંધાયા

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લૂનો રોગચાળો બેહદ પ્રસરી રહ્યો છે.ત્યારે ગત શનિવારે હિંમતનગર તાલુકાના હાંસલપુર ગામની એક મહિલા દર્દીનુ સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતું.જિલ્લામાં અત્યાર સુધીમાં સ્વાઈન ફ્લૂના ૬૩ કેસ નોંધાયા છે.જે પૈકી ત્રણ કેસ ગત શનિવારના છે.જેઓને સારવાર અપાઈ રહી છે.

જિલ્લા આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર સાબરકાંઠા જિલ્લામાં રોગચાળો વકરી રહ્યો છે. ત્યારે તેના કારણે જિલ્લામાં ડેન્ગ્યુ, મેલેરીયા, તથા શરદી-તાવના દર્દીઓની સંખ્યા વધી રહી છે.જો કે રોગમાં સપડાયેલા દર્દીઓએ સમયસર સારવાર લીધી હોવાથી તંત્રને ચિંતા નથી.પરંતુ સ્વાઈન ફ્લૂના રોગે પોતાનો પરચો બતાવી દીધો છે.ત્યારે જિલ્લામાં અત્યાર સુધી સ્વાઈન ફ્લૂના ૬૩ કેસ નોંધાયા છે.

જે પૈકી ગત શનિવારે હિંમતનગરના હસનનગરની મહિલા ૫૦ વર્ષની મહિલા, મહેતાપુરાની ૩૦ વર્ષની મહિલા અને તલોદ તાલુકાના વાવ ગામની ૭૫ વર્ષની મહિલાનો સમાવેશ થાય છે.જ્યારે હિંમતનગર તાલુકાના હાંસલપુર ગામના

રમિલાબેન પ્રજાપતિ (ઉ.વ.૪૫) નું સ્વાઈન ફ્લૂથી ગત શનિવારે હિંમતનગર સિવિલમાં મોત થયું છે.આમ કુલ ૯ જણાના અત્યાર સુધી મોત થયા છે.

# ખેરાલુના લુણવા હાઈવે પર પૂર્વ અદાવત સંદર્ભે યુવક પર હુમલો

મહેસાણા

ખેરાલુ તાલુકાના લુણવા ગામે હાઈવે પર અગાઉની તકરારની અદાવતમાં યુવક પર પાઈપથી હુમલો કરી માર મારવામાં આવ્યો હતો. આ અંગે એક વ્યક્તિ વિરૂધ્ધ ખેરાલુ પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ હતી.

જાણવા મુજબ ખેરાલુના મંડાલી ગામના સુરેશભાઈ સાંકાભાઈ રાવળે લુણવાના મનુભાઈ ગણપતભાઈ વણકર સામે ગત શનિવારે ખેરાલુ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવેલ કે સુરેશભાઈ રાવળને આરોપી સાથે અગાઉ તકરાર થઈ હતી. તેની અદાવતમાં તા. ૨૮ ઓગસ્ટે આરોપીની રીક્ષામાં સુરેશભાઈ રાવળ જઈ રહ્યા હતા. ત્યારે લુણવા હાઈવે પર આરોપીએ તકરાર કરી પાઈપથી હુમલો કરી માર માર્યો હતો. જેથી ખેરાલુ પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે.

# રાધનપુરમાં શ્રી જલારામ શતબાવની પુસ્તિકાનું વિમોચન કરાયું



પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં કચ્છવાગડવાડી ખાતે શ્રી જલારામ સત્સંગ મંડળ દ્વારા તૈયાર કરાયેલી શ્રી જલારામ શતબાવની પુસ્તિકાનું સત્સંગમંડળના સદસ્યો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.આ ધર્મસભર પુસ્તિકામાં શ્રી જલારામ ચાલીસા ,ગણેશ વંદના, શ્રી જલારામશતબાવની, મોંઘા મોતીનો દાણો , ભાવ ગીત, જલારામ સ્તુતિ ,શાંતિપાઠ , જલારામ બાપાની આરતી , જલારામ બાપનો થાળ ,શ્રી રામ ભગવાનની સ્તુતિ, શ્રી હનુમાન ચાલીસા સહીત આરતીઓ અને ભજનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે ધર્મપ્રેમી જનતાને ખુબ જ પસંદ આવશે.

# સતલાસણાની હોસ્ટેલમાં શિક્ષકનો આપઘાત

મહેસાણા

સતલાસણા ગામની કોઠારી હાઈસ્કૂલની હોસ્ટેલના રૂમમાં શાળાના શિક્ષકે ગુરુવારે રાત્રે ગળે ટૂંપો ખાઈ આપઘાત કરવાની ઘટનાએ ચકચાર જગાવી છે. અગમ્ય કારણોસર શિક્ષકે આપઘાત કર્યાનું મનાય છે. પોલીસના મત મુજબ, શિક્ષકના આપઘાત પાછળ પારિવારિક સમસ્યા હોઈ શકે છે, તપાસ ચાલુ છે.

મૂળ ઊંઝા તાલુકાના ખળી ગામના અને હાલમાં મહેસાણા સ્થાયી થયેલા અમિતભાઈ પટેલ સતલાસણાની કે.એન.કોઠારી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. જ્યારે તેમના પત્ની બહુચરાજી તરફના ગામમાં શિક્ષિકા છે. કોઠારી હાઈસ્કૂલની હોસ્ટેલમાં અન્ય શિક્ષકો સાથે રહેતા અમિત પટેલે ગુરુવારે રાત્રે ૧૨ વાગ્યા બાદ કોઈ અગમ્ય કારણોસર રૂમમાં પંખાના હૂક સાથે કપડા સૂકવવાની નાયલોનની દોરી વડે ગળે ટૂંપો ખાઈ આપઘાત કર્યો હતો.

શુક્રવારે સવારે બાજુના રૂમમાંથી શિક્ષક સામાન લેવા ખુલ્લા દરવાજેથી રૂમમાં પ્રવેશતાં ચોંકી ગયા હતા. પંખા સાથે શિક્ષક અમિત પટેલને લટકતા જોઈ તેમણે શાળા સંચાલકને જાણ કરી હતી. ઘટના સ્થળે પહોંચેલા સતલા સણા પીએસઆઈ હડિયોલે લાશનું પોસ્ટ મોર્ટમ કરાવી હાલના તબક્કે અકસ્માતે મોત અન્વયે નોંધ કરી છે. મહેસાણા રહેતા અમીતભાઈના પિતાને ઘટનાની જાણ કરતાં જ તેઓ બનાવ સ્થળે દોડી ગયા હતા. અહીં હોસ્ટેલના રૂમમાં પુત્રને પંખે લટકતો જોઈ ચીસ પાડી ઉઠેલા વૃદ્ધે જીવનના આખરી પડાવમાં પુત્રએ સાથ છોડી દીધાનું કહીને ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડ્યા હતા.

# આગામી તા. ૬ થી ૧૫ સપ્ટેમ્બર-૧૭ સુધી જિલ્લામાં ત્રણ રથો દ્વારા ગામે ગામ નર્મદાના નાદની વાતો થશે



પાટણ

નવા સર્કીટ હાઉસ, પાટણ ખાતે મા નર્મદા મહોત્સવની બેઠક પાટણ જિલ્લાના પ્રભારી મંત્રી અને સામાજિક શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી કેશાજી ચૌહાણના અધ્યક્ષસ્થાનેયોજાઇ હતી. જેમાં સંસદીય સચિવ રણછોડભાઇ દેસાઇ, જિલ્લા કલેકટર આનંદ પટેલ,જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજ્યગુરૂ, જિલ્લા પોલીસ અધિક્ષકઅશ્વિન ચૌહાણ, નિવાસી અધિક કલેકટર બી.જી.પ્રજાપતિ સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસથિત રહયા હતા.આ બેઠકમાં સંસદીય સચિવ રણછોડભાઇ દેસાઇએ જણાવ્યું હતુ કે, પાટણજિલ્લામાં નર્મદા યોજના અને સુજલામ સુફલામ યોજના થકી ખેતીની તસ્વીર બદલાઇછે. જિલ્લાના ખેડૂતો બાગાયતી ખેતી તરફ વળ્યા છે. હજુ પણ વધારે ખેડૂતો વૈજ્ઞાનિકઢબે ખેતી કરતા થાય તે માટે નર્મદા રથ યાત્રામાં સફળ ખેડૂતોની વાર્તાઓ રજુ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે આગામી તા. ૬ સપ્ટેમ્બરથી શરૂ થનાર નર્મદા મહોત્સવ માટે સૌને કામે લાગવા પર ભાર મુક્યો હતો.પાટણ જિલ્લામાં તા. ૬ થી તા. ૧૫ સપ્ટેમ્બર-૨૦૧૭ સુધી માનર્મદા મહોત્સવની ત્રણ રથ દ્વારા ઉજવણી કરવામાં આવશે. જેમાં ઈવેન્ટ, ડોક્યુમેટરીફિલ્મો, ગાન, સાંસ્કૃતિક કાર્યક્રમો, ભજન, ગરબા અને ભવાઇ દ્વારા લોકો સુધી મા નર્મદાનાનીરના લાભોની વાત પ્રસ્તુત કરવામાં આવશે. પ્રથમ દિવસે પ્રથમ ગામમાં મા નર્મદાપૂજા અને આરતી કરાશે. સાથે સાથે બાઇક અને સાયકલ રેલીનું આયોજન કરવામાંઆવશે. શાળા કક્ષાએ પણ નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા યોજાશે.પાટણ જિલ્લામાં પાટણ ખાતે બગવાડા દરવાજાથી સવારે ૯.૦૦ કલાકે મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર મા નર્મદા રથ યાત્રા પ્રસ્થાન કરાવશે. બીજો રથ સવારે ૯.૦૦ કલાકે જિલ્લાના રાધનપુર ખાતેથી ધારાસભ્યશ્રી નાગરજી ઠાકોર પ્રસ્થાન કરાવશે. આ કાર્યક્રમમાં પાટણ સ્થિત આનંદ સરોવરને લાઈટીંગ થકી શોભાયમાન બનાવવામાં આવશે.

# શ્રી અખિલ ગુજરાત વાગડ લોહાણા સમાજના પ્રમુખ તરીકે વરણી


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરના વાગડ સમાજના અગ્રણી સામાજિક કાર્યકર, લોહાણા મહાપરિષદના વિશિષ્ઠ એવોર્ડથી સન્માનિત અને હાલ અખિલ ગુજરાત લોહાણા સમાજના મંત્રી તરીકે સેવા આપતા ધીરુભાઈ પરસોત્તમદાસ ઠક્કર ઘટ્ટા ( પંપવાળા) ની શ્રી અખિલ ગુજરાત વાગડ લોહાણા સમાજના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે.રવિવારે કચ્છ વાગડ વાડી ખાતે કચ્છ, મુંબઈ, અમદાવાદ અને આખા ગુજરાતના વાગડ સમાજના મોભીઓ અને લોકોની ઉપસ્થિતિમાં ધીરુભાઈ ઠક્કરને પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતીઅને અગ્રણીઓ દ્વારા તેમનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

# રાધનપુરની શ્રીરામ સેવા સમિતિના કેમ્પમાં આરોગ્ય મંત્રીની સેવા


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરની શ્રીરામ સેવા સમિતિ દ્વારા અંબાજી પગપાળા જતા યાત્રીઓ માટે જલોત્રા નજીક સેવા કેમ્પ ધમધમી રહ્યો છે,આ સેવાકૅમ્પની મુલાકાત લઈને આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ પદયાત્રીઓને ભોજન પ્રસાદ પીરસ્યો હતો , સમિતિના પ્રમુખ પ્રકાશભાઈદક્ષિણી તેમજ કાર્યકરોએ આરોગ્ય મંત્રીનો કૅમ્પની મુલાકાત લેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# અંબાજી ભાદરવી મેળો પરાકાષ્ઠાએ...






મા જગત જનનીના ધામ અંબાજીમાં ભાદરવી પુનમનો મેળો અંતિમ ચરણોમાં છે. ત્યારે અંબાજી ધામ માઈભકતોથી ઉભરાઈ ગયું છે. આજે મેળાનો છેલ્લો દિવસ હોઈ શ્રધ્ધાળુઓ માં ના દર્શન કરવા અધીરા બન્યા છે. મંદિરના ચાચરચોકમાં જામતા ગરબાઓનો અનેરો આનંદ હોય છે. માઈભકતો આજે મોડી રાત સુધી ગરબાની રમઝટ નિહાળશે. સાથે માતાજીના મુળ સ્થાનક ગબ્બર પર્વત પર પણ શ્રધ્ધાનો સાગર છલકાયેલો જોવા મળે છે.

## હડાદ પોલીસની પ્રશંસનીય કામગીરી

## છ દિવસથી ગુમ થયેલ કિશોરનું પરિવાર સાથે મિલન કરાવ્યું



સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજરની સુચનાથી તથા એ.આર.જનકાંત નાયબ પોલીસ અધિક્ષક પાલનપુર વિભાગ તેમજ એન.ડી.અસારી સર્કલ પો.ઈન્સ પાલનપુરના માર્ગદર્શન આધારે ભાદરવી પુનમ મેળા દરમિયાન સખત પેટ્રોલીગ અને તકેદારી રાખવા સુચના અપાઈ હતી. જે અનુસંધાને એસ.કે.પરમાર પો.સબ ઈન્સ હડાદ તથા એ.એસ.આઈ. સુરેશકુમાર ખુમાજી તથા અ.પો.કોન્સ. વિક્રમભાઈ કાનજીભાઈ તથા અ.પો.કોન્સ. સંજયકુમાર રામજીભાઈ તથા ડ્રા.પો.કોન્સ. દિનેશભાઈ રૂપાભાઈ વિગેરે પો.સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમિયાન મચકોડા ગામ પાસેથી એક અજાણ્યું બાળક શકમંદ હાલતમાં મળી આવતાં તેને પોલીસ મથકે લાવી પુછપરછ કરતાં તેનું નામ ગોપાલજી કથાજી ઠાકોર ઉ.વ.૧૫ રહે થરા તા.કાંકરેજ જી.બનાસકાંઠા વાળો હોવાનું જણાવેલ અને તે તા.૩૦/૮/૨૦૧૭ ના રોજ થરાથી મિત્રો સાથે અંબાજી આવવવા માટે નીકળેલ અને પાલનપુર આવતાં મિત્રોથી અલગ પડી ગયેલ અને પાલનપુરથી અંબાજી આવેલઅને ભુલો પડી ગયેલ જેના આધારે પોલીસે થરામાં

અનુસંધાન પાના નં.૬


## બેસણું



સ્વ.લેરીબેન મેંગાજી સુંદેશા
સ્વ.તા.૦૨-૦૯-૨૦૧૭

અમારા માતૃશ્રી ગં.સ્વ.લેરીબેન મેંગાજી સુંદેશાનું દુઃખદ અવસાન તા.૦૨-૦૯-૨૦૧૭ ને શનિવારના રોજ થયેલ છે. ભગવાનને ગમ્યું તે ખરૂ. સદ્‌ગતનું બેસણું તા.૦૬-૦૯-૨૦૧૭ ને બુધવારના રોજ સવારે ૯.૦૦ થી ૩.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : રાણપુર આ.વાસ, કમલ કોલ્ડ સ્ટોરેજ પાસે, રાણપુર રોડ, તા.ડીસા, જિ.બનાસકાંઠા

મો.૯૯૦૪૦ ૫૪૭૦૨, મો.૮૫૩૦૦ ૯૯૦૦૦

લિ.

અનિલભાઈ મેંગાજી સુંદેશા
ગલબાજી મેંગાજી સુંદેશા
(LIC એજન્ટ, ડીસા)
છગનભાઇ મેંગાજી સુંદેશા

રમેશભાઈ મેંગાજી સુંદેશા
(ડિરેક્ટર, તાલુકા સંઘ, ડીસા)
ભરતભાઇ મેંગાજી સુંદેશા
(રિપોર્ટર, ABP અસ્મિતા, રખેવાળ- બ.કાં.)
ઉત્તમ, હિતેશ, પ્રવિણ

ફર્મ : કમલ ટ્રેડિંગ કાું. - ડીસા, સોમનાથ ખાતર ડેપો - ડીસા



## શ્રધ્ધાંજલિ



સ્વ.લેરીબેન મેંગાજી સુંદેશા
સ્વ.તા.૦૨-૦૯-૨૦૧૭

સારા કર્મોની સુગંધ સદાય રહેશે, મીઠી વાણી તમારી હમેશા યાદ રહેશે, દેહ ભલે અદ્રશ્ય થયો હોય પણ તમારી યાદ સદાય અમારી સાથે રહેશે, આપના જીવનના આદર્શો અમારા માટે સતત પ્રેરણાદાયી બની રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.

કમલ કોલ્ડ સ્ટોરેજ પરિવાર
મુ.રાણપુર આ.વાસ, તા.ડીસા, જિ.બ.કાં.



## શ્રધ્ધાંજલિ



સ્વ.રૂગનાથભાઈ બાવાભાઈ ચૌધરી
(દુદાસણ)

આપનું દિવ્ય જીવન, ઉચ્ચ વિચારો, પ્રબળ પુરૂષાર્થ, ધાર્મિક અને પરોપકારી વૃત્તિ, લાગણીશીલ સ્વભાવ, કુટુંબ પ્રત્યેની ભાવના અને પ્રેરણાદાયી જીવન અમારા સૌના માટે માર્ગદર્શક બની રહેશે. આપના દિવ્ય આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

નોંધ : સ્વર્ગસ્થનું બેસણું સમાજના રીતરિવાજ મુજબ તા.૭/૯/૨૦૧૭ ને ગુરૂવારના રોજ દુદાસણ ખાતે રાખેલ છે.

લિ.

કિસાન ટ્રેક્ટર ગેરેજ એન્ડ પાર્ટસ
ચૌધરી કરશનભાઈ બાવાભાઈ - દુદાસણ (ભાઈ)
ચૌધરી વેલાભાઈ ભગવાનભાઈ - ચીમનગઢ (સાળા)
ઠાકોર ભૂરાજી ભલાજી - દુગરાસણ (કારીગર)
દિયોદર ત્રણ રસ્તા, થરા, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા


## મહાત્મા જયોતિરાવ ફૂલે એજ્યુકેશન ટ્રસ્ટ, ડીસા દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

મહાત્મા જયોતિરાવ ફૂલે એજ્યુકેશન ટ્રસ્ટ, ડીસા બનાસકાંઠા દ્વારા સમાજનાં તેજસ્વી તારલાઓનું સન્માાન સમારોહ આગામી ૨-જી ઓક્ટોબરનાં રોજ રાખવામાં આવેલ છે. તો માર્ચ ૨૦૧૭ માં લેવાયેલ ધોરણ ૧૦ માં બહેનો ૬૫ ટકા અને ભાઈઓ ૭૫ ટકા, ધોરણ ૧૨ માં સામાન્ય પ્રવાહમાં બહેનો ૬૦ ટકા અને ભાઈઓ ૭૦ ટકા, વિજ્ઞાનપ્રવાહમાં બહેનો ૫૫ ટકા અને ભાઈઓ ૬૫ ટકા તેમજ સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમાં, પી.ટી.સી. વગેરે માં ૬૦ ટકા ગુણ મેળવેલ હોય તેવા ભાઈઓ, બહેનોએ પોતાની માર્કશીટની પ્રમાણીત નકલ સરનામા અને મોબાઈલ નંબર સહિત નીચેના સરનામે તારીખ ૧૫-૯-૨૦૧૭ સુધીમાં મોકલવાની રહેશે. માળી બાબુલાલ ગીગાજી (પ્રમુખશ્રી), માળી નવીનકુમાર ગોરધનજી, માળી મફતલાલ પ્રતાપજી, માળી મહેશકુમાર ભીમાજીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. મહાત્મા જયોતિરાવ ફૂલે એજ્યુકેશન ટ્રસ્ટ, ડીસાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

સરનામુ : જી.જી.માળી વિદ્યાસંકુલ,
કાંટ રોડ, ડીસા
મો.૯૮૨૪૦૩૮૨૭૫ (બાબુલાલ જી. માળી)
મો.૯૮૨૫૦૨૩૧૭૫ (નવીનભાઈ માળી)
મો.૯૪૨૮૫૫૯૪૫૨ (એમ.પી.માળી)
મો.૯૯૭૮૮૩૦૫૬૩ (મહેશભાઈ બી. માળી)

**મોકલાવવાનું સ્થળ**
મહાત્મા જયોતિરાવ ફૂલે
એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
જી.જી.માળી વિદ્યાસંકુલ,
કાંટ રોડ, ડીસા
તા.ડીસા, જિ.બનાસકાંઠા


